# અનુ.જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ તથા કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ/ટ્રેઈની પાઈલોટ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓનો અભ્યાસ

અહેવાલ લેખન :
દેવચંદભાઈ વહોનિયા

સંકલન :
ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય
નિયામક
આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૪૭૮
ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

વર્ષ : ૨૦૧૩-૧૪

# અનુ.જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ તથા કોમર્શીયલ પાઈલોટ લાયસન્સ/ટ્રેઈની પાઈલોટ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓનો અભ્યાસ


અહેવાલ લેખન :

દેવચંદભાઈ વહોનિયા

સંકલન :

ડૉ.ચંદ્રકાન્ત ઉપાધ્યાય

નિયામક

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર



આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર ૪૭૮

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૧૪

વર્ષ : ૨૦૧૩-૧૪

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પેજ નં. |
|---|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | | ૧ થી ૨ |
| ૨. | પ્રકરણ-૧ | અનુ. જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ તથા કોમર્શિયલ પાઈલોટ લાયસન્સ/ ટ્રેઈની પાઈલોટ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓની કૌટુંબિક સ્થિતિ | ૩ થી ૩૦ |
| ૩. | પ્રકરણ-૨ | અનુસૂચિત જનજાતિના વિદેશ જતા અને પાઈલોટ ટ્રેનીંગ કરતા વિદ્યાર્થીઓની યોજના સંબંધી સ્થિતિ | ૩૧ થી ૫૩ |
| ૪. | પ્રકરણ-૩ | અભ્યાસના તારણો અને સૂચનો | ૫૪ થી ૬૦ |
| ૫. | પરિશિષ્ટ-૧ | અનુસૂચિત જનજાતિના વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની યાદી | ૬૧ થી ૬૩ |
| ૬. | પરિશિષ્ટ-૨ | અનુસૂચિત જનજાતિના કોમર્શિયલ પાઈલોટ ટ્રેનીંગ કરતા વિદ્યાર્થીઓની યાદી | ૬૪ |
| ૭. | પરિશિષ્ટ-૩ | સરકારી પરિપત્રો | |

**પ્રસ્તાવના :**

આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટેના કેન્દ્ર અને રાજય સરકારના વિવિધ પ્રયત્નોથી આદિજાતિ વિસ્તારોમાં વિકાસના ફળો જોવા મળે છે. વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિના કારણે સરકારશ્રી દ્વારા અવનવા વિકાસ કાર્યોનું અમલીકરણ કરીને આદિવાસી લોકોને અને સમગ્ર આદિજાતિ વિસ્તારનો વિકાસ કરવા માટે સરકાર દ્વારા જે તે વિસ્તારને અનુકૂળ તેવી વિકાસ યોજનાઓનું અમલીકરણ કરવામાં આવે છે. છેલ્લા કેટલાક દાયકાઓથી આદિજાતિ વિસ્તારોમાં સર્વાંગી વિકાસનું મહત્વનું પરિબળ શિક્ષણ બનતું જાય છે. શિક્ષણના પ્રસાર-પ્રચારથી સમગ્ર આદિજાતિ વિસ્તારોમાં આદિવાસીઓને સરકારી, બિનસરકારી નોકરીઓ કે કુશળ કારીગર બનાવવામાં શિક્ષણ મહત્વનું પરિબળ સાબિત થયું છે. ત્યારે પ્રવર્તમાન સમયમાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણ પર સરકારે વધુ ઝોક આપવા માટે ઉચ્ચ શિક્ષણમાં 'ગુણવત્તાયુક્ત શિક્ષણ' ના મુદ્દાને વનબંધુ કલ્યાણ યોજનામાં આવરી લઈ તેના વિવિધ આયામો સર કરવા માટે આદિવાસી વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણ સંબંધી યોજનાઓ, અમલમાં મુકી છે. જેથી શિક્ષણના બહોળા પ્રચારની સાથે સાથે તે શિક્ષણ ગુણવત્તાવાળુ બને, રોજગારલક્ષી બને, બલ્કે આધુનિક શિક્ષણથી સજ્જ તેવા આદિવાસી વિદ્યાર્થીઓ હિંમત અને ગૌરવભેર ઉચ્ચ શિક્ષણના માધ્યમથી સારી કારકિર્દી વિકસાવી ઉજ્જવળ ભવિષ્ય બનાવે તેવી સરકારની નેમ રહી છે. તે માટે સરકાર દ્વારા આવશ્યક નાણાકીય જોગવાઈ કરે છે. તેમજ તેવી યોજનાઓના અમલ માટે આદિવાસી વિદ્યાર્થીઓને અનુકૂળ રહે તેવી અમલીકરણ પ્રક્રિયા પણ સરકાર આદિજાતિ વિસ્તારોમાં ગોઠવે છે.

આદિવાસી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત તથા ઉચ્ચ શિક્ષણ મેળવવામાં પોતાની નબળી આર્થિક સ્થિતિ અંતરાયરૂપ ન બને તે માટે સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓનો લાભ આદિવાસી વિદ્યાર્થીઓને મળતો થયો છે. તેમાં સૌથી મહત્વની ગણાતી યોજનાઓ આદિવાસી વિદ્યાર્થીઓને સર્વોચ્ચ કારકિર્દી માટે ખૂબ જ મહત્વની ગણાય છે. જેમાં (૧) અનુ. જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવાની યોજના તથા (૨) અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સ / ટ્રેઈની પાઈલોટની તાલીમ માટે નાણાકીય સહાય આપવી. આ બન્ને યોજનાઓ આદિવાસી વિદ્યાર્થીઓ માટે સોનેરી કારકિર્દી ઉપલબ્ધ કરાવવાના ઉમદા હેતુ સાથે અમલીકરણમાં છે.

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ) ના ઠરાવ ક્રમક - પી.એમ.એસ.-૧૦૯૯-ન.બા.-૪૫-ગ, સચિવાલય, ગાંધીનગર તા. ૧૭-૧૧-૨૦૦૦ના આ ઠરાવથી ''અનુ. જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન આપવા બાબત''. આ ઠરાવ અન્વયે આદિવાસી વિદ્યાર્થીઓ કે જે તેજસ્વી કારકિર્દી ધરાવતા હોય અને તેઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છતા હોય પરંતુ તેઓની નબળી આર્થિક

પરિસ્થિતિના કારણે આવા વિદ્યાર્થીઓ વિદેશ અભ્યાસમાં જઈ ન શકે તેવા આદિજાતિ વિદ્યાર્થીઓને ઉક્ત ઠરાવથી નાણાંકીય મદદ લોનના સ્વરૂપમાં સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા આપવામાં આવે છે. આ ઠરાવમાં આદિજાતિ વિદ્યાર્થીને નાણાંકીય લોન આપવાની જોગવાઈઓ અને કેટલીક શરતો વખતો વખતના સરકારશ્રીના સુધારા-વધારા સાથે વર્ષ-૨૦૦૭ના ઠરાવમાં દર્શાવેલ છે તદ્ઉપરાંત જે અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાઈલોટ બનવું હોય તેવા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ માટે કોમર્શીયલ પાયલોટ લાયસન્સ/ટ્રેઈની પાઈલોટ તાલીમ માટે નાણાંકીય સહાય આપવાની યોજના ગુજરાત સરકારના આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૧૦૯/૭૯૯-૮૦૦/ઘ સચિવાલય, ગાંધીનગરના તા. ૧-૭-૧૯૯૨ અન્વયે અમલમાં મૂકેલ છે. આ ઠરાવની જોગવાઈઓ અને શરતોને આધિન આદિજાતિના વિદ્યાર્થીઓને નાણાંકીય સહાય આપવામાં આવે છે.

ઉપરોક્ત બન્ને યોજનાઓનું અમલીકરણ કમિશનરશ્રી આદિજાતિ વિકાસ વિભાગના અનુ. જનજાતિ નિગમ ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. છેલ્લા કેટલાક વર્ષોથી આ યોજનાનું અમલીકરણ કરીને અનુ. જનજાતિના વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ આપીને આદિજાતિ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસમાં અને કોમર્શીયલ પાઈલોટ ટ્રેનિંગ માટે નાણાંકીય લાભ આપવામાં આવેલ છે. કાર્યપાલક નિયામકશ્રી ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનના પત્ર ક્રમંક નં વનસ/જનરલ/વિદેશ અભ્યાસલોન/૨૦૦૪/વશી-૩૯૧૮ તા. ૬-૧૦-૧૦ના પત્ર દ્વારા આ બન્ને યોજનાઓના લાભાર્થી તેવા અનુ. જનજાતિના વિદ્યાર્થીઓની યાદી મોકલી આપેલ અને બન્ને યોજનાઓના લાભાર્થી વિદ્યાર્થીઓનો અભ્યાસ કરી આ યોજનાના હેતુસર નાણાંનો ઉપયોગ થાય છે કે કેમ ? આદિજાતિના વિદ્યાર્થીઓને આ યોજના કેટલી ઉપયોગી નિવડી છે તેમાં કંઈ સુધારા-વધારા કરવાની આવશ્યકતા છે કે કેમ ? તથા સમગ્રતય યોજનાના લાભા-લાભ અંગે તપાસ કરવાની સૂચના અન્વયે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા ઉપરોક્ત બન્ને યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓનો મૂલ્યાંકન-અભ્યાસ કરવામાં આવેલ છે.

આ બન્ને યોજનાઓના મૂલ્યાંકન અભ્યાસ માટે સૌ પ્રથમ આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગરથી લાભાર્થી વિદ્યાર્થીઓની યાદી મેળવેલ છે, ત્યાર બાદ આ વિદ્યાર્થીઓના અભ્યાસ માટે એક અનુસૂચિ તૈયાર કરવામાં આવેલ છે. આ અનુસૂચિને બે ભાગમાં વહેંચવામાં આવેલ છે. ભાગ-૧માં વિદ્યાર્થીની સામાન્ય માહિતી જેમાં તેની કૌટુંબિક માહિતી, સામાજિક, આર્થિક માહિતી મેળવવા માટેના પ્રશ્નો સાંકળવામાં આવેલ છે, જ્યારે ભાગ-૨ માં યોજનાકીય માહિતી મેળવવાના પ્રશ્નો સાંકળવામાં આવ્યા છે. જેમાં આ યોજનાનો લાભ મેળવવાથી માંડીને છેલ્લે તે કેટલી મદદરૂપ બની તેમાં પડતી મુશ્કેલીઓ, અનુભવો, લાભાર્થીઓના પ્રતિભાવો અને સૂચનોનો સમાવેશ કરતા પ્રશ્નો સાંકળવામાં આવેલ હતા. આ અનુસૂચિ આધારે આ બન્ને યોજનાઓના લાભાર્થી વિદ્યાર્થીઓનો રૂબરૂ સંપર્ક કરીને માહિતી મેળવવામાં આવેલ છે તે આધારે પ્રસ્તુત અભ્યાસ અહેવાલ કરવામાં આવેલ છે.

## પ્રકરણ-૧

અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ પોતાની તેજસ્વી કારકિર્દીના ઘડતર માટે અભ્યાસના માધ્યમથી ઉચ્ચ કારકિર્દીના શિખરો સર કરે તે હેતુથી સરકારશ્રીના આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ''તેજસ્વી કારકિર્દી ઘડતર માટે ઉચ્ચ અભ્યાસ કરવા વિદેશમાં જતા આદિવાસી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને આર્થિક સહાય'' તેમજ ''કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ મેળવતા આદિવાસીઓને લોન સહાય'' અંગેની યોજનાઓ અંતર્ગત નાણાંકીય લોન સહાય આપવામાં આવી છે. સરકારશ્રીના આ યોજનાના અમલીકરણ પાછળના ઉમદા હેતુને બર લાવવા માટે ઉપરોક્ત બન્ને યોજનાઓનો લાભ જે આદિજાતિ વિદ્યાર્થીઓએ મેળવ્યો છે તેવા ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જનારા કુલ-૭૫ વિદ્યાર્થીઓ, જ્યારે કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ મેળવતા કુલ-૧૧ આદિજાતિ વિદ્યાર્થીઓને પ્રસ્તુત અભ્યાસમાં સાંકળવામાં આવ્યા છે. આ અભ્યાસની પ્રસ્તાવનામાં દર્શાવ્યા મુજબ પ્રસ્તુત અભ્યાસ ઉપરોક્ત બન્ને યોજનાઓના લાભાર્થી એવા આદિજાતિ વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખીને કરવામાં આવ્યો છે. આ અભ્યાસના પ્રકરણ-૧માં ઉપરોક્ત દર્શાવ્યા મુજબની બન્ને યોજનાઓના લાભાર્થી વિદ્યાર્થીઓની પ્રાથમિક, કૌટુંબિક, સામાજિક, આર્થિક અને વ્યાવસાયિક સ્થિતિ અંગે સંકલન કરેલ માહિતીનો અભ્યાસ કરી અહેવાલ પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની કૌટુંબિક માહિતી કોષ્ટક નં.૧.૧ થી કોષ્ટક નં.૧.૧૬.૩ પર દર્શાવેલ છે. જ્યારે કોમર્શિયલ પાઈલોટના લાભાર્થી વિદ્યાર્થીઓની યોજના વિષયક માહિતી કોષ્ટક નં.૧.૧૭ થી કોષ્ટક નં.૧.૩૮ પર દર્શાવવામાં આવી છે.

તેજસ્વી કારકિર્દીના ઘડતર માટે ઉચ્ચ અભ્યાસ કરવા વિદેશ જતા આદિવાસી વિદ્યાર્થીઓ અને કોમર્શિયલ પાઈલોટની ટ્રેનિંગ મેળવતા આદિવાસી વિદ્યાર્થીઓની કૌટુંબિક માહિતી, તેઓનું મૂળવતન, સામાજિક સ્થિતિ, કુટુંબના સભ્યો, માતા-પિતાની શૈક્ષણિક લાયકાત, તેઓના માતા-પિતાઓની વ્યવસાયિક સ્થિતિ, આ વિદ્યાર્થીઓના કુટુંબની આર્થિક સ્થિતિ જેમાં કુટુંબની વાર્ષિક આવકનો મુખ્ય સ્ત્રોત શું છે ? તે સિવાય કુટુંબમાં અન્ય કેટલા ભાઈ-બહેનોનો કેવા પ્રકારનો અભ્યાસ ચાલુ છે તે અંગેની માહિતી મેળવીને તે આધારે લાભાર્થીની આર્થિક, સામાજિક, શૈક્ષણિક સ્થિતિનું આંકલન કરવામાં આવ્યું છે. જેથી અનુ.જનજાતિના આ વિદ્યાર્થીઓની ઉપરોકત સામાજિક-આર્થિક

અને શૈક્ષણિક સ્થિતિનો ખ્યાલ આવશે. જેથી પ્રસ્તુત અહેવાલમાં અભ્યાસ આધારે સ્પષ્ટતા થશે કે ચોક્કસ પ્રકારના સામાજીક, આર્થિક અને શૈક્ષણિક વાતાવરણમાં ઉછેર થયેલ વિદ્યાર્થીને પોતાની તેજસ્વી કારકિર્દીના ઘડતર કરવા તે કેટલી ઉપયોગી બને છે કે કેમ ? અથવા તો ઉપરોક્ત ચોક્કસ પ્રકારની સ્થિતિના કારણે વિદ્યાર્થીને તેજસ્વી કારકિર્દી વિકસાવવામાં કોઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે કે કેમ ? વિગેરે બાબતો પ્રકરણ-૧માં સાંકળેલ બાબતોથી જ્ઞાત થશે.

### ૧. વિદેશમાં અભ્યાસ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓની કૌટુંબિક સ્થિતિ

કોષ્ટક નં.૧.૨

વિદ્યાર્થીઓનો મૂળવતનનો જિલ્લો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | જિલ્લો | વિ. સંખ્યા | ટકા |
|---|---|---|---|
| ૧ | જૂનાગઢ | ૧ | ૧.૩૩ |
| ૨ | ડાંગ | ૧ | ૧.૩૩ |
| ૩ | ભાવનગર | ૧ | ૧.૩૩ |
| ૪ | પાટણ | ૧ | ૧.૩૩ |
| ૫ | આણંદ | ૧ | ૧.૩૩ |
| ૬ | ભરૂચ | ૩ | ૪.૦૦ |
| ૭ | નર્મદા | ૩ | ૪.૦૦ |
| ૮ | તાપી | ૧૧ | ૧૪.૬૭ |
| ૯ | નવસારી | ૧૦ | ૧૩.૩૪ |
| ૧૦ | વડોદરા | ૯ | ૧૨.૦૦ |
| ૧૧ | ગાંધીનગર | ૮ | ૧૦.૬૭ |
| ૧૨ | દાહોદ | ૩ | ૪.૦૦ |
| ૧૩ | પંચમહાલ | ૧ | ૧.૩૩ |
| ૧૪ | વલસાડ | ૯ | ૧૨.૦૦ |
| ૧૫ | સુરત | ૫ | ૬.૬૭ |
| ૧૬ | અમદાવાદ | ૮ | ૧૦.૬૭ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટક નં. ૧.૨માં દર્શાવેલ વિગતો અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ જે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા છે. તેઓના મૂળ વતનનો જિલ્લો બતાવવામાં આવ્યો છે તે મુજબ કુલ ૭૫ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ૧૧ (૧૪.૬૭ ટકા) વિદ્યાર્થીઓ તાપી જિલ્લાના, ૧૦ (૧૩.૩૪ ટકા) વિદ્યાર્થીઓ નવસારી જિલ્લાના, ૯ (૧૨.૦૦ ટકા) વિદ્યાર્થીઓ વડોદરા જિલ્લાના, ૯ (૧૨.૦૦ ટકા) વિદ્યાર્થીઓ વલસાડ જિલ્લાના તદ્‌ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગર બન્ને જિલ્લાના આઠ-આઠ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે તે ઉપરાંત અનુક્રમે સુરત, દાહોદ, નર્મદા, ભરૂચ, જૂનાગઢ, ડાંગ, ભાવનગર, પાટણ, આણંદ અને પંચમહાલ એમ કુલ ૧૬ જિલ્લામાંથી કુલ ૭૫ અનુ. જનજાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા છે.

ઉપરોક્ત કોષ્ટક પરથી સ્પષ્ટ જણાય છે કે દક્ષિણ ગુજરાતના તાપી, નવસારી અને વલસાડ એમ ત્રણ જિલ્લામાંથી સૌથી વધુ ૩૦ (૪૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં ગયા છે. જે ઉચ્ચ અભ્યાસ માટેની જાગૃતિ, વિદ્યાર્થીઓનો રસ તેમજ સારી આર્થિક પરિસ્થિતિ સૂચવે છે.

**કોષ્ટક નં.૧.૩**

**વિદ્યાર્થીઓની ઉંમર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૨૦ વર્ષ થી ૨૫ વર્ષ | ૩૪ | ૪૫.૩૪ |
| ૨ | ૨૬ વર્ષ થી ૩૦ વર્ષ | ૩૧ | ૪૧.૩૩ |
| ૩ | ૩૧ વર્ષ થી ૩૫ વર્ષ | ૯ | ૧૨.૦૦ |
| ૪ | ૩૬ વર્ષ થી ૪૦ વર્ષ | ૧ | ૧.૩૩ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

વિદ્યાર્થીઓની ઉંમર કોષ્ટક નં. ૧.૩ માં દર્શાવવામાં આવી છે. તે પરથી જણાય છે કે કુલ ૭૫ વિદ્યાર્થીઓ પૈકી ૩૪ (૪૫.૩૪ ટકા) વિદ્યાર્થીઓ ૨૦ થી ૨૫ વર્ષની ઉંમરના છે, જ્યારે ૩૧ (૪૧.૩૩ ટકા) વિદ્યાર્થીઓ ૨૬ થી ૩૦ વર્ષની ઉંમર ધરાવે છે, તેમજ ૯ (૧૨.૦૦ ટકા) વિદ્યાર્થીઓ ૩૧ થી ૩૫ વર્ષની વયજૂથના છે, જ્યારે ૧ વિદ્યાર્થી ૩૬ થી ૪૦ વર્ષની વયજૂથમાં સમાવિષ્ઠ છે તે જોતાં સ્પષ્ટ થાય છે કે અનુ. જનજાતિના જે વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા છે તે પૈકી મોટા ભાગના એટલે કે કુલ-૬૫ (૮૬.૦૦ ટકા) વિદ્યાર્થીઓ ૨૦ થી ૩૦ વર્ષની વયજૂથના છે. જે ઉચ્ચ અભ્યાસ દ્વારા તેજસ્વી કારકિર્દી મેળવવા માટેની ધગશવાળા જોવા મળે છે.

કોષ્ટક નં.૧.૪

વિદ્યાર્થીઓની વિદેશમાં અભ્યાસની વિદ્યાશાખા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ફાર્મસી સર્વિસ | ૧ | ૧.૩૩ |
| ૨ | એમ.બીબીએસ | ૩૨ | ૪૨.૬૮ |
| ૩ | બી ટી ટી | ૧ | ૧.૩૩ |
| ૪ | ડિપ્લોમા હોસ્પિટાલીટી | ૨ | ૨.૬૮ |
| ૫ | એ. સી એ | ૧ | ૧.૩૩ |
| ૬ | ડી. બી. એમ | ૨ | ૨.૬૮ |
| ૭ | એમ. એસ. સી | ૪ | ૫.૩૫ |
| ૮ | એમ. બી એ | ૭ | ૯.૩૫ |
| ૯ | ડિપ્લોમા એન્જિનિયરિંગ | ૧ | ૧.૩૩ |
| ૧૦ | ડી સી | ૧ | ૧.૩૩ |
| ૧૧ | ઇ. સી. ડી. એ. આઇ | ૧ | ૧.૩૩ |
| ૧૨ | ડી. ઇ. સી | ૧ | ૧.૩૩ |
| ૧૩ | ડી બી. એ | ૧ | ૧.૩૩ |
| ૧૪ | એમ. ઇ | ૧ | ૧.૩૩ |
| ૧૫ | ડી. એ. એફ. બી બી | ૧ | ૧.૩૩ |
| ૧૬ | બી. આઇ. ટી | ૧ | ૧.૩૩ |
| ૧૭ | કોમ્પ્યુટર સાયન્સ | ૨ | ૨.૬૮ |
| ૧૮ | ઇ. ઇ. સી | ૧ | ૧.૩૩ |
| ૧૯ | ડી આઇ. ટી | ૧ | ૧.૩૩ |
| ૨૦ | એમ. કોમ | ૧ | ૧.૩૩ |
| ૨૧ | બી ડી. આઇ. ટી | ૧ | ૧.૩૩ |
| ૨૨ | બી. એસ. સી | ૧ | ૧.૩૩ |
| ૨૩ | આઇ. ટી | ૧ | ૧.૩૩ |
| ૨૪ | બી ઇ. એમ. ઇ | ૧ | ૧.૩૩ |
| ૨૫ | ડી એચ. એમ | ૧ | ૧.૩૩ |
| ૨૬ | પીએચ.ડી | ૧ | ૧.૩૩ |
| ૨૭ | બી.એફ.ડી.એમ.એ | ૧ | ૧.૩૩ |
| ૨૮ | સી આઇ.એસ | ૧ | ૧.૩૩ |
| ૨૯ | એ. ડી. એમ. એચ | ૧ | ૧.૩૩ |
| ૩૦ | પી. એ. ડી. એમ. | ૧ | ૧.૩૩ |
| ૩૧ | એમ. ડી ઇ. બી | ૧ | ૧.૩૩ |
| ૩૨ | આઇ. કે. ટી | ૧ | ૧.૩૩ |
|  | કુલ | ૭૫ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક નં.૧.૪ માં વિદ્યાર્થીઓ વિદેશમાં કઈ વિદ્યાશાખામાં અભ્યાસ કરે છે તેની વિગત દર્શાવવામાં આવી છે. તે જોતાં સૌથી વધુ ૩૨ (૪૨.૬૭ ટકા) વિદ્યાર્થીઓ MBBS માં અભ્યાસ કરે છે તથા ૭ (૯.૩૪ ટકા) વિદ્યાર્થીઓ MBA નો અભ્યાસ કરે છે તે સિવાય ૪ (૫.૩૪ ટકા) વિદ્યાર્થીઓ M.Sc. ના અભ્યાસમાં જોડાયેલ છે. ઉપરોક્ત વિગતોથી જણાય છે કે મેડિકલ શાખામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તે સિવાય કુલ૩૦ જેટલી વિવિધ વિદ્યાશાખાઓમાં આ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

કોષ્ટક નં.૧.૫

વિદ્યાર્થીઓની પેટા જાતિ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | હિન્દુ ઢોડિયા પટેલ | ૨૧ | ૨૮.૦૦ |
| ૨ | હિન્દુ ગામિત | ૯ | ૧૨.૦૦ |
| ૩ | હિન્દુ ડુંગરી ગરાસીયા | ૮ | ૧૦.૬૭ |
| ૪ | હિન્દુ ભીલ | ૧૧ | ૧૪.૬૭ |
| ૫ | હિન્દુ ચૌધરી | ૧૪ | ૧૮.૬૭ |
| ૬ | હિન્દુ પટેલીયા | ૨ | ૨.૬૬ |
| ૭ | હિન્દુ કોંકણા | ૩ | ૪.૦૦ |
| ૮ | હિન્દુ વસાવા | ૪ | ૫.૩૪ |
| ૯ | હિન્દુ કોકણી | ૧ | ૧.૩૩ |
| ૧૦ | હિન્દુ હળપતિ | ૧ | ૧.૩૩ |
| ૧૧ | હિન્દુ રબારી | ૧ | ૧.૩૩ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટક નં. ૧.૫ માં દર્શાવિલ વિગતો મુજબ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયેલા આદિજાતિ વિદ્યાર્થીઓ કઈ કઈ પેટાજાતિના છે તે દર્શાવવાનો પ્રયત્ન કર્યો છે. તે મુજબ કુલ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ૨૧ (૨૮.૦૦ ટકા) વિદ્યાર્થીઓ ધોડિયા પટેલ જાતિના છે તે પછી ૧૪ (૧૮.૬૭ ટકા) વિદ્યાર્થીઓ ચૌધરી જાતિના ત્યારબાદ ૧૧ (૧૪.૬૭ ટકા) વિદ્યાર્થીઓ ભીલ જાતિના, ૯ (૧૨.૦૦ ટકા) વિદ્યાર્થીઓ ગામિત જાતિના, ૮ વિદ્યાર્થીઓ ડુંગરી ગરાસીયા પછીથી અનુક્રમે ૪ વિદ્યાર્થીઓ વસાવા, ૩ વિદ્યાર્થીઓ કોકણા, ૨ વિદ્યાર્થીઓ પટેલીયા અને એક-એક વિદ્યાર્થી કોંકણી, હળપતિ અને રબારી (નેશના) નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત વર્ગીકરણથી સ્પષ્ટ થાય છે કે ગુજરાતની ૨૫ આદિજાતિઓ પૈકી ધોડિયા પટેલ જાતિમાં શિક્ષણ અને આર્થિક સ્થિતિ બન્નેનું પ્રમાણ અન્ય આદિજાતિઓ કરતાં વધુ સારુ હોઈ પ્રસ્તુત અભ્યાસ દ્વારા પણ તેમ જોવા મળે છે તથા ચૌધરી જાતિમાં પણ ધોડિયા પટેલ જાતિને લગોલગ શિક્ષણ અને આર્થિક સ્થિતિ લગભગ સમાન જેવું છે. તે સાથે સમગ્ર ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં દક્ષિણ ગુજરાતના આદિવાસીઓ આ યોજનાનો સારો લાભ ઉઠાવી રહ્યાનું પણ સ્પષ્ટ રીતે જણાય છે. જેથી સરકારશ્રીની આવી શૈક્ષણિક કારકિર્દી વિકસાવવાની મહત્વની યોજનાઓનો તેઓ વધુ લાભ લે તે સ્વાભાવિક છે.

કોષ્ટક નં.૧.૬

વિદ્યાર્થીના પિતાનો અભ્યાસ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ધોરણ- ૪ | ૧ | ૧.૩૩ |
| ૨ | ધોરણ- ૭ | ૩ | ૪.૦૦ |
| ૩ | ધોરણ- ૮ | ૧ | ૧.૩૩ |
| ૪ | ધોરણ- ૯ | ૧ | ૧.૩૪ |
| ૫ | ધોરણ- ૧૦ | ૫ | ૬.૬૭ |
| ૬ | ધોરણ- ૧૧ | ૧ | ૧.૩૩ |
| ૭ | ધોરણ- ૧૨ | ૯ | ૧૨.૦૦ |
| ૮ | પી ટી સી | ૨ | ૨.૬૭ |
| ૯ | એ. ટી. ડી | ૧ | ૧.૩૩ |
| ૧૦ | ડિપ્લોમા | ૩ | ૪.૦૦ |
| ૧૧ | એસ. વાય. બી.એ | ૧ | ૧.૩૩ |
| ૧૨ | બી. એ | ૧૪ | ૧૮.૬૭ |
| ૧૩ | બી કોમ | ૫ | ૬.૬૭ |
| ૧૪ | બી. એસ. સી | ૨ | ૨.૬૭ |
| ૧૫ | બી આર. એસ | ૧ | ૧.૩૩ |
| ૧૬ | બી ઇ | ૩ | ૪.૦૦ |
| ૧૭ | એન્જિનિયરિગં | ૧ | ૧.૩૩ |
| ૧૮ | એમ. બી. બી એસ | ૪ | ૫.૩૪ |
| ૧૯ | બી. એ, બી. એડ્ | ૩ | ૪.૦૦ |
| ૨૦ | બી. એસ. સી, બી એડ્ | ૧ | ૧.૩૩ |
| ૨૧ | એમ. એ | ૩ | ૪.૦૦ |
| ૨૨ | એમ. કોમ | ૧ | ૧.૩૩ |
| ૨૩ | એમ. એસ. સી | ૨ | ૨.૬૭ |
| ૨૪ | એલ. એલ. બી. | ૩ | ૪.૦૦ |
| ૨૫ | એમ. એ, બી. એડ્ | ૧ | ૧.૩૩ |
| ૨૬ | ડી. એમ. એમ. એફ. ડબલ્યું . પી. | ૧ | ૧.૩૩ |
| ૨૭ | જવાબ મળેલ નથી/ પિતા મૃત્યુ પામેલ છે. | ૨ | ૨.૬૭ |
|  | કુલ | ૭૫ | ૧૦૦ % |

વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના માતા-પિતાના અભ્યાસની વિગતો કોષ્ટક નં.૧.૬ અને ૧.૬.૧ પર દર્શાવવામાં આવી છે તે જોતાં જણાય છે કે મોટાભાગના ૧૯ (૨૫.૩૪ ટકા) વિદ્યાર્થીઓના પિતા બી.એ. તથા બી.કોમ (ગ્રેજ્યુએટ) થયેલા છે, ૯ (૧૨.૦૦ ટકા) વિદ્યાર્થીઓના પિતા ધો.૧૨ સુધી ભણેલા છે, કેટલાક વિદ્યાર્થીઓના પિતા એમ.બી.બી.એસ., ડિગ્રી અને ડિપ્લોમાં એન્જિનિયરીંગ, એલ.એલ.બી., બી.એસ.સી.,બી.એડ્, એમ.એ.બી.એડ્. જેવી ઉચ્ચ લાયકાત ધરાવતા હોવાનું જણાય છે. આ વિદ્યાર્થીઓની માતાઓના અભ્યાસ પણ જોવા પ્રયાસ કરતા મળેલ માહિતી મુજબ કુલ ૧૬ (૨૧.૩૪ ટકા) વિદ્યાર્થીઓની માતાઓ બી.એ. અને બી.કોમ. (ગ્રેજ્યુએટ) છે, જ્યારે ૯ (૧૨.૦૦ ટકા) વિદ્યાર્થીઓની માતા પી.ટી.સી.નો અભ્યાસ કરેલ છે. તે ઉપરાંત આ વિદ્યાર્થીઓની માતાઓના અભ્યાસમાં બી.એ.બી.એડ્, એમ.એ.બી.એડ્, બી.એસ.સી., એમ.બી.બી.એસ (ડૉક્ટર) વગેરે વત્તા-ઓછા પ્રમાણમાં જોવા મળે છે. તે સાથે કુલ-૫ વિદ્યાર્થીઓની માતાઓ અભણ હોવા છતાં પોતાના બાળકોની ઉચ્ચ કારકિર્દીના ઘડતર માટે વિદેશમાં અભ્યાસ અર્થે મોકલી રહી છે તે ઘણી જ ધ્યાનાકર્ષક બાબત છે.

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે જનારા આદિજાતિના વિદ્યાર્થીઓના માતા-પિતાઓના શૈક્ષણિક ભૂમિકા જોતાં સ્પષ્ટ જણાય છે કે મોટાભાગના વિદ્યાર્થીઓના માતા-પિતા ગ્રેજ્યુએટ છે અને તેથી પોતાના બાળકોને ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં ભણાવી રહ્યા છે. મતલબ કૌટુંબિક શૈક્ષણિક back ground ઉચ્ચ અભ્યાસ માટે મહત્વનું હોય તેમ જણાય છે.

**કોષ્ટક નં.૧.૬.૨**

**પિતાના વ્યવસાયની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી | ૪ | ૫.૩૪ |
| ૨ | સરકારી નોકરી | ૪૫ | ૬૦ |
| ૩ | ખાનગી નોકરી | ૪ | ૫.૩૪ |
| ૪ | સમાજ સેવા | ૧ | ૧.૩૩ |
| ૫ | વકીલ | ૧ | ૧.૩૩ |
| ૬ | પ્રાઇવેટ ધંધો | ૮ | ૧૦.૬૬ |
| ૭ | મેડિકલ પ્રેક્ટીસ | ૨ | ૨.૬૭ |
| ૮ | નિવૃત સરકારી કર્મચારી | ૮ | ૧૦.૬૬ |
| ૯ | જવાબ મળેલ નથી/ પિતા મૃત્યુ પામેલ છે. | ૨ | ૨.૬૭ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જનારા આદિજાતિ વિદ્યાર્થીઓના પિતાના વ્યવસાય અંગેની વિગતો દર્શાવવામાં આવી છે તે જોતાં સૌથી વધુ ૪૫ (૬૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓના પિતા સરકારી નોકરી કરે છે, જ્યારે ૮ (૧૦.૬૬ ટકા) વિદ્યાર્થીઓના પિતા પ્રાઈવેટ ધંધો, ૮ (૧૦.૬૬ ટકા) વિદ્યાર્થીઓના પિતા નિવૃત્ત સરકારી કર્મચારી છે, જ્યારે ૪ (૫.૩૪ ટકા) વિદ્યાર્થીઓના પિતા ખાનગી નોકરી કરે છે, જ્યારે ૪ વિદ્યાર્થીઓના પિતા ખેતીનો વ્યવસાય કરે છે. જ્યારે ૨ વિદ્યાર્થીઓના પિતા હયાત નથી મૃત્યુ પામેલ છે.

ઉપરોક્ત વર્ગીકરણથી સ્પષ્ટ થાય છે કે વિદેશ અભ્યાસ કરવા જનારા વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ વિદ્યાર્થીઓના પિતા સરકારી નોકરી કરે છે તથા સરકારી નોકરીમાંથી નિવૃત્ત છે અને તેથી તેઓ શિક્ષણથી અને સરકારશ્રીની શૈક્ષણિક યોજનાઓથી વાકેફ હોઈ પોતાના બાળકોને ઉચ્ચ શૈક્ષણિક કારકિર્દીના ઘડતર માટે વિદેશમાં અભ્યાસ માટે મોકલ્યા હોવાનું જણાઈ આવે છે.

### કોષ્ટક નં.૧.૬.૪

### પિતાની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | રૂા.૧ લાખ થી ૨ લાખ | ૨૦ | ૨૬.૬૭ |
| ૨ | રૂા.૨ લાખ થી ૩ લાખ | ૧૯ | ૨૫.૩૩ |
| ૩ | રૂા.૩ લાખ થી ૪ લાખ | ૧૯ | ૨૫.૩૩ |
| ૪ | રૂા.૪ લાખ થી ૫ લાખ | ૧૦ | ૧૩.૩૪ |
| ૫ | રૂા.૫ લાખ થી વધુ | ૫ | ૬.૬૭ |
| ૬ | જવાબ મળેલ નથી | ૧ | ૧.૩૩ |
| ૭ | પિતા મૃત્યુ પામેલ છે. | ૧ | ૧.૩૩ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટકમાં અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવક અંગેનું વર્ગીકરણ દર્શાવ્યું છે. આ વર્ગીકરણનું વિશ્લેષણ કરતાં જણાય છે કે પ્રસ્તુત અભયાસમાં આવરેલ કુલ ૭૫ વિદ્યાર્થીઓ પૈકી ૨૦ (૨૬.૬૭ ટકા) વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવક રૂા.૧ થી ૨ લાખ, ૧૯ (૨૫.૩૩ ટકા) વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવક રૂા.૨ થી ૩ લાખ તથા પુનઃ ૧૯ (૨૫.૩૩ ટકા) વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવક રૂા. ૩ થી ૪ લાખ, જ્યારે કુલ ૧૦ (૧૩.૩૪ ટકા) વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવક રૂા. ૪ થી ૫ લાખ છે, વાર્ષિક રૂા. ૫ લાખ કરતાં વધુ વાર્ષિક આવક ધરાવનારા કુલ-૫ વિદ્યાર્થીઓના પિતાનો સમાવેશ થાય છે. તદ્ઉપરાંત આ અંગેની વિગત ૧ વિદ્યાર્થીની મળેલ

નથી, જયારે ૧ વિદ્યાર્થીના પિતા મૃત્યુ પામેલ છે.

ઉપરોક્ત વિગતોથી જ્ઞાત થાય છે કે અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના એટલે કે કુલ ૫૮ (૭૭.૩૪ ટકા) વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવક રૂા. ૧ લાખથી ૪ લાખ સુધીની છે, જયારે ૧૫ વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવક રૂા. ૪ થી ૫ લાખ કરતાં વધુ છે અને તેથી તેઓ સરકારી અનુદાન મેળવીને પોતાના બાળકોને ઉચ્ચ અભ્યાસ માટે આર્થિક રીતે પહોંચી વળવા સક્ષમ છે.

**કોષ્ટક નં.૧.૬.૫**

**માતાના વ્યવસાયની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ઘરકામ / ગૃહિણી | ૪૬ | ૬૧.૩૩ |
| ૨ | સરકારી નોકરી | ૨૫ | ૩૩.૩૩ |
| ૩ | પ્રાઇવેટ નોકરી | ૨ | ૨.૬૭ |
| ૪ | રિટાયર્ડ | ૨ | ૨.૬૭ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓની માતાઓના વ્યવસાય અંગેનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. આ વર્ગીકરણનું વિશ્લેષણ જોઈએ તો કુલ વિદ્યાર્થીઓમાંથી ૪૬ (૬૧.૩૩ ટકા) વિદ્યાર્થીની માતા ઘરકામ/ગૃહિણીઓ છે, જયારે ૨૫ (૩૩.૩૩ ટકા) વિદ્યાર્થીની માતા સરકારી નોકરી કરે છે. જયારે ૨ વિદ્યાર્થીની માતા પ્રાઈવેટ નોકરી અને ૨ વિદ્યાર્થીની માતા નોકરીમાંથી નિવૃત્ત થયેલ છે.

ઉપરોક્ત વિશ્લેષણથી સ્પષ્ટ રીતે જણાય છે કે અભ્યાસમાં આવરેલ મોટાભાગના વિદ્યાર્થીઓની માતાઓ ઘરકામ, ગૃહિણી છે તેમજ સરકારી નોકરી કરે છે.

**કોષ્ટક નં.૧.૬.૬**

**માતાની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૫૦ હજાર થી ૧ લાખ | ૨ | ૭.૪૧ |
| ૨ | ૧ લાખ થી ૨ લાખ | ૮ | ૨૯.૬૩ |
| ૩ | ૨ લાખ થી ૩ લાખ | ૧૩ | ૪૮.૧૪ |
| ૪ | ૩ લાખ થી ૪ લાખ | ૨ | ૭.૪૧ |
| ૫ | ૪ લાખ થી વધુ | ૨ | ૭.૪૧ |
| | કુલ | ૨૭ | ૧૦૦ % |

કુલ-૨૭ વિદ્યાર્થીઓની માતા જે નોકરી કરે છે તેઓની વાર્ષિક આવક કોષ્ટક નં.૬.૬ માં

દર્શાવવામાં આવી છે તે જોતાં કુલ ૧૩ (૪૮.૧૪ ટકા) વિદ્યાર્થીઓની માતા રૂા.૨ થી ૩ લાખ રૂપિયાની વાર્ષિક ધરાવે છે, ૧૦(૩૭.૦૩ ટકા) વિદ્યાર્થીઓની માતા રૂા. ૫૦,૦૦૦ થી ૨ લાખ સુધીની વાર્ષિક આવક પ્રાપ્ત કરે છે, જ્યારે ૪ વિદ્યાર્થીઓની માતાની વાર્ષિક આવક રૂા. ૩ થી ૪ લાખ કરતાં પણ વધુ છે.

**કોષ્ટક નં.૧.૭**

**વિદ્યાર્થીના મકાનનો પ્રકાર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ટેનામેન્ટ્ | ૩૦ | ૪૦.૦૦ |
| ૨ | ફ્લેટ્ | ૭ | ૯.૩૪ |
| ૩ | બંગલો | ૩૦ | ૪૦.૦૦ |
| ૪ | કાચુ નળીયા વાળુ મકાન | ૮ | ૧૦.૬૬ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના મકાન અંગેની સ્થિતિ ઉપરોક્ત કોષ્ટકમાં બતાવવામાં આવેલ છે તે જોતાં કુલ ૩૦ (૪૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓનું ઘર ટેનામેન્ટ પ્રકારનું છે, ૩૦ (૪૦ ટકા) વિદ્યાર્થીઓનું મકાન બંગલોઝ છે. તે સિવાય ૮ (૧૦.૬૬ ટકા) વિદ્યાર્થીઓ કાચા નળીયાવાળા મકાનમાં રહે છે. તેમજ ૭ (૯.૩૪ ટકા) વિદ્યાર્થીઓ ફલેટમાં રહે છે. જેથી સ્પષ્ટ જણાય છે કે મોટાભાગના વિદ્યાર્થીઓના મકાનો ટેનામેન્ટ, બંગલોઝ અને ફલેટ છે જે સુવિધાઓવાળા મકાનો ગણાય છે, ૮ કાચા નળીયાવાળા મકાનોમાં રહેનાર વિદ્યાર્થીઓના ઘરો ગામડાઓમાં છે. તેઓ પોતાના ગામમાં વસવાટ કરે છે.

**કોષ્ટક નં.૧.૮**

**વિદ્યાર્થીઓના પિતાની માલિકીની જમીન છે કે કેમ? તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | જમીન છે | ૩૦ | ૪૦.૦૦ |
| ૨ | જમીન નથી | ૪૫ | ૬૦.૦૦ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતાઓ પાસે જમીન છે કે કેમ ? તે અંગેની વિગત દર્શાવેલ છે તે જોતાં કુલ ઉત્તરદાતાઓમાંથી ૪૫ (૬૦.૦૦ ટકા) વિદ્યાર્થી ઉત્તરદાતાઓ પાસે જમીન નથી, જ્યારે ૩૦ (૪૦.૦૦ ટકા) ઉત્તરદાતાઓ પાસે જમીન છે, એટલે કે મોટાભાગના વિદ્યાર્થીઓના પિતા પાસે ખેતીની અથવા અન્ય માલિકીની જમીન નથી.

### કોષ્ટક નં.૧.૯
### ઉત્તરદાતાની માલિકીની કુલ જમીન દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ એકર થી ૨ એકર | ૧૮ | ૬૦.૦૦ |
| ૨ | ૨.૧ એકર થી ૩ એકર | ૩ | ૧૦.૦૦ |
| ૩ | ૩.૧ એકર થી ૪ એકર | ૪ | ૧૩.૩૩ |
| ૪ | ૪.૧ એકર થી ૫ એકર | ૦ | ૦ |
| ૫ | ૫.૧ એકર થી વધુ | ૫ | ૧૬.૬૭ |
| | કુલ | ૩૦ | ૧૦૦ % |

જમીન ધરાવતા કુલ વિદ્યાર્થીઓ પાસે પોતાની માલિકીની કેટલી જમીન છે તે અંગે કોષ્ટક નં.૧.૯ માં દર્શાવ્યાનુસાર સૌથી વધુ કુલ૧૮ (૬૦ ટકા) વિદ્યાર્થીઓ પાસે ૧ થી ૨ એકર સુધીની જમીન છે. ૭(૨૩.૩૩ ટકા) વિદ્યાર્થીઓ પાસે ૨ થી ૪ એકર જમીન છે, ૫ વિદ્યાર્થીઓ પાસે પોતાની માલિકીની ૫ એકર કરતાં પણ વધુ જમીન જોવા મળે છે. છતાં એમ ચોકકસ કહી શકાય કે જમીન ધરાવનાર મોટાભાગના વિદ્યાર્થીઓના કુટુંબો પાસે ૧ થી ૨ એકર જમીન છે અને તેઓને નાના કે સીમાંત ખેડૂતો કહી શકાય.

### કોષ્ટક ૧.૧૦
### ઉત્તરદાતાનું કુટુંબ ખેતીનો વ્યવસાય કરે છે કે નહિ? તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખેતી કરે છે | ૨૮ | ૯૩.૩૪ |
| ૨ | ખેતી કરતા નથી | ૨ | ૬.૬૬ |
| | કુલ | ૩૦ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ ઉત્તરદાતા વિદ્યાર્થીઓ પૈકી માલિકીની જમીન ધરાવનારા કુલ - ૩૦ વિદ્યાર્થીઓ પૈકી ખેતી કરતા વિદ્યાર્થીઓના કુટુંબોની વિગતો કોષ્ટક નં. ૧. ૧૦ માં દર્શાવવામાં આવી છે તે પરથી જણાય છે કે કુલ ૨૮ (૯૩.૩૪ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબો ખેતી કરે છે, જયારે ૨ વિદ્યાર્થીઓના કુટુંબ પાસે ખેતીની જમીન હોવા છતાં ખેતી કરતા નથી, તેથી સ્પષ્ટ જણાય છે કે જે વિદ્યાર્થીઓના કુટુંબો પાસે જમીન છે તે પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓના કુટુંબો પોતાની માલિકીની જમીનમાં ખેતી કરે છે.

કોષ્ટક ૧.૧૧

ખેતીની જમીનમાં પિયત સુવિધાની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ એકર થી ૨ એકર | ૧૪ | ૫૬.૦૦ |
| ૨ | ૨.૧ એકર થી ૩ એકર | ૪ | ૧૬.૦૦ |
| ૩ | ૩.૧ એકર થી ૪ એકર | ૨ | ૮.૦૦ |
| ૪ | ૪.૧ એકર થી ૫ એકર | ૧ | ૪.૦૦ |
| ૫ | ૫.૧ એકર થી ૬ એકર | ૨ | ૮.૦૦ |
| ૬ | ૬.૧ એકર થી ૭ એકર | ૧ | ૪.૦૦ |
| ૭ | ૭.૧ એકર થી વધુ | ૧ | ૪.૦૦ |
| | કુલ | ૨૫ | ૧૦૦ % |

જમીનમાં પિયત સુવિધાની માહિતી જોતા જમીન ધરાવનાર કુટુંબો પૈકી સૌથી વધુ ૧૪ (૫૬ ટકા) વિદ્યાર્થીઓની ૧ થી ૨ એકર જમીન પિયત હેઠળ છે, જ્યારે ૪ (૧૬.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબ પાસે કુલ ૨ થી ૩ એકર જમીનમાં પિયત થાય છે, માત્ર ૩ વિદ્યાર્થીઓની કુલ ૩ થી ૫ એકર જમીનમાં પિયત સુવિધા જોવા મળે છે, તેમજ ૪ વિદ્યાર્થીઓની માલિકીની ૫ થી ૭ એકર કે તેથી વધુ જમીન પિયત હેઠળ જોવા મળે છે. તેથી અહિ સ્પષ્ટ થાય છે કે કુલ ઉત્તરદાતા વિદ્યાર્થીઓ પૈકી ખેતીની જમીન ધરાવનાર મોટાભાગના વિદ્યાર્થીઓની માત્ર ૧ થી ૩ એકર જમીનમાં જ પિયત સુવિધા છે. જ્યારે ૩ વિદ્યાર્થીઓના કુટુંબો બિનપિયત ખેતી કરે છે.

કોષ્ટક નં.૧.૧૨

ઉત્તરદાતાના કુટુંબની કુલ વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ લાખ થી ૩ લાખ | ૧૯ | ૨૫.૩૩ |
| ૨ | ૩.૧ લાખ થી ૬ લાખ | ૪૩ | ૫૭.૩૩ |
| ૩ | ૬.૧ લાખ થી ૯ લાખ | ૯ | ૧૨.૦૦ |
| ૪ | ૯.૧ લાખ કે તેથી વધુ | ૪ | ૫.૩૪ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતા તરીકે આવરેલ ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં જનારા વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક ઉપરોકત કોષ્ટક નં.૧.૧૨ માં દર્શાવવામાં આવી છે તે પરથી જણાય છે કે કુલ વિદ્યાર્થી ઉત્તરદાતાઓ પૈકી ૪૩ (૫૭.૩૩ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક

આવક રૂા.૩.૧ લાખથી ૬ લાખ સુધીની છે, ૧૯(૨૫.૩૩ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા.૧ લાખથી ૩ લાખ સુધીની છે, રૂા. ૬.૧ થી ૯ લાખ સુધીની આવકવાળા ૯(૧૨.૦૦ ટકા) વિદ્યાર્થીઓ છે તે સિવાયના ૪ વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા.૯.૧ લાખ કરતાં વધું છે. આવકમાં માતા-પિતાની નોકરીની આવક સમાવિષ્ટ છે.

ઉક્ત વિશ્લેષણથી સ્પષ્ટ જણાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ મોટાભાગના (૫૬) વિદ્યાર્થી ઉત્તરદાતાઓના કુટુંબની વાર્ષિક આવક રૂા.૪.૧ લાખથી ૧૦ લાખની વચ્ચે છે તેમાં, ૩.૧ લાખથી ૬ લાખ વાર્ષિક આવક ધરાવતા સૌથી વધુ (૪૩)૫૭.૩૩ ટકા વિદ્યાર્થીઓ છે.

**કોષ્ટક નં.૧.૧૩**

**કુટુંબની નોકરીમાંથી આવતી વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ લાખ થી ૨ લાખ | ૫ | ૭.૪૭ |
| ૨ | ૨.૧ લાખ થી ૪ લાખ | ૩૩ | ૪૯.૨૫ |
| ૩ | ૪.૧ લાખ થી ૬ લાખ | ૨૦ | ૨૯.૮૪ |
| ૪ | ૬.૧ લાખ થી ૮ લાખ | ૫ | ૭.૪૭ |
| ૫ | ૮.૧ લાખ થી ૧૦ લાખ | ૪ | ૫.૯૭ |
| | કુલ | ૬૭ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે વિદ્યાર્થીઓના માતા-પિતા નોકરી કરતા હોય તેવા ૬૭ (૮૯.૩૩ ટકા) વિદ્યાર્થીઓ છે, નોકરી કરતા માતા-પિતાની વિગતે માહિતી જોઈએ તો ૪૦(૫૩.૩૩ ટકા) વિદ્યાર્થીઓના પિતા(એકલા પિતા) જ્યારે ૧૮(૨૪ ટકા) વિદ્યાર્થીઓની માતા(એકલી માતા) તથા ૯(૧૨ ટકા) વિદ્યાર્થીઓના માતા-પિતા બંને નોકરી કરે છે, જ્યારે ૮ (૧૦.૬૭ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં માતા-પિતા કે કોઈ નોકરી કરતા નથી. નોકરીમાંથી મળતી વાર્ષિક આવકનું વર્ગીકરણ ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવવામાં આવ્યું છે તે પરથી જણાય છે કે ૩૩ (૪૯.૨૫ ટકા) વિદ્યાર્થીઓના માતા-પિતાની નોકરીમાંથી વાર્ષિક આવક રૂા.૨.૧ થી ૪ લાખ છે, ૨૦(૨૯.૮૪ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં નોકરીની વાર્ષિક આવક રૂા.૪.૧ લાખથી ૬ લાખ છે. જ્યારે નોકરીમાંથી વાર્ષિક આવક રૂા.૬.૧ થી ૮ લાખ કે તેથી વધુ ૧૦ લાખ સુધીની આવક ધરાવતા ૯(૧૩.૪૪ ટકા) વિદ્યાર્થીઓ જોવા મળેલ છે. અહિ સ્પષ્ટ જણાય છે કે નોકરી કરતા કુટુંબમાંથી નોકરીની વાર્ષિક આવક રૂા.૨.૧ થી ૬ લાખવાળા કુટુંબના ૫૩(૭૯.૧૦ ટકા) વિદ્યાર્થીઓ જોવા મળે છે. મતલબ તેઓની આર્થિક સ્થિતિ સામાન્ય રીતે આદિજાતિઓના કુટુંબોના પ્રમાણમાં સારી હોઈ પોતાના સંતાનોના ઉચ્ચ અભ્યાસ માટે સરકારી અનુદાન મેળવી ખર્ચ કરી શકવા માટે સક્ષમ છે.

## કોષ્ટક નં.૧.૧૪

### કુટુંબની ધંધામાંથી આવતી વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૫૦ હજાર થી ૨ લાખ | ૪ | ૫૦.૦૦ |
| ૨ | ૨.૧ હજાર થી ૪ લાખ | ૩ | ૩૭.૦૫ |
| ૩ | ૪.૧ હજાર થી ૫ લાખ | ૧ | ૧૨.૦૫ |
| | કુલ | ૦૮ | ૧૦૦ % |

અભ્યાસમાં આવરેલ ઉત્તરદાતા વિદ્યાર્થીઓ પૈકી ૮(૧૦.૬૬ ટકા) વિદ્યાર્થીઓના માતા-પિતાનો મુખ્ય વ્યવસાય નાના મોટા ધંધાઓ (કરિયાણા દુકાન, ડેરી, ગલ્લો, પેટ્રોલપંપ) નો છે. તેઓની વાર્ષિક આવક આવા ધંધાઓમાંથી કેટલી થાય છે તેનું વર્ગીકરણ ઉપરોક્ત કોષ્ટક નં. ૧.૧૪ માં કરવામાં આવ્યું છે. તે મુજબ આવા ધંધા કરનારા કુટુંબોના વિદ્યાર્થીઓના કુટુંબમાં ધંધામાંથી થતી વાર્ષિક આવક જોઈએ તો ૪(૫૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં આવા ધંધામાંથી રૂ.૫૦ હજારથી રૂ.૨ લાખ સુધી અને ૪(૫૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબની આવા ધંધામાંથી રૂ.૨.૧ થી ૫ લાખ સુધીની વાર્ષિક આવક થાય છે. આમ વિવિધ ધંધા આધારે જીવન ગુજારતા કુટુંબોમાંથી પણ આદિજાતિ વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા હોવાનું જણાય છે. તેઓ માટે ખરેખર સરકારશ્રીની આ યોજના આશીર્વાદરૂપ ગણી શકાય.

## કોષ્ટક નં.૧.૧૫

### કુટુંબની ખેતીમાંથી આવતી વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | રૂા.૧૦ હજાર થી ૧ લાખ | ૧૬ | ૫૭.૧૫ |
| ૨ | રૂા.૧.૧ લાખ થી ૩ લાખ | ૮ | ૨૮.૫૭ |
| ૩ | રૂા.૩.૧ લાખ થી ૫ લાખ | ૪ | ૧૪.૨૮ |
| | કુલ | ૨૮ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થી ઉત્તરદાતાઓ પૈકી કુલ-૨૮ વિદ્યાર્થીઓના કુટુંબમાં ખેતી થાય છે અને ખેતીમાંથી મળતી વાર્ષિક આવક કોષ્ટક નં. ૧.૧૫ માં દર્શાવવામાં આવી છે તે મુજબ ખેતી કરનાર પૈકી કુલ-૧૬ (૫૭.૧૫ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબને ખેતીમાંથી વાર્ષિક આવક રૂા.૧૦ હજારથી ૧ લાખ સુધીની થાય છે, જયારે ૮ (૨૮.૫૭ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં ખેતીની રૂા.૧.૧ લાખ થી ૩ લાખ સુધીની અને ૪ (૧૪.૨૮ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં ખેતીમાંથી રૂા.૩.૧ લાખથી રૂા.૫ લાખ સુધીની આવક થાય છે. ખેતીની વાર્ષિક આવકના ઉક્ત વર્ગીકરણના વિશ્લેષણ

પરથી સ્પષ્ટ જણાય છે કે ખેતી કરનાર કુટુંબો પૈકી મોટાભાગના કુટુંબોમાં ખેતીમાંથી વાર્ષિક આવક રૂા.૧૦ હજારથી ૧ લાખની વચ્ચે છે, છતાં ૪ વિદ્યાર્થીઓના કુટુંબની ખેતીની વાર્ષિક આવક રૂા.૩.૧ થી ૫ લાખ સુધીની જોવા મળે છે, જે આધુનિક ખેતી કરનારા આદિજાતિ ખેડૂતો હોવાનું સાબિત કરે છે.

**કોષ્ટક નં.૧.૧૬**

**કુટુંબના વાર્ષિક ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ લાખ થી ૨ લાખ | ૬ | ૮.૦૦ |
| ૨ | ૨.૧ લાખ થી ૩ લાખ | ૧૫ | ૨૦.૦૦ |
| ૩ | ૩.૧ લાખ થી ૪ લાખ | ૩૦ | ૪૦.૦૦ |
| ૪ | ૪.૧ લાખ થી ૫ લાખ | ૧૨ | ૧૬.૦૦ |
| ૫ | ૫.૧ લાખ થી ૬ લાખ | ૬ | ૮.૦૦ |
| ૬ | ૬.૧ લાખ થી વધુ | ૬ | ૮.૦૦ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબના વાર્ષિક ખર્ચની વિગત દર્શાવવામાં આવી છે તે જોતાં સૌથી વધુ ૩૦(૪૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા.૩.૧ લાખ થી ૪ લાખ, ૧૫(૨૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા.૨.૧ લાખથી ૩ લાખ, ૧૨(૧૬.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા.૪.૧ લાખ થી ૫ લાખ, જ્યારે અભ્યાસ પૈકીના ૧૨(૧૬.૦૦ ટકા) વિદ્યાર્થીઓનો વાર્ષિક ખર્ચ રૂા.૪.૧ થી ૬ લાખ અને કે તેથી પણ વધુ છે. જ્યારે વાર્ષિક રૂા.૧ લાખથી ૨ લાખ ખર્ચ કરનાર કુટુંબો માત્ર ૬ (૮.૦૦ ટકા) છે, તેથી સ્પષ્ટ જણાય છે કે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં જનારા વિદ્યાર્થીઓના મોટાભાગના કુટુંબોનો વાર્ષિક ખર્ચ રૂા. ૨.૧ થી ૪ લાખ છે.

**કોષ્ટક નં.૧.૧૬.૧**

**કુટુંબના વાર્ષિક ખર્ચમાં શૈક્ષણિક ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ લાખ થી ૨ લાખ | ૧૬ | ૨૧.૩૪ |
| ૨ | ૨.૧ લાખ થી ૪ લાખ | ૪૮ | ૬૪.૦૦ |
| ૩ | ૪.૧ લાખ થી ૬ લાખ | ૯ | ૧૨.૦૦ |
| ૪ | ૬.૧ લાખ થી ૮ લાખ | ૧ | ૧.૩૩ |
| ૫ | જવાબ મળેલ નથી | ૧ | ૧.૩૩ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

તેઓના વાર્ષિક ખર્ચમાં શૈક્ષણિક ખર્ચ જોઈએ તો કોષ્ટક નં.૧.૧૬.૧ માં આપેલ વિગતો મુજબ ૪૮ (૬૪.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં શિક્ષણ પાછળ વાર્ષિક ખર્ચ રૂા.૨.૧ થી ૪ લાખ થાય છે.

તેમજ ૧૬(૨૧.૩૪ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં આ ખર્ચ રૂા. ૧ લાખથી ૨ લાખ સુધીનો છે. આમ મોટાભાગના કુટુંબોમાં શિક્ષણ પાછળનો વાર્ષિક ખર્ચ રૂા.૧ લાખથી ૪ લાખ સુધી કરવામાં આવે છે. આ ઉપરથી આદિજાતિ લોકોમાં કુલ ખર્ચમાં શિક્ષણ પાછળનો ખર્ચ તે શિક્ષણ અંગેની જાગૃતિ; શિક્ષણના માધ્યમથી રોજગારી, સારી કારકિર્દી વિકસાવવાનો આદિજાતિ કુટુંબોનો અભિગમ પ્રસ્થાપિત થાય છે.

**કોષ્ટક નં.૧.૧૬.૨**

**કુટુંબના વાર્ષિક ખર્ચમાં સામાજિક ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૫ હજાર થી ૧૫ હજાર | ૨૯ | ૩૮.૬૬ |
| ૨ | ૧૫.૧ હજાર થી ૩૦ હજાર | ૨૩ | ૩૦.૬૭ |
| ૩ | ૩૦.૧ હજાર થી ૪૫ હજાર | ૫ | ૬.૬૭ |
| ૪ | ૪૫.૧ હજાર થી ૬૦ હજાર | ૧૧ | ૧૪.૬૭ |
| ૫ | ૬૦.૧ હજાર થી વધુ | ૬ | ૮.૦૦ |
| ૬ | જવાબ મળેલ નથી | ૧ | ૧.૩૩ |
| | કુલ | ૭૫ | ૧૦૦.૦૦ |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના કુટુંબમાં વાર્ષિક સામાજિક ખર્ચની વિગતો કોષ્ટક નં.૧.૧૬.૨ માં દર્શાવવામાં આવેલ છે. તે જોતાં સૌથી વધુ ૨૯ (૩૮.૬૬ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં વાર્ષિક સામાજિક ખર્ચ રૂા.૫ હજારથી ૧૫ હજારનો થાય છે. ૨૩ (૩૦.૬૭ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં તે ખર્ચ રૂા. ૧૫.૧ હજાર થી ૩૦ હજારનો, ૧૧ વિદ્યાર્થીઓના કુટુંબમાં સામાજિક ખર્ચ રૂા.૪૫.૧ હજારથી ૬૦ હજારનો, તેમજ વાર્ષિક રૂા. ૬૦.૧ હજાર કરતાં વધુ સામાજિક ખર્ચ કરનારા કુલ ૬ વિદ્યાર્થીઓના કુટુંબ (૮.૦૦ ટકા) જોવા મળે છે. જ્યારે ૫ વિદ્યાર્થીઓના કુટુંબમાં સામાજિક ખર્ચ રૂા. ૩૦.૧ હજારથી ૪૫ હજારનો છે. આ અંગે ૧ વિદ્યાર્થીએ જવાબ આપેલ નથી, પરંતુ એક વાત અહિ સ્પષ્ટ છે કે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જનારા વિદ્યાર્થીઓના મોટાભાગના કુટુંબમાં વાર્ષિક સામાજિક ખર્ચ રૂા. ૫ હજાર થી ૩૦ હજાર સુધી થાય છે. છતાં પણ આવા કુટુંબોમાં આકસ્મિક ખર્ચાઓનું પ્રમાણ પણ મોટાભાગે વાર્ષિક રૂા. ૧ હજારથી ૨૦ હજાર સુધી થાય છે. મતલબ આ કુટુંબો સામાજિક બાબતો કરતાં પોતાના બાળકોને શિક્ષણ આપવા પાછળ વધુ ધ્યાન આપે છે. સામાજિક કાર્યો કરતાં શિક્ષણને વધુ મહત્વનું ગણતા હોવાનું જણાય છે. જે શિક્ષણ અને સામાજિક કાર્યોમાં થતા ખર્ચ પરથી જણાય છે.

## કોષ્ટક નં.૧.૧૬.૩
## દૈનિક ખર્ચની વિગત દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | રૂા.૧૦૦ રૂપિયા થી ૪૦૦ રૂપિયા | ૧૫ | ૨૦.૦૦ |
| ૨ | રૂા. ૪૦૧ રૂપિયા થી ૮૦૦ રૂપિયા | ૨૯ | ૩૮.૬૬ |
| ૩ | રૂા. ૮૦૧ રૂપિયા થી ૧૨૦૦ રૂપિયા | ૨૭ | ૩૬.૦૦ |
| ૪ | રૂા. ૧૨૦૧ રૂપિયા થી વધારે | ૪ | ૫.૩૪૦ |
| | કુલ | ૭૫ | ૧૦૦.૦ |

પ્રસ્તુત અભ્યાસમાં દૈનિક ખર્ચની વિગતોનું વર્ગીકરણ ઉપરોક્ત કોષ્ટક નં.૧.૧૬.૩ માં દર્શાવવામાં આવ્યું છે તે મુજબ સૌથી વધુ ૨૯ (૩૮.૬૬ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં દૈનિક ખર્ચ રૂા.૪૦૧ થી ૮૦૦ થાય છે, ૨૭ (૩૬.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબનો દૈનિક ખર્ચ રૂા.૮૦૧ થી ૧૨૦૦, ૧૫ (૨૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં દૈનિક ખર્ચ રૂા. ૧૦૦ થી ૪૦૦ થાય છે, અભ્યાસમાં આવરેલ કુલ-૪ (૫.૩૪ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબમાં દૈનિક, રોજીંદો ખર્ચ રૂા. ૧૨૦૧ કરતાં વધુ થાય છે.

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ ઉત્તરદાતાના કુટુંબમાં દૈનિક ખર્ચ કરવાની વિગતોથી સ્પષ્ટ જણાય છે કે મોટાભાગના વિદ્યાર્થીઓના કુટુંબમાં દૈનિક, રોજીંદો ખર્ચ રૂા.૪૦૧ થી રૂા. ૧૨૦૦ સુધી થાય છે. જે આર્થિક રીતે સુખી પરિવારોની ગણનામાં આવતા કુટુંબો ગણી શકાય અને તે આધારે કહી શકાય કે વિદેશમાં અભ્યાસ જનારા આદિજાતિના વિદ્યાર્થીઓના કુટુંબની ખર્ચ શક્તિ સારી છે. પ્રમાણમાં સારી આર્થિક સ્થિતિવાળા આ પરિવારો હોવાનું જણાય છે.

- **કોમર્શિયલ પાઈલોટ લાયસન્સ/ટ્રેઈની પાઈલોટ યોજનાના લાભાર્થી વિદ્યાર્થીઓની કૌટુંબિક સ્થિતિ**

**કોષ્ટક નં.૧.૧૭**

**પાઈલોટ ટ્રેનીંગમાં જોડાયેલ વિદ્યાર્થીઓની જાતિ(સ્ત્રી-પુરુષ) દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧. | પુરુષ | ૧૦ | ૯૦.૯ |
| ૨. | સ્ત્રી | ૦૧ | ૯.૧ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

*ઉપરોક્ત કોષ્ટક નં. ૧.૧૭ માં પાઈલોટ ટ્રેનીંગમાં જોડાયેલ વિદ્યાર્થીઓની જાતિ(સ્ત્રી-પુરુષ)ની વિગત દર્શાવવામાં આવી છે. તે વિગત જોતાં પાઈલોટ ટ્રેનીગમાં જોડાયેલ વિદ્યાર્થીઓ પૈકી કુલ-૧૦(૯૦.૯ ટકા) વિદ્યાર્થીઓ(પુરુષ) તથા ૧ વિદ્યાર્થીનીનો સમાવેશ થાય છે. એટલે કે મોટાભાગના વિદ્યાર્થીઓ અને ૧ મહિલા પાઈલોટ તાલીમાર્થીનો છે.*

**કોષ્ટક નં.૧.૧૮**

**પાઈલોટ ટ્રેનીંગમાં જોડાયેલ વિદ્યાર્થીઓની ઉંમર દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧૬ વર્ષ થી ૨૦ વર્ષ | ૧ | ૯.૧૦ |
| ૨ | ૨૧ વર્ષ થી ૨૫ વર્ષ | ૫ | ૪૫.૪૫ |
| ૩ | ૨૬ વર્ષ થી ૩૦ વર્ષ | ૫ | ૪૫.૪૫ |
| | **કુલ** | **૧૧** | **૧૦૦%** |

*ઉપરોક્ત કોષ્ટકમાં વિદ્યાર્થીઓની ઉંમરનું વર્ગીકરણ દર્શાવવામાં આવેલ છે. તે જોતાં કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ કરનારા કુલ-૧૧ વિદ્યાર્થીઓ પૈકી ૫ (૪૫.૪૫ ટકા) વિદ્યાર્થીઓની ઉંમર ૨૧ થી ૨૫ વર્ષની વચ્ચેની છે, ૫ (૪૫.૪૫ ટકા) વિદ્યાર્થીઓની ઉંમર ૨૬ થી ૩૦ વર્ષની વચ્ચે છે. તેમજ ૧ વિદ્યાર્થીની ઉંમર ૧૬ થી ૨૦ વર્ષની વચ્ચે છે, એટલે કે કોમર્શિયલ પાઈલોટની તાલીમ લેનારા વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના ૧૦ વિદ્યાર્થીઓની ઉંમર ૨૧ થી ૩૦ વર્ષની વચ્ચે છે.*

**કોષ્ટક નં.૧.૧૯**

**વિદ્યાર્થીની પેટાજાતિ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા. % |
|---|---|---|---|
| ૧ | હિન્દુ બરોડિયા | ૧ | ૯.૦૯ |
| ૨ | હિન્દુ ઢોડિયા પટેલ | ૫ | ૪૫.૪૬ |
| ૩ | હિન્દુ ગામિત | ૧ | ૯.૦૯ |
| ૪ | હિન્દુ ચૌધરી | ૧ | ૯.૦૯ |
| ૫ | હિન્દુ કોલચા | ૧ | ૯.૦૯ |
| ૬ | હિન્દુ કોકણી | ૨ | ૧૮.૧૮ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓની પેટાજાતિ કોષ્ટક નં.૧.૧૯ ઉપર દર્શાવવામાં આવી છે તે જોતાં સૌથી વધુ ૫ (૪૫.૪૫ ટકા) વિદ્યાર્થીઓ ધોડિયા પટેલ જાતિના જોવા મળે છે. ઉપરાંત કોંકણી જાતિના-૨, બરોડીયા, ગામિત, ચૌધરી, કોલચા અને ભીલ જાતિમાંથી એક એક વિદ્યાર્થી પાઈલોટની તાલીમ માટે પ્રવેશ મેળવેલ છે. અહિ સ્પષ્ટ જણાય છે કે ગુજરાતની તમામ આદિજાતિઓ પૈકી ધોડિયા પટેલ જાતિમાં શિક્ષણ અંગેની જાગૃતિ તથા આર્થિક સધ્ધરતા સારી હોવાથી આ જાતિના બાળકો શિક્ષણ દ્વારા ઉચ્ચ કારકિર્દી વિકસાવવામાં બીજી આદિજાતિઓ કરતાં આગળ જોવા મળે છે.

**કોષ્ટક નં.૧.૨૦**

**વિદ્યાર્થીનું હાલના રહેઠાણનું શહેર દર્શાવતું કોષ્ટક**

| | | | |
|---|---|---|---|
| ૧ | સુરત | ૨ | ૧૮.૧૮ |
| ૨ | વ્યારા | ૧ | ૯.૦૯ |
| ૩ | માંડવી | ૨ | ૧૮.૧૮ |
| ૪ | વલસાડ | ૩ | ૨૭.૨૮ |
| ૫ | નવસારી | ૧ | ૯.૦૯ |
| ૬ | વાંસદા | ૧ | ૯.૦૯ |
| ૭ | ઝાલોદ | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

અભ્યાસમાં આવરેલ કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ કરતા વિદ્યાર્થીઓના મૂળ વતનની વિગતો કોષ્ટક નં.૧.૨૦ પર દર્શાવવામાં આવી છે તે મુજબ કુલ અગિયાર વિદ્યાર્થીઓ પૈકી જિલ્લાવાર સંખ્યા જોઈએ તો વલસાડ-૩, સુરત-૪, નવસારી-૨, તાપી-૧, દાહોદ-૧ એમ કુલ પાંચ જિલ્લાના ૧૧ વિદ્યાર્થીઓ કોમર્શિયલ પાઈલોટની તાલીમમાં જોડાયેલ છે.

## કોષ્ટક નં.૧.૨૧

## વિદ્યાર્થીના પિતાનું શિક્ષણ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ | . ટકા % |
|---|---|---|---|
| ૧ | અભણ | ૨ | ૧૮.૧૮ |
| ૨ | પ્રાથમિક શિક્ષણ | ૨ | ૧૮.૧૮ |
| ૩ | માધ્યમિક શિક્ષણ | ૧ | ૯.૦૯ |
| ૪ | ઉચ્ચ માધ્યમિક શિક્ષણ | ૨ | ૧૮.૧૯ |
| ૫ | પી. ટી. સી | ૧ | ૯.૦૯ |
| ૬ | બી.એસ. સી | ૧ | ૯.૦૯ |
| ૭ | બી. કોમ | ૧ | ૯.૦૯ |
| ૮ | એમ.બી. બી.એસ - એમ.ડી | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના પિતાનું શિક્ષણ ઉપરોક્ત કોષ્ટક નં. ૧.૨૧ માં દર્શાવવામાં આવ્યું છે તે વિગત મુજબ ૨ વિદ્યાર્થીઓના પિતા અભણ છે, ૨ વિદ્યાર્થીઓના પિતાએ પ્રાથમિક શિક્ષણ મેળવેલ છે, ૨ વિદ્યાર્થીઓના પિતા ઉચ્ચ માધ્યમિક શિક્ષણ મેળવેલ છે. તે સિવાયના ૫ વિદ્યાર્થીઓના પિતા અનુક્રમે એમ.બી.બી.એસ., એમ.ડી., બી.એસ.સી., બી.કોમ., પી.ટી.સી. અને માધ્યમિક શિક્ષણ મેળવેલ છે. સૌથી મહત્વની બાબત એ છે કે ૨ વિદ્યાર્થીઓના પિતા અભણ હોવા છતાં પોતાના સંતાનને કોમર્શિયલ પાઈલોટની ટ્રેનિંગ અપાવી પાઈલોટ બનાવવાની મહેચ્છા રાખે છે, જે આદિજાતિ વિકાસ વિભાગની આ યોજનાને આભારી છે.

## કોષ્ટક નં.૧.૨૨

## ઉત્તરદાતાના પિતાનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ધંધો | ૩ | ૨૭.૨૭ |
| ૨ | ખેતી | ૩ | ૨૭.૨૭ |
| ૩ | મેડિકલ પ્રેકટીસ | ૧ | ૯.૦૯ |
| ૪ | નોકરી | ૪ | ૩૬.૩૭ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતા વિદ્યાર્થીઓના પિતાનો વ્યવસાય દર્શાવવામાં આવ્યો છે તે મુજબ કુલ-૪ (૩૬. ૩૭ ટકા) વિદ્યાર્થીઓના પિતા સરકારી નોકરી કરે છે, જ્યારે ખેતીનો વ્યવસાય કરનારા ૩ અને ૩ વિદ્યાર્થીના પિતા ધંધો કરનાર છે, જ્યારે એક વિદ્યાર્થીના પિતાનો વ્યવસાય ડૉક્ટર, મેડિકલ

પ્રેકટીસ છે. અહિ સ્પષ્ટ જણાય છે કે સરકારી નોકરી કરતા કર્મચારીઓના સંતાનો આ યોજનાનો લાભ વધુ લઈ રહ્યા છે. સાથે સાથે ખેતી કે ધંધાના વ્યવસાય સાથે જોડાયેલ લોકો પોતાના સંતાનને પાઈલોટ બનાવવા ઈચ્છે છે તે સમગ્ર આદિવાસી સમાજ માટે ખૂબ જ મહત્વની અને ગૌરવવંત બાબત છે.

**કોષ્ટક નં.૧.૨૩**

**ઉત્તરદાતાના પિતાની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ હજાર થી ૧ લાખ | ૨ | ૧૮.૧૮ |
| ૨ | ૧.૧ લાખ થી ૨ લાખ | ૩ | ૨૭.૨૭ |
| ૩ | ૨.૧ લાખ થી ૩ લાખ | ૪ | ૩૬.૩૭ |
| ૪ | ૩.૧ લાખ થી વધુ | ૨ | ૧૮.૧૮ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવકનું વર્ગીકરણ દર્શાવેલ છે. તે જોતાં રૂા.૨.૧ લાખથી ૩ લાખની વાર્ષિક આવક ધરાવતા ૪(૩૬.૩૭ ટકા) વિદ્યાર્થીના પિતા છે, જયારે ૩(૨૭.૨૭ ટકા) વિદ્યાર્થીના પિતાની વાર્ષિક આવક રૂા.૧.૧ થી ૨ લાખ સુધીની છે, જયારે ૨ વિદ્યાર્થીઓના પિતાની વાર્ષિક આવક રૂા.૩.૧ લાખથી વધુ છે. તેમ છતાં વાર્ષિક રૂા.૧ લાખ સુધીની આવકવાળા કુલ ૨ વિદ્યાર્થીના પિતાનો સમાવેશ થાય છે. તેથી સ્પષ્ટ થાય છે કે મોટાભાગના વિદ્યાર્થીના પિતા રૂા.૧ થી ૩ લાખની વાર્ષિક આવક ધરાવે છે. મતલબ મધ્યમવર્ગીય આદિજાતિ કુટુંબોમાંથી પાઈલોટ બનવા જઈ રહેલા આદિજાતિ યુવાનોના માતા-પિતાનું આ ખૂબ જ સાહસિકતાભર્યું પગલું છે.

**કોષ્ટક નં.૧.૨૪**

**વિદ્યાર્થીની માતાનો અભ્યાસ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | અભણ | ૩ | ૨૭.૨૮ |
| ૨ | પ્રાથમિક | ૧ | ૯.૦૯ |
| ૩ | માધ્યમિક | ૨ | ૧૮.૧૮ |
| ૪ | ઉચ્ચત્તર માધ્યમિક | ૧ | ૯.૦૯ |
| ૫ | પી. ટી. સી | ૨ | ૧૮.૧૮ |
| ૬ | એમ. એલ. ટી | ૧ | ૯.૦૯ |
| ૭ | બી.એ | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓની માતાનો અભ્યાસ દર્શાવતા ઉપરોક્ત કોષ્ટક નં.૧.૨૪ પરની વિગતો જોતાં સૌથી વધુ ૩ વિદ્યાર્થીઓની માતાઓ અભણ છે, જ્યારે ૨ વિદ્યાર્થીઓની માતા પી.ટી.સી., ૨ વિદ્યાર્થીઓની માતાએ માધ્યમિક શિક્ષણ સુધી અભ્યાસ કરેલ છે. જ્યારે ચાર વિદ્યાર્થીઓની માતાઓનું શિક્ષણ અનુક્રમે બી.એ., એમ.એલ.ટી., ઉચ્ચત્તર માધ્યમિક અને પ્રાથમિક સુધીનું શિક્ષણ મેળવેલ છે. અહિ સ્પષ્ટ જણાય છે કે ૩ અભણ માતાઓ પોતાના દીકરા, દિકરીને પાઈલોટની ટ્રેનિંગ કરાવી પાઈલોટ બનાવવા ઈચ્છે છે.

**કોષ્ટક નં.૧.૨૫**

**વિદ્યાર્થીની માતાનો વ્યવસાય દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ઘરકામ | ૬ | ૫૪.૫૫ |
| ૨ | મજૂરી | ૧ | ૯.૦૯ |
| ૩ | નોકરી | ૪ | ૩૬.૩૬ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં વિદ્યાર્થી ઉત્તરદાતાઓની માતાનો વ્યવસાય દર્શાવવામાં આવ્યો છે તે મુજબ અભ્યાસમાં સમાવિષ્ટ કુલ-૧૧ વિદ્યાર્થીઓ પૈકી ૬ (૫૪.૫૫ ટકા) વિદ્યાર્થીઓની માતા વ્યવસાયે ઘરકામ, ૪ વિદ્યાર્થીઓની માતા નોકરી, જ્યારે ૧ (એક) વિદ્યાર્થીની માતા મજૂરી કરે છે. તેથી સ્પષ્ટ જણાય છે કે પાઈલોટ ટ્રેનિંગ કરતા મોટાભાગના વિદ્યાર્થીઓની માતા ઘરકામ કરે છે. પરંતુ પોતાનું ગુજરાન ચલાવવા મજૂરી કરતી એક માતા પોતાના સંતાનને પાઈલોટ ટ્રેનિંગ કરાવે છે.

**કોષ્ટક નં.૧.૨૬**

**વિદ્યાર્થીના મકાનની વિગત દર્શાવતું કોષ્ટક**

| | | | |
|---|---|---|---|
| ૧ | ટેનામેન્ટ્ | ૧ | ૯.૦૯ |
| ૨ | ફલેટ્ | ૧ | ૯.૦૯ |
| ૩ | બંગલો | ૭ | ૬૩.૬૪ |
| ૪ | કાચું | ૨ | ૧૮.૧૮ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

અભ્યાસમાં આવરેલ ઉત્તરદાતા વિદ્યાર્થીઓના મકાનની વિગત કોષ્ટક નં.૧.૨૬ પર દર્શાવવામાં આવી છે તે વિગતો અનુસાર કુલ ૭ (૬૩.૬૪ ટકા) વિદ્યાર્થીઓના મકાનો બંગલોઝ ટાઈપ છે, ૨ (૧૮.૧૮ ટકા) વિદ્યાર્થીઓના મકાનો કાચા (દેશી) છે, જ્યારે અન્ય બે વિદ્યાર્થીઓના મકાનો અનુક્રમે ટેનામેન્ટ અને ફલેટ છે, એટલે કે મોટાભાગના વિદ્યાર્થીઓ બંગલોઝમાં રહે છે.

**કોષ્ટક નં.૧.૨૭**

**ઉત્તરદાતાના પિતા જમીન ધરાવે છે કે કેમ? તે વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | હા | ૬ | ૫૪.૫૫ |
| ૨ | ના | ૫ | ૪૫.૪૫ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક નં. ૧.૨૭ પર અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના પિતા જમીન ધરાવે છે કે કેમ ? તે અંગેની વિગતો દર્શાવવામાં આવી છે તે મુજબ કુલ-૬ (૫૪.૫૫ ટકા) વિદ્યાર્થીઓના પિતા માલિકીની જમીન ધરાવે છે, જ્યારે કુલ ૫ (૪૫.૪૫ ટકા) વિદ્યાર્થીઓના પિતા જમીન ધરાવતા નથી.

**કોષ્ટક નં.૧.૨૮**

**વિદ્યાર્થીના પિતાની માલિકીની જમીન દર્શાવતું કોષ્ટક**

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ એકર થી ૨ એકર | ૪ | ૩૬.૩૬ |
| ૨ | ૨.૧ એકર થી ૫ એકર | ૧ | ૯.૦૯ |
| ૩ | ૫.૧ એકર થી વધુ | ૧ | ૯.૦૯ |
| ૪ | **નોંધ-- જમીન વગરના** | ૫ | ૪૫.૪૬ |
| | **કુલ** | **૧૧** | ૧૦૦% |

જમીન ધરાવનારા વિદ્યાર્થીઓના પિતા પાસેની જમીનનું પ્રમાણ કોષ્ટક નં. ૧.૨૮ પર દર્શાવેલ છે તે મુજબ ૪ (૩૬.૩૬ ટકા) વિદ્યાર્થીઓના પિતા પાસે ૧ થી ૨ એકર જમીન છે, જ્યારે ૧ વિદ્યાર્થીના પિતા પાસે અનુક્રમે ૨.૧ થી ૫ એકર જ્યારે ૧ વિદ્યાર્થીના પિતા પાસે ૫.૧ થી વધુ એક જમીન છે. જમીન ધરાવનારા પૈકી ૪ (૮૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓના પિતા પોતાની માલિકીની જમીનમાં ખેતી કરે છે, જ્યારે ૨(બે) વિદ્યાર્થીનાં પિતા ખેતી કરતા નથી. મતલબ કે જમીન ધરાવનારાઓ પૈકી મોટાભાગના ખેતી કરે છે.

## કોષ્ટક નં.૧.૨૯

## વિદ્યાર્થીના પિતાની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ હજાર થી ૧ લાખ | ૨ | ૧૮.૧૮ |
| ૨ | ૧.૧ લાખ થી ૨ લાખ | ૩ | ૨૭.૨૭ |
| ૩ | ૨.૧ લાખ થી ૩ લાખ | ૨ | ૧૮.૧૮ |
| ૪ | ૩.૧ લાખ થી ૫ લાખ | ૧ | ૯.૦૯ |
| ૫ | ૫.૧ લાખ થી વધુ | ૩ | ૨૭.૨૮ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

*અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીના કુટુંબની કુલ વાર્ષિક આવક કોષ્ટક નં. ૧.૨૯ પર દર્શાવવામાં આવી છે તે મુજબ ૩ (૨૭.૨૭ ટકા) વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧ હજારથી ૧ લાખ રૂપિયા છે, અન્ય ૩ (૨૭.૨૭ ટકા) વિદ્યાર્થીના કુટુંબની વાર્ષિક આવક રૂા.૫.૧ લાખથી વધુ છે. જ્યારે ૨ (૧૮.૧૮ ટકા) વિદ્યાર્થીની વાર્ષિક આવક રૂા.૨.૧ થી ૩ લાખ છે, જ્યારે ૩.૧ થી ૫ લાખની વાર્ષિક આવક ૧ (એક) વિદ્યાર્થીના કુટુંબની છે. ઉપરોક્ત વર્ગીકરણના વિશ્લેષણથી જણાય છે કે મોટાભાગના વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧.૧ થી ૩ લાખ સુધીની છે.*

## કોષ્ટક નં.૧.૩૦

## વિદ્યાર્થીના પિતાની ખેતીની વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ હજાર થી ૧ લાખ | ૨ | ૪૦.૦૦ |
| ૨ | ૧૧ લાખ થી ૨ લાખ | ૨ | ૪૦.૦૦ |
| ૩ | ૨૧ લાખ થી વધુ | ૧ | ૨૦.૦૦ |
| | કુલ | ૫ | ૧૦૦% |

*ઉપરોક્ત કોષ્ટકમાં ખેતી કરતા વિદ્યાર્થીના કુટુંબમાં ખેતીમાંથી વાર્ષિક આવક દર્શાવવામાં આવી છે તે મુજબ ખેતીમાંથી રૂા. ૧ હજારથી ૧ લાખ રૂા. સુધીની આવક ધરાવતા કુલ-૨ (૪૦ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબો છે, જ્યારે રૂા.૧.૧ લાખ થી ૨ લાખ સુધીની આવક ધરાવતા કુલ ૨ (૪૦ ટકા) વિદ્યાર્થીઓ છે, જ્યારે ખેતીમાંથી રૂા.૨.૧ લાખથી વધુ આવક મેળવનાર ૧ (એક) વિદ્યાર્થી છે, તેથી સ્પષ્ટ જણાય છે કે ખેતી કરનારા કુલ-૫ કુટુંબો પૈકી ૪ કુટુંબોને ખેતીમાંથી રૂા. ૨ લાખ સુધીની વાર્ષિક આવક થાય છે. અહિ એક વિદ્યાર્થીનું કુટુંબ ખેતી કરતું નથી પરંતુ વાર્ષિક આવકમાં ખેતીની આવક જોવા મળે છે.*

**કોષ્ટક નં.૧.૩૧**

**વિદ્યાર્થીના કુટુંબની નોકરીમાંથી થતી વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ લાખ થી ૨ લાખ | ૨ | ૩૩.૩૩ |
| ૨ | ૨.૧ લાખ થી ૩ લાખ | ૨ | ૩૩.૩૩ |
| ૩ | ૩.૧ લાખ થી વધુ | ૨ | ૩૩.૩૪ |
| | કુલ | ૬ | ૧૦૦% |

કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ કરતા કુલ-૧૧ વિદ્યાર્થીઓ પૈકી ૬ વિદ્યાર્થીઓના કુટુંબોમાં માતા-પિતા નોકરી કરે છે તેથી નોકરીમાંથી આવતી વાર્ષિક આવક ઉપરોક્ત કોષ્ટક નં. ૧.૩૧ પર દર્શાવવામાં આવી છે તે મુજબ વાર્ષિક રૂા. ૧ થી ૨ લાખની આવક ૨ વિદ્યાર્થીઓના કુટુંબમાં, ૨ વિદ્યાર્થીઓના કુટુંબમાં રૂા.૨.૧ થી ૩ લાખ અને ૨ વિદ્યાર્થીઓના કુટુંબમાં નોકરીમાંથી રૂા.૩.૧ લાખથી વધુ આવક આવે છે. આમ માતા-પિતાની નોકરીમાંથી વાર્ષિક રૂા. ૧ થી ૩ લાખ આ આવકવાળા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. વિદ્યાર્થીના માતા-પિતાની નોકરી અંગેની પ્રાપ્ત વિગતો મુજબ ૨ વિદ્યાર્થીના માતા-પિતા બન્ને નોકરી કરે છે જ્યારે ૨ વિદ્યાર્થીના ફક્ત પિતા તથા ૨ વિદ્યાર્થીની ફક્ત માતા નોકરી કરતી જોવા મળે છે.

**કોષ્ટક નં.૧.૩૨**

**વિદ્યાર્થીના કુટુંબના નાના-મોટા ધંધાઓમાંથી થતી વાર્ષિક આવક દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ લાખ થી ૨ લાખ | ૧ | ૨૫ |
| ૨ | ૨.૧ લાખ થી ૩ લાખ | ૨ | ૫૦ |
| ૩ | ૩.૧ લાખ થી વધુ | ૧ | ૨૫ |
| | કુલ | ૪ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં વિદ્યાર્થીઓના કુટુંબની નાના-મોટા ધંધાઓ (કરિયાણા, દુધ ડેરી, ગલ્લો વગેરે) માંથી આવતી વાર્ષિક આવક દર્શાવવામાં આવેલ છે. આવા નાના-મોટા ધંધાઓમાંથી વાર્ષિક રૂા.૧ લાખથી ૩ લાખ સુધીની આવક આવતી હોય તેવા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. માત્ર ૧ (એક) વિદ્યાર્થીના કુટુંબમાં આવા ધંધાઓમાંથી વાર્ષિક રૂા.૩.૧ લાખ કે તેથી વધુ આવક આવે છે.

કોષ્ટક નં.૧.૩૩

વિદ્યાર્થીના કુટુંબનો વાર્ષિક ખર્ચ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | .આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ લાખ થી ૨ લાખ | ૩ | ૨૭.૨૭ |
| ૨ | ૨.૧ લાખ થી ૩ લાખ | ૬ | ૫૪.૫૫ |
| ૩ | ૩.૧ લાખ થી ૪ લાખ | ૨ | ૧૮.૧૮ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક નં.૧.૩૩ પર ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ દર્શાવવામાં આવ્યો છે. તે ખર્ચની વિગતો મુજબ ૬(૫૪.૫૫ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા. ૨.૧ થી ૩ લાખ છે, ૨(૧૮.૧૮ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા.૩.૧ થી ૪ લાખ છે. તે સિવાયના ૩ વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા. ૧ થી ૨ લાખ થતો હોય તેમ જોવા મળેલ છે.

કોષ્ટક નં.૧.૩૪

વિદ્યાર્થીના કુટુંબના વાર્ષિક ખર્ચમાં શૈક્ષણિક ખર્ચ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ હજાર થી ૧ લાખ | ૧ | ૯.૦૯ |
| ૨ | ૧.૧ લાખ થી ૨ લાખ | ૫ | ૪૫.૪૬ |
| ૩ | ૨.૧ લાખ થી ૩ લાખ | ૨ | ૧૮.૧૮ |
| ૪ | ૩.૧ લાખ થી ૪ લાખ | ૨ | ૧૮.૧૮ |
| ૫ | ૪.૧ લાખ થી વધુ | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટકમાં ઉત્તરદાતા વિદ્યાર્થીઓના કુટુંબના વાર્ષિક ખર્ચમાં શૈક્ષણિક ખર્ચની વિગતો દર્શાવવામાં આવી છે તે મુજબ ૧૧ વિદ્યાર્થીઓ પૈકી ૫(૪૫.૪૬ ટકા) વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક શૈક્ષણિક ખર્ચ રૂા.૧.૧ થી ૨ લાખ સુધીનો છે. ૨ વિદ્યાર્થીઓના કુટુંબનો આ ખર્ચ રૂા.૨.૧ લાખથી રૂા.૩ લાખ, જ્યારે ૩.૧ થી ૪ લાખ રૂા.નો ખર્ચ ૨ વિદ્યાર્થીના કુટુંબમાં થાય છે. ૧ એક વિદ્યાર્થીના કુટુંબમાં શિક્ષણ પાછળ રૂા.૪.૧ લાખ કરતાં પણ વધુ ખર્ચ થાય છે, જ્યારે ૨ વિદ્યાર્થીના કુટુંબમાં વાર્ષિક શૈક્ષણિક ખર્ચ અનુક્રમે રૂા.૧ હજારથી ૧ લાખ અને રૂા.૨.૧ લાખ થી ૩ લાખ સુધી શૈક્ષણિક ખર્ચ થાય છે. આ વિશ્લેષણથી જ્ઞાત થાય છે કે આદિવાસી કુટુંબોમાં શિક્ષણ પાછળ થતો વધુ ખર્ચ તે આદિવાસી સમુદાયમાં ઉચ્ચ શિક્ષણના માધ્યમથી સારી કારકિર્દી પ્રાપ્ત કરવાની જાગૃતિ જોવા મળે છે.

**કોષ્ટક નં.૧.૩૫**

**વિદ્યાર્થીના કુટુંબનો વાર્ષિક સામાજિક ખર્ચ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ હજાર થી ૧૦ હજાર | ૫ | ૪૫.૪૬ |
| ૨ | ૧૦.૧ હજાર થી ૨૦ હજાર | ૪ | ૩૬.૩૬ |
| ૩ | ૨૦.૧ હજાર થી વધુ | ૨ | ૧૮.૧૮ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના કુટુંબોમાં વાર્ષિક સામાજિક ખર્ચમાં સૌથી વધુ ૯ વિદ્યાર્થીઓના કુટુંબોમાં વાર્ષિક ખર્ચ માત્ર રૂા. ૧ હજારથી રૂા.૨૦ હજાર નો જોવા મળે છે, માત્ર ૨ વિદ્યાર્થીઓના કુટુંબોમાં વાર્ષિક રૂા. ૨૦.૧ હજાર કે તેથી વધુ ખર્ચ થાય છે જે સામાજીક જાગૃતિ અથવા તો ખોટા ખર્ચ અટકાવી શિક્ષણ જેવી બાબતોમાં વધુ ખર્ચ કરવાની જાગૃતિ પ્રસ્તુત અભ્યાસથી આદિવાસી કુટુંબોમાં જોઈ શકાય છે.

**કોષ્ટક નં.૧.૩૬**

**વિદ્યાર્થીના કુટુંબોમાં આકસ્મિક વાર્ષિક ખર્ચ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ હજાર થી ૧૦ હજાર | ૯ | ૮૧.૮૨ |
| ૨ | ૧૦.૧ હજાર થી ૨૦ હજાર | ૧ | ૯.૦૯ |
| ૩ | ૨૦.૧ હજાર થી વધુ | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના કુટુંબોમાં આકસ્મિક ખર્ચાઓની સ્થિતિ પણ કોષ્ટક નં. ૧.૩૬ પર દર્શાવવામાં આવી છે, તે મુજબ આવા આકસ્મિક ખર્ચાઓ મોટાભાગના ૯ વિદ્યાર્થીઓના કુટુંબમાં વાર્ષિક રૂા. ૧ થી ૧૦ હજાર છે. માત્ર બે વિદ્યાર્થીઓના કુટુંબમાં આવા આકસ્મિક ખર્ચાઓ વાર્ષિક રૂા. ૧૦ થી ૨૦ હજાર કે તેથી વધુ થાય છે. અહિ આકસ્મિક ખર્ચાઓ પણ ન્યુનતમ જોવા મળે છે.

## કોષ્ટક નં.૧.૩૭

## વિદ્યાર્થીના કુટુંબનો રોજીંદો ખર્ચ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | રૂા. ૧૦૦ થી ૨૦૦ | ૧ | ૯.૦૯ |
| ૨ | રૂા. ૨૦૧ થી ૪૦૦ | ૩ | ૨૭.૨૭ |
| ૩ | રૂા. ૪૦૧ થી ૮૦૦ | ૬ | ૫૪.૫૫ |
| ૪ | રૂા.૮૦૧ થી વધુ | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના કુટુંબના રોજીંદા ખર્ચની માહિતી કોષ્ટક નં.૧.૩૭ પર દર્શાવવામાં આવી છે તે જોતાં મોટાભાગના એટલે કે ૧૦ વિદ્યાર્થીઓના કુટુંબોમાં દૈનિક ખર્ચ રૂા. ૧૦૦ થી ૮૦૦ સુધી છે, જયારે એક વિદ્યાર્થીના કુટુંબનો દૈનિક ખર્ચ રૂા.૮૦૧થી વધુ છે.

## કોષ્ટક નં.૧.૩૮

## વિદ્યાર્થીના કુટુંબમાં વ્હીકલની માહિતી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | બાઈક | ૫ | ૪૫.૪૬ |
| ૨ | કાર | ૫ | ૪૫.૪૫ |
| ૩ | મોટર વ્હીકલ ધરાવતા નથી | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના કુટુંબમાં વ્હીકલ હોવા અંગેની માહિતી જોતાં તે કોષ્ટક નં. ૧.૩૮ પર તેવી વિગતો દર્શાવવામાં આવેલ છે તે મુજબ ૫ વિદ્યાર્થીઓના કુટુંબ પાસે બાઈક છે, જયારે ૫ વિદ્યાર્થીઓના કુટુંબ પાસે મોટરકાર છે. એક વિદ્યાર્થીના કુટુંબમાં વ્હીકલમાં કઈ નથી આ રીતે મોટાભાગના કુટુંબો પાસે બાઈક અને કાર છે.

## પ્રકરણ-૨

## વિદ્યાર્થીઓની યોજના સંબંધી સ્થિતિ

તેજસ્વી કારકિર્દી ધરાવતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં જવા માટેની અને કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ કરતા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ માટે સરકારશ્રીની યોજના અન્વયે નાણાંકીય લોન સહાય આપવાની આ યોજના અંગેના મૂલ્યાંકન અભ્યાસ માટે પ્રકરણ-૨માં લાભાર્થી વિદ્યાર્થીઓ પાસેથી અભ્યાસમાં આવરેલ 'વિદેશ અભ્યાસ' અને ''કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ માટે લોન સહાય'' યોજના સંબંધી માહિતી મેળવવામાં આવેલ છે. આ માહિતીને વિવિધ ભાગોમાં વહેંચીને આ યોજનાઓથી આદિજાતિ વિદ્યાર્થીઓ ખરેખર લાભાન્વિત થયા છે કે કેમ ? તે અંગેનો અભ્યાસ કરવા બન્ને યોજનાઓના જુદા જુદા પાસાઓને ઝીણવટપૂર્વક અભ્યાસમાં સાંકળવામાં આવ્યા છે. જેમાં બન્ને યોજનાઓ અંગેની જાણકારી વિદ્યાર્થીઓને કયાંથી અને કેવી રીતે મળી ત્યાંથી શરૂ કરીને આ યોજનાઓના અમલીકરણથી ખરેખર અનુ.જનજાતિના લાભાર્થી વિદ્યાર્થીઓ જેઓ પ્રસ્તુત અભ્યાસના ઉત્તરદાતાઓ છે તેઓને શું શું લાભો થયા છે, આ યોજનાઓનો લાભ મેળવવામાં શું શું મુશ્કેલીઓ પડી, કેવા પ્રકારની મુશ્કેલીઓ, વિદ્યાર્થીઓ વિદેશની કઈ કઈ યુનિવર્સિટીઓમાં કેવી-કેવી વિદ્યાશાખાઓમાં અભ્યાસ કરે છે, ટ્રેનિંગ મેળવે છે, અભ્યાસ પૂર્ણ કરેલ છે કે અભ્યાસ ચાલુ છે, પૂર્ણ અભ્યાસ કે તાલીમ કરેલા વિદ્યાર્થીઓને નોકરી મળી કે કેમ ? નોકરી મળી તો તેના અભ્યાસને સંબંધિત નોકરી મળી કે અન્ય લાઈનની નોકરી કરે છે. આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી મેળવેલ લોનની ભરપાઈ કરવાની શું સ્થિતિ છે અને અંતે સમગ્રતય આ બન્ને યોજનાઓ ખરેખર આદિજાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા જવા માટે તથા પાઈલોટ ટ્રેનિંગ મેળવવા માટે ઉપયોગી છે? કે તેમાં કંઈ સુધારા-વધારાની આવશ્યકતા છે. તદ્ઉપરાંત આદિજાતિના વિદ્યાર્થીઓએ વિદેશમાં અભ્યાસ અર્થે તથા કોર્મર્શિયલ પાઈલોટ ટ્રેનિંગમાં જવાનું હોઈ શું શું તૈયારીઓ રાખવી વગેરે બાબતોને લઈને પ્રકરણ-૨માં વિદેશ અભ્યાસના વિદ્યાર્થીઓની યોજના સંબંધિત માહિતી કોષ્ટક નં.૨.૧ થી કોષ્ટક નં.૨.૧૮ સુધીમાં તેમજ કોમર્શીયલ પાઈલોટ ટ્રેનીંગના લાભાર્થીઓની યોજના સંબંધી માહિતી કોષ્ટક નં.૨.૧૯ થી કોષ્ટક નં.૨.૩૫ સુધી દર્શાવવામાં આવી છે તેના વર્ગીકરણના અભ્યાસ આધારે અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે.

## કોષ્ટક નં.૨.૧

વિદેશ અભ્યાસ માટે પ્રેરણા ક્યાંથી મળી તે અંગેના અભિપ્રાયો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ |
|---|---|---|
| ૧ | પોતે પ્રયાસ કર્યો | ૩ |
| ૨ | મિત્ર વર્તુળ દ્વારા | ૨૧ |
| ૩ | સગા સબંધી દ્વારા | ૧૨ |
| ૪ | વર્તમાન પત્રો દ્વારા | ૩૦ |
| ૫ | પડોશી દ્વારા | ૧ |
| ૬ | કોલેજમાં સેમિનાર દ્વારા | ૩ |
| ૭ | ટ્રાવેલ એજન્ટ દ્વારા | ૨ |
| ૮ | ઈન્ટરનેટ દ્વારા | ૯ |
| ૯ | જવાબ મળેલ નથી | ૧ |
| | કુલ | ૮૨ |

નોંધ :- ઉપરોક્ત કોષ્ટકમાં પ્રેરણા અંગે એકથી વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટક નં.૨.૧ પરથી જણાશે કે આદિજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવાની પ્રેરણા ક્યાંથી મળી હતી તે વિગતો સંદર્ભે સૌથી વધુ ૩૦ વિદ્યાર્થીઓને આવી પ્રેરણા વર્તમાનપત્રો દ્વારા મળેલ છે, ૨૧ વિદ્યાર્થીઓને મિત્ર વર્તુળ દ્વારા આવી પ્રેરણા મળી. ૧૨ વિદ્યાર્થીઓને તેમના સગા સંબંધીઓ પાસેથી અને ૯ વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસે જવાની પ્રેરણા ઈન્ટરનેટ દ્વારા મળી હોવાનું જાણવા મળેલ છે તે સિવાય પોતાની કોલેજોમાં થતા સેમિનારો દ્વારા, ટ્રાવેલ્સ એજન્ટ દ્વારા, પોતાના વિવિધ પ્રયાસો દ્વારા કે પાડોશીઓ દ્વારા આવી પ્રેરણા મળી હોવાનું ઉત્તરદાતા વિદ્યાર્થીઓ જણાવે છે.

ઉપરોક્ત વર્ગીકરણથી સ્પષ્ટ થાય છે કે ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં જવાની પ્રેરણા મોટાભાગના વિદ્યાર્થીઓને વર્તમાનપત્રો તથા મિત્ર વર્તુળ દ્વારા મળેલ છે તે સાથે આવી પ્રેરણા મેળવવામાં ઈન્ટરનેટ સેવા પણ મહત્વની પુરવાર થઈ છે. જેથી પ્રચાર અને પ્રસાર માધ્યમોની અસરનું પરિણામ તે આ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટેનો મુખ્ય પ્રેરણાસ્ત્રોત રહ્યું હોવાનું નકારી શકાતું નથી આમ ગુજરાતના આદિજાતિ વિસ્તારોમાં પણ પ્રિન્ટ મિડીયા અને ઈલેક્ટ્રોનિક મિડીયાના લાભો આદિવાસી યુવાનોને મળતા થયા છે. આદિવાસી વિસ્તારોમાં પણ તેનો સારો એવો પ્રચાર હોવાનું સ્પષ્ટ થાય છે જે આધુનિકીકરણનું મુખ્ય લક્ષણ છે.

## કોષ્ટક નં.૨.૨

## વિદ્યાર્થીઓની વિદ્યાશાખા દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ફાર્મસી સર્વિસ | ૧ | ૧.૩૩ |
| ૨ | એમ.બી.બી.એસ | ૩૨ | ૪૨.૬૭ |
| ૩ | બી. ટી. ટી | ૧ | ૧.૩૩ |
| ૪ | ડિપ્લોમા હોસ્પિટાલીટી | ૨ | ૨.૬૭ |
| ૫ | એ. સી. એ | ૧ | ૧.૩૩ |
| ૬ | ડી. બી. એમ | ૨ | ૨.૬૭ |
| ૭ | એમ. એસ. સી | ૪ | ૫.૩૪ |
| ૮ | એમ. બી. એ | ૭ | ૯.૩૪ |
| ૯ | ડિપ્લોમા એન્જિનિયરિંગ | ૧ | ૧.૩૩ |
| ૧૦ | ડી. સી | ૧ | ૧.૩૩ |
| ૧૧ | ઇ. સી. ડી. એ. આઇ | ૧ | ૧.૩૩ |
| ૧૨ | ડી. ઇ. સી | ૧ | ૧.૩૩ |
| ૧૩ | ડી. બી. એ | ૧ | ૧.૩૩ |
| ૧૪ | એમ. ઇ | ૧ | ૧.૩૩ |
| ૧૫ | ડી. એ. એફ. બી. બી | ૧ | ૧.૩૩ |
| ૧૬ | બી. આઇ. ટી | ૧ | ૧.૩૩ |
| ૧૭ | કોમ્પ્યુટર સાયન્સ | ૨ | ૨.૬૭ |
| ૧૮ | ઇ. ઇ. સી | ૧ | ૧.૩૩ |
| ૧૯ | ડી. આઇ. ટી | ૧ | ૧.૩૩ |
| ૨૦ | એમ. કોમ | ૧ | ૧.૩૩ |
| ૨૧ | બી. ડી. આઇ. ટી | ૧ | ૧.૩૩ |
| ૨૨ | બી. એસ. સી | ૧ | ૧.૩૩ |
| ૨૩ | આઇ. ટી | ૧ | ૧.૩૩ |
| ૨૪ | બી. ઇ. એમ. ઇ | ૧ | ૧.૩૩ |
| ૨૫ | ડી. એચ. એમ | ૧ | ૧.૩૩ |
| ૨૬ | પી.એચ.ડી | ૧ | ૧.૩૩ |
| ૨૭ | બી.એફ.ડી.એમ.એ | ૧ | ૧.૩૩ |
| ૨૮ | સી. આઇ.એસ | ૧ | ૧.૩૩ |
| ૨૯ | એ. ડી. એમ. એચ | ૧ | ૧.૩૩ |
| ૩૦ | પી. એ. ડી. એમ. | ૧ | ૧.૩૩ |
| ૩૧ | એમ. ડી. ઇ. બી | ૧ | ૧.૩૩ |
| ૩૨ | આઇ. કે. ટી | ૧ | ૧.૩૩ |
|  | કુલ | ૭૫ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક નં.૨ માં આદિજાતિના વિદ્યાર્થીઓ વિદેશમાં કઈ વિદ્યાશાખામાં પ્રવેશ મેળવી અભ્યાસ કરે છે તે અભ્યાસક્રમોની વિગતો દર્શાવવામાં આવી છે. તે જોતાં અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ૩૨ (૪૨.૬૭ ટકા) વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ.નો અભ્યાસ કરે છે, ૭(૯.૩૪ ટકા) વિદ્યાર્થીઓ એમ.બી.એ. અને ૪ વિદ્યાર્થીઓ એમ.એસ.સી. નો અભ્યાસ કરે છે તે સિવાય જુદા જુદા ૨૮ અભ્યાસક્રમોમાં આદિજાતિ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી વિવિધ દેશોની વિવિધ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરે છે, પરંતુ આ વિદ્યાર્થીઓ પૈકી મેડિકલ અને મેનેજમેન્ટ શાખામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસમાં જોડાયેલ હોવાનું પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણવા મળે છે.

### કોષ્ટક નં.૨.૩

### અભ્યાસમાં જોડાયેલ વિદ્યાર્થીઓ યુનિવર્સિટી અને દેશનું નામ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | યુનિવર્સિટી | દેશ | આવૃતિ | ટકા |
|---|---|---|---|---|
| ૧ | બુકોવિનિયા મેડિકલ સ્ટેટ યુનિ. | યુક્રેન | ૬ | ૮.૦૦ |
| ૨ | સ્મોકલેન્ડ યુનિ. | રશિયા | ૫ | ૬.૬૭ |
| ૩ | ન્યુઝિલેન્ડ યુનિ. | ન્યુઝિલેન્ડ | ૨ | ૨.૬૭ |
| ૪ | કિંગડાઉન યુનિ. | ચીન | ૪ | ૫.૩૪ |
| ૫ | ટેવર સ્ટેટ મેડિકલ એકેડેમી યુનિ. | રશિયા | ૧૫ | ૨૦.૦૦ |
| ૬ | એન્ઝેલિયા રસ્કમ યુનિ. | અમેરિકા | ૩ | ૪.૦૦ |
| ૭ | હોનર્સ ઓફ ગ્રીનવીચ યુનિ. | લંડન | ૩ | ૪.૦૦ |
| ૮ | ટીઝોવ યુનિ. | ચીન | ૧ | ૧.૩૪ |
| ૯ | સ્કોટલેન્ડ નેવિયર યુનિ. | ઈંગ્લેન્ડ | ૫ | ૬.૬૭ |
| ૧૦ | વેલ્સ સ્વાન્સ યુનિ. | લંડન | ૨ | ૨.૬૭ |
| ૧૧ | ડેકીન મેલબોર્ન યુનિ. | ઓસ્ટ્રેલિયા | ૬ | ૮.૦૦ |
| ૧૨ | ડિ. આઇ. એસ. યુનિ. | ઓસ્ટ્રેલિયા | ૪ | ૫.૩૪ |
| ૧૩ | એકસલેન્ડ યુનિ. | લંડન | ૨ | ૨.૬૭ |
| ૧૪ | ઈસુગ્રા યુનિ. | ફ્રાંસ | ૧ | ૧.૩૩ |
| ૧૫ | બ્રીજપોટ યુનિ. | અમેરિકા | ૧ | ૧.૩૩ |
| ૧૬ | જોગચાઉ યુનિ. | ચીન | ૧ | ૧.૩૩ |
| ૧૭ | સેન્ટ્રલ કિવઝલેન્ડ યુનિ. | ઓસ્ટ્રેલિયા | ૧ | ૧.૩૩ |
| ૧૮ | ટેકનોલોજી મેલબોન યુનિ. | સિડની | ૧ | ૧.૩૩ |
| ૧૯ | આઇસેપ યુનિ. | ફ્રાંસ | ૧ | ૧.૩૩ |
| ૨૦ | સીટી. એન્ડ ગ્રીલ્ડ યુનિ. | લંડન | ૪ | ૫.૩૪ |
| ૨૧ | એ.ડી.આઇ યુનિ. | સિંગાપોર | ૧ | ૧.૩૩ |
| ૨૨ | મેરિજેવ કોમ્યુનિટી યુનિ. | અમેરિકા | ૧ | ૧.૩૩ |
| ૨૩ | બેડફોટ સાવર યુનિ. | અમેરિકા | ૨ | ૨.૬૭ |
| ૨૪ | એકેડેમી કોલેજ ઓફ લંડન | લંડન | ૧ | ૧.૩૩ |
| ૨૫ | ટી. સાઇડ. યુનિ. | લંડન | ૧ | ૧.૩૩ |
| ૨૬ | જવાબ મળેલ નથી | | ૧ | ૧.૩૩ |
| | કુલ | | ૭૫ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ આદિજાતિના વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે કયા દેશમાં અને કઈ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે અથવા કર્યો છે તે દર્શાવે છે તે જોતાં કુલ ૭૫ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ૧૫ (૨૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓ રશિયાની "ટેવર સ્ટેટ મેડિકલ એકેડેમી યુનિવર્સિટી" માં અભ્યાસ કરે છે. ૬(૮.૦૦ ટકા) વિદ્યાર્થીઓ ઓસ્ટ્રેલિયાની ડેકીન મેલબોર્ન યુનિવર્સિટીમાં, ૬(૮.૦૦ ટકા) વિદ્યાર્થીઓ યુક્રેનની વુકોવિનિયા મેડિકલ સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરે છે, ૫ વિદ્યાર્થીઓએ રશિયાની સ્કોટલેન્ડ યુનિવર્સિટીમાં, ઉક્ત કોષ્ટકમાં બતાવ્યા મુજબ અન્ય વિદ્યાર્થીઓ ચીન, લંડન, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, અમેરિકા, ફ્રાન્સ, સિડની, સિંગાપોર વગેરે દેશોની વિવિધ યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરે છે, પરંતુ આદિજાતિ વિદ્યાર્થીઓ સૌથી વધુ રશિયા અને ઓસ્ટ્રેલિયામાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા હોવાનું પ્રસ્તુત અભ્યાસ દ્વારા જણાય છે.

### કોષ્ટક નં.૨.૪

### વિદ્યાર્થીઓ કયા વર્ષમાં અભ્યાસમાં જોડાયેલ તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૦૨ | ૧ | ૧.૩૩ |
| ૨ | વર્ષ ૨૦૦૩ | ૧ | ૧.૩૩ |
| ૩ | વર્ષ ૨૦૦૪ | ૧ | ૧.૩૩ |
| ૪ | વર્ષ ૨૦૦૬ | ૩ | ૪.૦૦ |
| ૫ | વર્ષ ૨૦૦૭ | ૪ | ૫.૩૪ |
| ૬ | વર્ષ ૨૦૦૮ | ૧૧ | ૧૪.૬૭ |
| ૭ | વર્ષ ૨૦૦૯ | ૩૨ | ૪૨.૬૬ |
| ૮ | વર્ષ ૨૦૧૦ | ૧૬ | ૨૧.૩૪ |
| ૯ | વર્ષ ૨૦૧૧ | ૬ | ૮.૦૦ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ આદિજાતિ વિદ્યાર્થીઓ કયા કયા વર્ષે અભ્યાસ માટે વિદેશ ગયા તે અંગેની વિગતો કોષ્ટક નં. ૨.૪ પર દર્શાવવામાં આવી છે તે મુજબ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવાની શરૂઆત વર્ષ-૨૦૦૨ થી થઈ એમ જણાય છે, પરંતુ વર્ષ ૨૦૦૬માં કુલ-૩ વિદ્યાર્થીઓ, ૨૦૦૭માં ૪ વિદ્યાર્થીઓ અને વર્ષ ૨૦૦૮માં ૧૧ વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા છે, વર્ષ ૨૦૦૯માં ૩૨ વિદ્યાર્થીઓ વિદેશમાં ગયા અને વર્ષ ૨૦૧૦માં ૧૬, જ્યારે વર્ષ ૨૦૧૧માં ૬ વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયેલા છે.

અહિ એક વાત સ્પષ્ટ થાય છે કે વર્ષ ૨૦૦૮ થી ૨૦૧૧ સુધીના ચાર વર્ષમાં આદિજાતિના ૭૫ વિદ્યાર્થીઓમાંથી ૬૫(૮૬.૬૬ ટકા) વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા છે તે દર્શાવે છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં સરકારે આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે "વનબંધુ કલ્યાણ યોજના"

અંતર્ગત આદિવાસીઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ અને ઉચ્ચશિક્ષણ પર વિશેષ ભાર મૂક્યો તેની ફળશ્રુતિ તથા રાજય સરકારની સાનુકૂળ નીતિ, આદિવાસીઓમાં શિક્ષણ અંગેની જાગૃતિ, માર્ગદર્શન અને આર્થિક સવલતો વગેરે ઉક્ત સમયગાળામાં વિદ્યાર્થીઓને મળી રહ્યા તથા ઉચ્ચશિક્ષણ પાછળ વધુ ખર્ચ કરવાની નીતિ વગેરે બાબતોને પરિણામે આ વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા છે.

**કોષ્ટક નં.૨.૫**

**વિદ્યાર્થીના અભ્યાસની હાલની સ્થિતિ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|---|
| ૧ | | અભ્યાસ ચાલુ | ૩૫ | ૪૬.૬૬ |
| ૨ | | અભ્યાસ પૂર્ણ | ૪૦ | ૫૩.૩૪ |
| | | કુલ | ૭૫ | ૧૦૦ % |

કોષ્ટક નં.૨.૫ માં દર્શાવ્યા પ્રમાણે ૪૦(૫૩.૩૪ ટકા) વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કરી દીધેલ છે. જયારે ૩૫(૪૬.૬૬ ટકા) વિદ્યાર્થીઓનો અભ્યાસ હાલમાં ચાલુ છે, એટલે કે અભ્યાસમાં સમાવિષ્ઠ અડધો-અડધ વિદ્યાર્થીઓએ વિદેશમાંથી પોતાનો અભ્યાસ પૂર્ણ કરી દીધેલ છે.

**કોષ્ટક નં.૨.૬**

**વિદ્યાર્થીને વિદેશમાં અભ્યાસ દરમ્યાન રોજગારલક્ષી કામ મળ્યું કે નહી તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | રોજગારલક્ષી કામ મળ્યું | ૫ | ૬.૬૭ |
| ૨ | રોજગારલક્ષી કામ ના મળ્યુ | ૨૨ | ૨૯.૩૩ |
| ૩ | જવાબ મળેલ નથી | ૪૮ | ૬૪.૦૦ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવ્યાનુસાર વિદેશમાં અભ્યાસ અર્થે ગયેલ વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે કામ મળ્યું હતું, અલબત્ત તેઓએ કામ કર્યું હતું કે કેમ તે અંગેની વિગતો દર્શાવેલ છે તે મુજબ કુલ ૭૫ વિદ્યાર્થીઓમાંથી ૨૨(૨૯.૩૩ ટકા) વિદ્યાર્થીઓને અભ્યાસ સાથે કામ મળ્યું નહોતું અથવા કામ કર્યું નહોતુ, જયારે ૫(૬.૬૭ ટકા) વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથે સાથે કામ પણ કર્યું હતું, જયારે કુલ-૪૮(૬૪.૦૦) વિદ્યાર્થીઓએ આ બાબતે કંઈ જવાબ આપેલ નથી તેથી સ્પષ્ટ જણાય છે કે મોટાભાગના વિદ્યાર્થીઓને અભ્યાસ દરમ્યાન કામ મળેલ નથી અથવા તો કામ કર્યું નથી પરંતુ અભ્યાસકાર્ય કર્યું હોવાનું જણાય છે.

### કોષ્ટક નં.૨.૭

### વિદ્યાર્થીની વર્તમાન સ્થિતિ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | અભ્યાસ | ૩૨ | ૪૨.૬૭ |
| ૨ | બેકાર | ૩ | ૪.૦૦ |
| ૩ | નોકરી | ૧૨ | ૧૬.૦૦ |
| ૪ | ખેતી | ૧ | ૧.૩૩ |
| ૫ | પોતાનો બિઝનેશ | ૧ | ૧.૩૩ |
| ૬ | પ્રાઇવેટ નોકરી | ૨ | ૨.૬૭ |
| ૭ | અભ્યાસ / પાર્ટ ટાઇમ જોબ | ૩ | ૪.૦૦ |
| ૮ | જવાબ મળેલ નથી | ૨૧ | ૨૮.૦૦ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ ઉત્તરદાતા વિદ્યાર્થીઓ વિદેશમાંથી ઉચ્ચ અભ્યાસ કરીને હાલમાં શું કરે છે તે અંગે કોષ્ટક નં.૨.૭માં દર્શાવ્યા મુજબ ૩૨ (૪૨.૬૭ ટકા) વિદ્યાર્થીઓ હાલમાં ઉચ્ચ અભ્યાસં કરે છે, ૧૨ (૧૬.૦૦ ટકા) વિદ્યાર્થીઓ નોકરી કરે છે, ૩ વિદ્યાર્થીઓ અભ્યાસ સાથે પાર્ટ ટાઈમ જોબ કરે છે તથા ૩ વિદ્યાર્થીઓ હાલમાં બેકાર છે, તદ્ઉપરાંત ખેતી, બિઝનેશ અને પ્રાઈવેટ નોકરીમાં અનુક્રમે ૧, ૧ અને ૨ એમ કુલ-૪ વિદ્યાર્થીઓ જોડાયેલ છે, જ્યારે હાલમાં શું કરો છો ? તે અંગે ૨૧ (૨૮.૦૦ ટકા) વિદ્યાર્થીઓએ જવાબો આપેલ નથી. પરંતુ સ્પષ્ટ છે કે મોટાભાગના વિદ્યાર્થીઓ આ અભ્યાસ પૂર્ણ કરી આગળ વધુ અભ્યાસ અને નોકરીમાં જોડાયેલ છે.

### કોષ્ટક નં.૨.૮

### અભ્યાસ સબંધીત નોકરી મળેલ છે. કે નહી તે અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાય દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | અભ્યાસ સબંધીત નોકરી છે | ૧૨ | ૭૦.૫૮ |
| ૨ | અભ્યાસ સબંધીત નોકરી નથી | ૫ | ૨૯.૪૨ |
| | કુલ | ૧૭ | ૧૦૦ % |

નોંધઃ- જે વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ નોકરી માટે પ્રયત્ન કર્યો છે અને નોકરી કરે છે તેજ વિદ્યાર્થીઓના અભિપ્રાય અહી દર્શાવેલ છે.

નોકરી કરનારા ૧૭(૨૨.૬૬ ટકા) વિદ્યાર્થીઓ પૈકી, ૧૨ વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ સંબંધિત નોકરી મળેલ છે, જ્યારે ૫ વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ સંબંધિત નોકરી મળેલ નથી તેથી

પણ સ્પષ્ટ થાય છે કે વિદેશમાંથી ઉચ્ચ અભ્યાસ કર્યા પછી પોતાના અભ્યાસ સંબંધિત નોકરી કરનારા વિદ્યાર્થીઓ વધુ છે. અલબત્ત તેવી નોકરીઓ મળી રહે છે.

**કોષ્ટક નં.૨.૯**

**નોકરી માટે વિદેશમાં સ્થાયી થયા તે વિગત દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ઓસ્ટ્રેલિયા | ૧ | ૧૬.૬૭ |
| ૨ | સિડની | ૧ | ૧૬.૬૭ |
| ૩ | પેરિસ | ૧ | ૧૬.૬૭ |
| ૪ | સ્કોટલેન્ડ | ૧ | ૧૬.૬૭ |
| ૫ | લંડન | ૨ | ૩૩.૩૨ |
| | કુલ | ૬ | ૧૦૦ % |

**નોંધઃ- જે વિદ્યાર્થીઓ વિદેશમાં સ્થાયી થયા છે તે જ વિદ્યાર્થીઓ અહી દર્શાવેલ છે**

વિદેશમાં ઉચ્ચ અભ્યાસ પછી નોકરી સાથે વિદેશમાં જ સ્થાયી થયા હોય તેવા આદિજાતિ વિદ્યાર્થીઓની વિગતો ઉપરોક્ત કોષ્ટક નં.૨.૯ માં દર્શાવવામાં આવી છે તે જોતાં નોકરી કરનારા ૧૭ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૬ (૩૫.૨૯ ટકા) વિદ્યાર્થીઓ વિદેશમાં સ્થાયી થયા છે. તેમાં લંડનમાં-૨, ઓસ્ટ્રોલિયામાં-૧ (સિડની-૧) પેરિસ-૧ અને સ્કોટલેન્ડમાં-૧ એમ કુલ પાંચ દેશોમાં ૬ આદિજાતિ વિદ્યાર્થીઓ નોકરી સાથે વિદેશમાં સ્થાયી થયા છે.

**કોષ્ટક નં.૨.૧૦**

**વિદેશમાં નોકરી માટે કેવા પ્રકારના અભ્યાસની જરૂર પડે છે તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | એમ.બી.બી.એસ. | ૨૨ | ૨૫.૫૯ |
| ૨ | એમ.બી.એ. | ૩ | ૩.૩૯ |
| ૩ | આઇ. ટી. | ૧૦ | ૧૧.૬૩ |
| ૪ | હોસ્પિટાલીટી મેનેજમેન્ટ | ૨ | ૨.૩૩ |
| ૫ | બિઝનેશ ટેકનોલોજી | ૩ | ૩.૩૯ |
| ૬ | એન્જિનિયરિંગ | ૬ | ૬.૯૮ |
| ૭ | એકાઉન્ટીગ | ૧ | ૧.૧૭ |
| ૮ | એમ.એસ. | ૨ | ૨.૩૩ |
| ૯ | પ્રોગ્રામ નેટવર્ક ટેકનીક | ૨ | ૨.૩૩ |
| ૧૦ | જવાબ મળેલ નથી | ૩૫ | ૪૦.૭૦ |
| | કુલ | ૮૬ | ૧૦૦ % |

વિદેશમાં નોકરી મેળવવા માટે કેવા પ્રકારના અભ્યાસક્રમોની આવશ્યકતા રહે છે તે જાણવાનો પ્રયાસ કરતાં ઉપરોક્ત કોષ્ટક નં.૨.૧૦ પર વિદ્યાર્થીઓએ જણાવેલ અભિપ્રાયો મુજબ કુલ-૨૨

(૨૫.૫૮ ટકા) વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ વિદેશમાં મેડિકલ અભ્યાસક્રમોની આવશ્યકતા વધુ છે, ૧૦ (૧૧.૬૩ ટકા) વિદ્યાર્થીઓએ આઈ.ટી., ૬ (૬.૯૮ ટકા) વિદ્યાર્થીઓએ એન્જિનિયરીંગ જેવા અભ્યાસક્રમો વિદેશમાં નોકરી મેળવવા જરૂરી છે તેમ જણાવેલ છે. તદ્ઉપરાંત એમ.બી.એ., બિઝનેશ ટેકનોલોજી, હોસ્પિટાલીટી, પ્રોગ્રામ નેટવર્ક ટેકનીક, એમ.એસ. જેવા અભ્યાસક્રમો પણ વિદેશમાં નોકરી મેળવવા માટે આવશ્યક છે, જ્યારે આ બાબત અંગે ૩૫(૪૦.૭૦ ટકા) વિદ્યાર્થીઓએ જવાબો આપેલ નથી, પરંતુ એમ ચોક્કસ કહી શકાય કે વિદેશમાં અભ્યાસ કરનારા મોટાભાગના વિદ્યાર્થીઓના અભિપ્રાયો મુજબ મેડિકલ અને એન્જિનિયરિંગ ક્ષેત્રના અભ્યાસક્રમો વિદેશમાં નોકરી માટે મહત્વના છે અને તેવા અભ્યાસક્રમોની જરૂરિયાત વધુ રહે છે.

**કોષ્ટક નં.૨.૧૧**

**વિદ્યાર્થીઓએ આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી લીધેલ લોનની રકમ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૫ લાખ | ૭ | ૯.૩૩ |
| ૨ | ૮ લાખ | ૪ | ૫.૩૪ |
| ૩ | ૯ લાખ | ૧ | ૧.૩૩ |
| ૪ | ૧૦ લાખ | ૬૦ | ૮૦.૦૦ |
| ૫ | જવાબ મળેલ નથી | ૩ | ૪.૦૦ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ આદિજાતિના વિદ્યાર્થીઓએ આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગરમાંથી લીધેલ લોનની રકમ અંગે ઉપરોક્ત કોષ્ટક નં.૨.૧૧ માં દર્શાવ્યા મુજબની વિગતો જોતાં અભ્યાસમાં આવરેલ કુલ ૭૫ વિદ્યાર્થીઓ પૈકી ૬૦ (૮૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓએ રૂા.૧૦ લાખની લોન લીધેલ છે. ૭ વિદ્યાર્થીઓએ રૂા. ૫ લાખની, ૪ વિદ્યાર્થીઓએ રૂા.૮ લાખની અને ૧ (એક) વિદ્યાર્થીએ રૂા.૯ લાખની લોન મેળવેલ છે, જ્યારે અભ્યાસમાં આવરેલ ૭૫ પૈકીના ૩ વિદ્યાર્થીઓએ લોનની રકમ બાબતે કંઈ જવાબ આપેલ નથી પરંતુ લોન મેળવેલ છે.

ઉપરોક્ત વર્ગીકરણથી સ્પષ્ટ થાય છે કે સૌથી વધુ ૬૦ (૮૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓએ આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી રૂા.૧૦(દશ) લાખની લોન લીધેલ છે, જ્યારે બાકીના બધાએ રૂા.૫ લાખ થી ૯ લાખ સુધીની લોન મેળવેલ છે.

## કોષ્ટક નં.૨.૧૨

### લોન ભરપાઇની સ્થિતિ દર્શાવતુ કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ચાલુ અભ્યાસ | ૩૨ | ૪૨.૬૬ |
| ૨ | ચાલુ હપ્તા | ૩૩ | ૪૪.૦૦ |
| ૩ | લોન પૂર્ણ | ૬ | ૮.૦૦ |
| ૪ | રકમ બાકી | ૪ | ૫.૩૪ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

આદિજાતિના વિદ્યાર્થીઓએ મેળવેલ લોનની રકમ ભરપાઈ કરવાની સ્થિતિ ઉપરોક્ત કોષ્ટક નં.૨.૧૨માં દર્શાવવામાં આવી છે. તેના પરથી જણાય છે કે કુલ ૭૫ વિદ્યાર્થીઓ પૈકી ૩૩ (૪૪.૦૦ ટકા) વિદ્યાર્થીઓની લોનના હપ્તા નિયમિત ભરવાનું ચાલુ છે, જ્યારે ૩૨ (૪૨.૬૬ ટકા) વિદ્યાર્થીઓની લોનના હપ્તા હજી શરૂ થયેલ નથી તેઓનો અભ્યાસ હજુ ચાલુ છે. તેમજ ૬ (૮.૦૦ ટકા) વિદ્યાર્થીઓની લોન ભરપાઈ થઈ ગયેલ છે અને ૪ (૫.૩૪ ટકા) વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં લોન ભરપાઈ કરવાની બાકી છે.

ઉપરોક્ત વર્ગીકરણથી સ્પષ્ટ થાય છે કે મોટાભાગના ૩૩ વિદ્યાર્થીઓના લોન હપ્તા નિયમિત ભરાય છે. જેઓનો અભ્યાસ ચાલુ છે તે ૩૨ વિદ્યાર્થીઓના લોન હપ્તા શરૂ થયા નથી, જ્યારે ૪ વિદ્યાર્થીઓનો અભ્યાસ પૂર્ણ થયેલ હોવા છતાં લોનની રકમ હાલમાં કોઈ કારણસર ભરપાઈ થયેલ નથી.

## કોષ્ટક નં.૨.૧૩

### અરજી કર્યા બાદ લોન મળવાનો સમય ગાળો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ૧ માસ સુધીમાં | ૧૧ | ૧૪.૬૬ |
| ૨ | ૨ માસ સુધીમાં | ૨૮ | ૩૭.૩૪ |
| ૩ | ૩ માસ સુધીમાં | ૧૫ | ૨૦.૦૦ |
| ૪ | ૪ માસ સુધીમાં | ૧૧ | ૧૪.૬૬ |
| ૫ | ૫ માસ સુધીમાં | ૩ | ૪.૦૦ |
| ૬ | ૮ માસ સુધીમાં | ૨ | ૨.૬૭ |
| ૭ | ૨ વર્ષ સુધીમાં | ૧ | ૧.૩૩ |
| ૮ | જવાબ મળેલ નથી. | ૪ | ૫.૩૪ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જનારા આદિજાતિ વિદ્યાર્થીઓને આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી

લોન માટેની અરજી કર્યાના કેટલા સમયમાં લોન મળેલ છે તે દર્શાવવા ઉપરોક્ત કોષ્ટક નં.૨.૧૩ની વિગતો જોતાં કુલ ૨૮ (૩૭.૩૪ ટકા) વિદ્યાર્થીઓને આવી લોન મેળવવાની અરજી કર્યાના ૨ માસમાં લોનની રકમ મળી ગયેલ છે, ૧૫ (૨૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓને ૩ માસમાં, ૧૧ વિદ્યાર્થીઓને ૧ (એક) માસમાં અન્ય ૧૧ વિદ્યાર્થીઓને ૪ માસમાં, ૩ વિદ્યાર્થીઓને ૫ માસમાં ૨ વિદ્યાર્થીઓને ૮ માસ પછી તેમજ ૧ (એક) વિદ્યાર્થીને લોન માટેની અરજી કર્યાના ૨ વર્ષ પછી લોન માટેની રકમ મળેલ છે, જ્યારે આ બાબત ૪ (૫.૩૪ ટકા) વિદ્યાર્થીઓએ કંઈ પણ જવાબ આપેલ નથી.

ઉપરોક્ત વર્ગીકરણથી સ્પષ્ટ જણાય છે કે વિદ્યાર્થીઓને લોન માટેની અરજી કર્યાના મોટાભાગના વિદ્યાર્થીઓને ૨ માસમાં લોનની રકમ મળી ગયેલ છે તેમ છતાં એક થી ચાર માસમાં સૌથી વધુ ૬ એટલે કે ૮૬.૬૭ ટકા વિદ્યાર્થીઓને લોન મળી ગયેલ છે.

### કોષ્ટક નં.૨.૧૪

### લોન મેળવવામાં પડેલી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ |
|---|---|---|
| ૧ | પુરાવા એકત્ર કરવામાં | ૨૧ |
| ૨ | નોટરી કરાવવામાં | ૧ |
| ૩ | સાક્ષીઓ શોધવામાં | ૮ |
| ૪ | ટાઇમે લોન મળતી નથી | ૧ |
| ૫ | સી.ટી સર્વે માટેના ધક્કા | ૧ |
| ૬ | બેંકની એન. ઓ. સી. માટેના ધક્કા | ૧ |
| ૭ | લોનની માહિતીનો અભાવ | ૧ |
| ૮ | જવાબ મળેલ નથી | ૪૯ |

નોંધઃ- ઉતરદાતાના આ પ્રશ્નમાં એકથી વધુ જવાબ મળેલ છે.

ઉપરોક્ત કોષ્ટકમાં વિદ્યાર્થીઓને લોન મેળવવામાં પડતી મુશ્કેલીઓ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાયો મેળવવામાં આવ્યા છે. તે મુજબ કુલ અભિપ્રાયો પૈકી ૨૧ (૨૫.૩૦ ટકા) અભિપ્રાયો લોન મેળવવાના પુરાવા એકત્ર કરવામાં મુશ્કેલીનો સામનો કરવો પડેલ છે, ૮ (૯.૬૩ ટકા) અભિપ્રાયો સાક્ષીઓ શોધવામાં મુશ્કેલી પડે છે. આમ આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી લોન મેળવવા માટે ઉપર મુજબ મુખ્ય બે પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. આ સિવાય ૪૯ વિદ્યાર્થિઓના આ બાબતે કોઈ જવાબ મળેલ નથી તેથી તેવા વિદ્યાર્થીઓના આ અંગેના અભિપ્રાયો જાણી શકાયા નથી.

## કોષ્ટક નં.૨.૧૫

### અભ્યાસ દરમિયાન વિદેશમાં પડેલ મુશ્કેલી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ |
|---|---|---|
| ૧ | વિઝા માટેની તકલીફ | ૩ |
| ૨ | આર્થિક સમસ્યા | ૧૦ |
| ૩ | માર્ગદર્શનનો અભાવ | ૩ |
| ૪ | રહેઠાણ અને જમવાની તકલીફ | ૪ |
| ૫ | ત્યાંની સ્થાનિક ભાષાની સમસ્યા | ૧૩ |
| ૬ | ત્યાંના નિયમો સાથે સુસંગતતા સાધવાની તકલીફ | ૧ |
| ૭ | પાર્ટટાઇમ જોબ કરવાની તકલીફ | ૧ |
| ૮ | જવાબ મળેલ નથી | ૪૭ |

નોંધઃ- ઉપરોક્ત અભિપ્રાયમાં ઉત્તરદાતાના એકથી વધુ જવાબ મળેલ છે.

અભ્યાસમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓને વિદેશમાં શું શું મુશ્કેલી પડેલ તે અંગે કોષ્ટક નં.૨.૧૫માં દર્શાવ્યા મુજબ સૌથી વધુ ત્યાંની ભાષા સમજવામાં મુશ્કેલી પડેલ છે. તેમજ કુટુંબની આર્થિક પરિસ્થિતિની મર્યાદામાં રહીને અભ્યાસ કરવાનો હોવાથી કુટુંબની નબળી આર્થિક પરિસ્થિતિના કારણે પણ મુશ્કેલી અનુભવી, તદ્ઉપરાંત રહેવા, જમવાની તકલીફ , માર્ગદર્શનનો અભાવ, વિઝા મેળવવામાં તકલીફ વગેરે મુખ્ય મુશ્કેલીઓ વિદેશમાં આ વિદ્યાર્થીઓએ અનુભવેલ છે.

## કોષ્ટક નં.૨.૧૬

### વિઝા મેળવવામાં પડેલ તકલીફ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃત્તિ | ટકા |
|---|---|---|---|
| ૧ | ખાનગી એજન્ટો દ્વારા શોષણ | ૩ | ૪.૦૦ |
| ૨ | માહિતીના અભાવના કારણે વિઝા કેન્સલ | ૪ | ૫.૩૪ |
| ૩ | ઈન્ટરર્વ્યુ વિષયક માહિતી ન હતી | ૧ | ૧.૩૩ |
| ૪ | જવાબ મળેલ નથી | ૬૭ | ૮૯.૩૩ |
| | કુલ | ૭૫ | ૧૦૦ % |

ઉપરોક્ત કોષ્ટકમાં વિદેશમાં જવા માટે વિઝા મેળવવા પડતી મુશ્કેલીઓ વિશે વિદ્યાર્થીઓના અનુભવો દર્શાવવામાં આવ્યા છે તે મુજબ આ અંગે ૬૭ (૮૯.૩૩ ટકા) વિદ્યાર્થીઓએ આ બાબતે કંઈ પણ જવાબ આપેલ નથી, તેથી તેઓને વિઝા મેળવવામાં પડેલ મુશ્કેલીઓ વિશે જાણી શકાયું નથી,

પરંતુ આ સંબંધે જવાબ મળેલ ૮ વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ વિઝા મેળવવામાં ખાનગી એજન્ટો દ્વારા શોષણનો ભોગ બનવું પડ્યું છે. તેમજ વિઝા સંદર્ભે જરૂરી માહિતીના અભાવે વિઝા કેન્સલ થવાના અનુભવો થયેલ છે. તદ્ઉપરાંત વિઝા સંદર્ભે ઈન્ટરવ્યું વિષયક માહિતી ન હતી તેથી તકલીફ પડી હોવાનું આ વિદ્યાર્થીઓએ જણાવેલ છે.

## કોષ્ટક નં.૨.૧૭

### આર્થિક સ્થિતિને પહોંચી વળવા શું કર્યુ તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ |
|---|---|---|
| ૧ | લોન લીધી | ૩૧ |
| ૨ | સગા-સબંધીએ મદદ કરી | ૩૬ |
| ૩ | નાણાની બચત કરી | ૧ |
| ૪ | મિત્રોએ મદદ કરી | ૧૦ |
| ૫ | પાર્ટ ટાઈમ નોકરી કરી | ૧ |
| ૬ | જવાબ મળેલ નથી | ૪ |

નોંધઃ - ઉતરદાતાએ આ બાબતમાં એકથી વધુ જવાબ આપેલ છે.

ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા માટે આર્થિક રીતે પહોંચી વળવા માટે કરેલ પ્રયાસો અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાયો કોષ્ટક નં. ૨.૧૭ પર દર્શાવવામાં આવ્યા છે. તે મુજબ આ વિદ્યાર્થીઓએ મુખ્યત્વે સગાસંબંધીઓની આર્થિક મદદ લીધી તેમજ લોન મેળવીને વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે ગયા હોવાનું જોવા મળે છે.

## કોષ્ટક નં.૨.૧૮

### ઉતરદાત્તાના આ યોજના સંબંધી અભિપ્રાયો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ |
|---|---|---|
| ૧ | વિદેશ અભ્યાસ માટે યોજના ઉપયોગી અને સારી છે | ૩ |
| ૨ | લોનની સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીને આપવી જોઇએ | ૧૬ |
| ૩ | પુરાવાની પુરતા પ્રમાણમાં માહિતી આપવી જોઇએ | ૨૬ |
| ૪ | અભ્યાસ પૂર્ણ થયા બાદ જ લોનના હપ્તા શરૂ થવા જોઇએ | ૨ |
| ૫ | લોનની રકમ વધારવી જોઇએ | ૩૭ |
| ૬ | પ્રિ- વિઝા માટે ૧૫ થી ૩૦ દિવસ છૂટ આપવી જોઇએ | ૨ |
| ૭ | વ્યાજમાં ઘટાડો કરવો જોઇએ | ૧૬ |
| ૮ | આ પ્રકારની લોન ભારતમાં ભણતા વિદ્યાર્થીને આપવી જોઇએ | ૨ |
| ૯ | લોન તાત્કાલિક મંજૂર થવી જોઇએ | ૧ |
| ૧૦ | અભ્યાસ બાદ નોકરીની તકો સરકારે વધારવી જોઇએ | ૩ |

| | | |
|---|---|---|
| ૧૧ | લોનમાં સબસીડી આપવી જોઇએ | ૭ |
| ૧૨ | ફી ઉપરાંત રહેવા જમવાની લોન આપવી જોઇએ | ૨ |
| ૧૩ | લોનની પ્રક્રિયા દરેક જિલ્લાએથી થવી જોઇએ | ૬ |
| ૧૪ | હપ્તા ભરાય તેમ વ્યાજ મૂડી કપાત થવું જોઇએ | ૧ |
| ૧૫ | વિદ્યાર્થીની મિલ્કત જોઇને લોન આપવી જોઇએ | ૨ |
| ૧૬ | દરેક પ્રાયોજના દ્વારા જાહેરાતનું માર્ગદર્શન વિદ્યાર્થીને આપવું | ૭ |
| ૧૭ | વિદેશની યુનિ. સરકાર માન્ય છે કે નહી તે જોઇ લોન આપવી | ૧ |
| ૧૮ | સ્થાનિક તેમજ ઉપર લેવલના કર્મચારીથી નારાજ | ૨ |
| ૧૯ | વિદેશ અભ્યાસથી સમાજ અને નોકરીમાં ઉચું પદ મળે છે | ૧ |
| ૨૦ | સરકારે સેમિનાર, મિડીયા, વર્તમાનપત્રો દ્વારા પ્રચાર-પ્રસાર કરવો | ૧૯ |
| ૨૧ | માર્ગદર્શન માટે ટોલ ફ્રી નંબર રાખવો જોઇએ | ૧ |
| ૨૨ | જામીન મેળવવામાં તકલીફ પડે છે | ૪ |
| ૨૩ | વિદેશ અભ્યાસ બાદ ભારતમાં રોજગારી પુરી પાડવી જોઇએ | ૧ |
| ૨૪ | જામીન / સાક્ષીઓ ન હોવા જોઇએ | ૨ |
| ૨૫ | જવાબ મળેલ નથી | ૨ |

નોંધઃ- આ અભિપ્રાયમાં ઉતરદાત્તાના એકથી વધુ જવાબ મળેલ છે.

*ઉપરોક્ત કોષ્ટકમાં અભ્યાસમાં સમાવિષ્ટ ઉત્તરદાતા વિદ્યાર્થીઓના ‘‘ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવાની યોજના’’ અંગેના અભિપ્રાયો વિશે પૃચ્છા કરવામાં આવી છે. આ બાબતે વિદ્યાર્થીઓએ આપેલ અભિપ્રાયો મુજબ સૌથી વધારે ઝોક લોનની રકમ વધારવી જોઈએ તેમ કુલ ૩૭ અભિપ્રાયો આવેલ છે. ૨૬ અભિપ્રાયો મુજબ આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા આદિજાતિના લાભાર્થીઓને જોઈતા પુરાવાઓ અંગે પહેલેથી જ માહિતી આપવી જોઈએ, ૧૯ અભિપ્રાયોમાં જણાવ્યું છે કે સરકારશ્રી દ્વારા આદિજાતિ વિસ્તારોમાં આ યોજનાની જાણકારી માટે સેમિનાર, મિડિયા, દૈનિક વર્તમાનપત્રો દ્વારા પ્રસાર અને પ્રચાર થવો જોઈએ. ૧૬ અભિપ્રાયોમાં લોન અંગેની સંપૂર્ણ માહિતી વિદ્યાર્થીને સ્પષ્ટ રીતે આપવી અને ૧૬ માં વ્યાજના દરમાં ઘટાડો કરવો તેમ અભિપ્રાયોમાં જણાવવામાં આવ્યું છે. તે સિવાય દરેક પ્રાયોજના ઓફિસ દ્વારા આ સંબંધે માર્ગદર્શન મળી રહે તેવું ગોઠવાવું જોઈએ, લોનમાં સબસીડી આપવી, લોનની પ્રક્રિયા પ્રાયોજના સ્તરે થવી જોઈએ તેવા અભિપ્રાયો આવેલ છે. ટૂંકમાં, અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના યોજનાકીય અભિપ્રાયોમાં મુખ્ય બાબતોમાં લોનની રકમ વધારવી, પુરાવાઓ અંગે સ્પષ્ટ માર્ગદર્શન, યોજના અંગે મિડિયા દ્વારા પ્રસાર-પ્રચાર થવો વિગેરે બાબતો જણાવેલ છે. જેથી આવતા ભવિષ્યમાં વિદ્યાર્થીઓ આ યોજનાનો સારી રીતે લાભ લઈ શકે.*

## કોમર્શિયલ પાઈલોટ ટ્રેનીંગ યોજના સંબંધિત

### કોષ્ટક નં.૨.૧૯

### વિદ્યાર્થીને .પ્રેરણા અને માર્ગદર્શન કયાંથી મળ્યું તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | મિત્ર વર્તળ દ્વારા | ૩ | ૨૭.૨૭ |
| ૨ | સગા સબંધી દ્વારા | ૧ | ૯.૦૯ |
| ૩ | વર્તમાન પત્રો દ્વારા | ૭ | ૬૩.૬૪ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓને કોમર્શિયલ પાઈલોટની તાલીમમાં જવા માટેની પ્રેરણા કયાંથી મળી તે દર્શાવવામાં આવ્યું છે, ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ વિગતો મુજબ સૌથી વધુ ૭ વિદ્યાર્થીઓએ  આવી પ્રેરણા દૈનિક વર્તમાનપત્રો દ્વારા અને ૩ વિદ્યાર્થીઓને પોતાના મિત્ર વર્તુળ મારફતે આવી પ્રેરણા મળી હોવાનું જાણવા મળે છે. આવી પ્રેરણા સગાસંબંધીઓ દ્વારા પણ મળી હોવાનું એક વિદ્યાર્થી જણાવે છે, પરંતુ એમ સ્પષ્ટ કહી શકાય કે કોમર્શિયલ પાઈલોટની તાલીમ લેવા માટેની પ્રેરણા મોટાભાગના વિદ્યાર્થીઓને વર્તમાનપત્રો અને પોતાના મિત્રો કે મિત્રવર્તુળ દ્વારા મળેલ છે તે જોતાં વિદ્યાર્થીઓની આ સંબંધની ધગશ એ જ પ્રેરણાસ્ત્રોત હોવાનું જોવા મળે છે.

### કોષ્ટક નં.૨.૨૦

### ઈન્ટરનેટનો ઉપયોગ કર્યો છે કે નહી તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | હા | ૧૦ | ૯૦.૯૧ |
| ૨ | ના | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

આ તાલીમમાં જવા માટે સમયાન્તરે મોટાભાગના એટલે કે ૧૦ (૯૦ ટકા) વિદ્યાર્થીઓએ ઈન્ટરનેટની સેવાનો ઉપયોગ કર્યો છે. જેથી સ્પષ્ટ જણાય છે કે દિવસે-દિવસે આદિવાસી વિસ્તારોમાં ઝડપથી ઈન્ટરનેટ સેવાનો પ્રસાર અને પ્રચાર વધતો જાય છે અને આ સેવા આદિજાતિ વિદ્યાર્થીઓને લભ્ય બની.

**કોષ્ટક નં.૨.૨૧**

**તમારા સમાજમાં અન્ય યુવક- યુવતીઓ પાયલોટ છે કે નહી તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | હા | ૬ | ૫૪.૫૫ |
| ૨ | ના | ૫ | ૪૫.૪૫ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

આદિવાસી સમાજમાં તેમના સિવાય કોઈ પાઈલોટ છે કે કેમ ? તે અંગે મળેલ જવાબો મુજબ ૬(૫૪.૫૫ ટકા) વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ અમારા સમાજમાં પાઈલોટ છે તેમ, ૫ વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ અમારા સમાજમાં કોઈ પાઈલોટ નથી. આ વિગતથી જણાય છે કે અભ્યાસમાં આવરેલ વિદ્યારર્થીઓ સિવાય પણ આદિવાસી સમાજમાં પાઈલોટ થયેલ યુવક-યુવતીઓ હોવાનું જણાય છે.

**કોષ્ટક નં.૨.૨૨**

**દેશ અને યુનિવર્સીટીનું નામ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | આલીન્ગટન ટેક્સાસ (અમેરિકા) | ૧ | ૯.૦૯ |
| ૨ | એંગ્લો અમેરિકન એવિડન ( અમેરિકા) | ૧ | ૯.૦૯ |
| ૩ | ગોલ્ડન ઇગલ એન્ટર પ્રાઇઝ ફ્લાઇન્સ સર્વિસ (કેલીફો) | ૧ | ૯.૦૯ |
| ૪ | એવિએશિયન ઈન ફોર્ડ વર્ક ટેક્સાસ ( અમેરિકા) | ૧ | ૯.૦૯ |
| ૫ | એવિએશિયન એકેડમી ઉધના, સુરત ( ભારત) | ૧ | ૯.૦૯ |
| ૬ | સીબૂ હાફન ફાઇન્સ - (ફિલીપાઇન્સ) | ૧ | ૯.૦૯ |
| ૭ | સન ફોર્ડ એકેડમી ( અમેરિકા) | ૧ | ૯.૦૯ |
| ૮ | ફેડરલ એડમીનીટ્રેશન (અમેરિકા) | ૧ | ૯.૦૯ |
| ૯ | બ્લ્યુબર્ડ ટ્રેનિંગ સ્કુલ (અમેરિકા) | ૧ | ૯.૦૯ |
| ૧૦ | કારવેલ એકેડમી એવિએશિયન મુંબઇ (ભારત) | ૧ | ૯.૦૯ |
| ૧૧ | એરોના યુરિક એન્ડ એવિએશિયન અમદાવાદ (ભારત) | ૧ | ૯.૧ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક નં. ૨. ૨૨ પર અભ્યાસમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓની યુનિવર્સિટી અને દેશની વિગત દર્શાવવામાં આવી છે તે મુજબ ૧૧ વિદ્યાર્થીઓ પૈકી ૬ (૫૪.૫૫ ટકા) વિદ્યાર્થીઓ કોમર્શિયલ પાઈલોટની ટ્રેનિંગ અમેરિકાની વિવિધ યુનિવર્સિટીઓ/ સંસ્થાઓમાંથી મેળવી રહ્યા છે તે સિવાય કેલિફોર્નિયા /ફિલીપાઈન્સમાં એક-એક વિદ્યાર્થી આ તાલીમ મેળવે છે. ભારતમાં મુંબઈ અને અમદાવાદ ખાતેની પણ કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગમાંથી પણ એક એક એમ બે વિદ્યાર્થીઓ તાલીમ લઈ રહ્યા છે. છતાં એમ ચોક્કસ કહી શકાય કે મોટાભાગના તાલીમાર્થીઓ અમેરિકામાં પાઈલોટની તાલીમ લઈ રહ્યા છે.

**કોષ્ટક નં.૨.૨૩**

**વિધાર્થીઓ તાલીમમાં કયા વર્ષે જોડાયા તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૨ થી ૨૦૦૫ | ૧ | ૯.૦૯ |
| ૨ | ૨૦૦૬ થી ૨૦૦૮ | ૩ | ૨૭.૨૭ |
| ૩ | ૨૦૦૯ થી ૨૦૧૧ | ૭ | ૬૩.૬૪ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

કોમર્શિયલ પાઈલોટની ટ્રેનિંગ કરતા વિદ્યાર્થીઓ કયા વર્ષે તાલીમમાં જોડાયા તે દર્શાવવામાં આવ્યું છે. તે જોતાં સૌથી વધુ ૭ (૬૩.૬૪ ટકા) વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૧ સુધીમાં પાઈલોટની તાલીમમાં જોડાયેલ છે, ૩ વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૮ સુધીમાં અને ૧ વિદ્યાર્થી વર્ષ ૨૦૦૨માં આ તાલીમમાં જોડાયેલ છે. પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ મોટાભાગના (૧૦) વિદ્યાર્થીઓ વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૧ સુધીમાં પાઈલોટ ટ્રેનિંગમાં જોડાયેલ છે. એ રીતે વર્ષ-૨૦૦૯ થી ૨૦૧૧ના સમયગાળામાં (વનબંધુ યોજના દરમિયાન)આવી તાલીમમાં જોડાવામાં આદિજાતિ વિદ્યાર્થીઓની સંખ્યા વધી છે.

**કોષ્ટક નં.૨.૨૪**

**ટ્રેનીગનું વર્ષ અને સમય ગાળો દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વર્ષ | ચાલુ ટ્રેનીગ | પૂર્ણ ટ્રેનીગ | કુલ આવૃતિ | ટકા % |
|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૦૧ થી ૨૦૦૫ | ૦ | ૨ | ૨ | ૧૮.૧૮ |
| ૨ | ૨૦૦૬ થી ૨૦૧૧ | ૭ | ૨ | ૯ | ૮૧.૮૨ |
| | કુલ | ૭ | ૪ | ૧૧ | ૧૦૦% |

**કોષ્ટક નં.૨.૨૫**

**ટ્રેનીગ પૂર્ણ કરેલ છે તે વર્ષ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૧ થી ૨૦૦૫ | ૧ | ૨૫ |
| ૨ | ૨૦૦૬ થી ૨૦૧૧ | ૨ | ૫૦ |
| ૩ | જવાબ મળેલ નથી | ૧ | ૨૫ |
| | કુલ | ૪ | ૧૦૦% |

૭ (૬૩.૬૪ ટકા) વિદ્યાર્થીઓની પાઈલોટ ટ્રેનિંગ હાલમાં ચાલુ છે, જયારે ૪ (૩૬.૩૬ ટકા) વિદ્યાર્થીઓની તાલીમ પૂર્ણ થઈ ગયેલ છે. મતલબ વર્ષ ૨૦૦૮ સુધીમાં તાલીમમાં જોડાયેલ વિદ્યાર્થીઓની

તાલીમ પૂર્ણ થઈ ગયેલ છે, જ્યારે વર્ષ ૨૦૦૯ થી ૨૦૧૧ સુધીમાં તાલીમમાં જોડાનાર ૭ વિદ્યાર્થીઓ હાલમાં પાઈલોટની તાલીમ લઈ રહ્યા છે એટલે એમ કહી શકાય કે મોટાભાગના વિદ્યાર્થીઓની હાલમાં તાલીમ ચાલુ છે. જે વિદ્યાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ છે તેવા ૪ વિદ્યાર્થીઓ પૈકી ૨ વિદ્યાર્થીઓએ વર્ષ-૨૦૧૧ સુધીમાં અને એક વિદ્યાર્થીએ વર્ષ-૨૦૦૫માં પાઈલોટની તાલીમ પૂર્ણ કરેલ છે. ૧ (એક) વિદ્યાર્થીએ આ તાલીમ ક્યારે પૂર્ણ કરી તે અંગે જવાબ આપેલ નથી.

**કોષ્ટક નં.૨.૨૬**

**પાયલોટના લાયસન્સની સ્થિતિ દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | લાયસન્સ મળેલ નથી | ૨ | ૧૮.૧૮ |
| ૨ | લાયસન્સ મળેલ છે | ૧ | ૯.૦૯ |
| ૩ | લાયસન્સ માટે અરજી કરેલ છે | ૩ | ૨૭.૨૭ |
| ૪ | જવાબ મળેલ નથી | ૫ | ૪૫.૪૬ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

કોષ્ટક નં. ૨. ૨૬ પર પાઈલોટની તાલીમ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને લાયસન્સ બાબતની વિગત દર્શાવવામાં આવી છે. તે મુજબ ૨ વિદ્યાર્થીઓને હજી લાયસન્સ મળેલ નથી, એક વિદ્યાર્થીને લાયસન્સ મળેલ છે. જ્યારે ત્રણ વિદ્યાર્થીએ કોમર્શિયલ પાઈલોટ માટેની ટ્રેનિંગ બાદ લાયસન્સ મેળવવા અરજી કરેલ છે. કોમર્શિયલ પાઈલોટનું લાઈસન્સ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓના અભિપ્રાયો મુજબ લાયસન્સની પ્રક્રિયા સરકાર દ્વારા ખૂબજ ધીમી ગતિએ થાય છે જેથી લાયસન્સ મળવામાં વિલંબ થાય છે.

**કોષ્ટક નં.૨.૨૭**

**વિદ્યાર્થી વર્તમાન સમયમાં શું કરે છે? તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | અભ્યાસ ચાલુ છે | ૭ | ૬૩.૬૪ |
| ૨ | પ્રાઈવેટ કંપનીમાં નોકરી | ૧ | ૯.૦૯ |
| ૩ | જવાબ મળેલ નથી | ૩ | ૨૭.૨૭ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

હાલમાં વિદ્યાર્થીઓ શું કરે છે તે ઉપરોક્ત કોષ્ટક નં. ૨. ૨૭ પર દર્શાવવામાં આવ્યું છે તે જોતાં ૭ (૬૩.૬૪ ટકા) વિદ્યાર્થીઓની હાલમાં પાઈલોટ ટ્રેનિંગ ચાલુ છે, જ્યારે ૩ (૨૭.૨૭ ટકા) વિદ્યાર્થીઓના આ

બાબતે જવાબ મળેલ નથી. જ્યારે એક વિદ્યાર્થી પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે. એટલે ઉપરોક્ત વિગત ઉપરથી જણાય છે કે મોટાભાગના વિદ્યાર્થીઓની હજી ટ્રેનિંગ / અભ્યાસ ચાલુ છે.

### કોષ્ટક નં.૨.૨૮

### આદિજાતિ વિભાગમાંથી લોન મળેલ વર્ષ દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૨૦૦૧ થી ૨૦૦૫ | ૧ | ૯.૦૯ |
| ૨ | ૨૦૦૬ થી ૨૦૧૧ | ૧૦ | ૯૦.૯૧ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

### કોષ્ટક નં.૨.૨૯

### વિદ્યાર્થીએ લોન માટે અરજી કર્યા પછી કેટલા સમયમાં લોન મળી તે દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧ માસ થી ૨ માસ સુધી | ૪ | ૩૬.૩૭ |
| ૨ | ૨ માસ થી ૩ માસ સુધી | ૩ | ૨૭.૨૭ |
| ૩ | ૩ માસ થી ૪ માસ સુધી | ૨ | ૧૮.૧૮ |
| ૪ | ૪ માસ થી ૫ માસ સુધી | ૧ | ૯.૦૯ |
| ૫ | જવાબ મળેલ નથી | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

ઉપરોક્ત કોષ્ટક નં.૨.૨૮, ૨.૨૯ પર દર્શાવેલ વિગતો મુજબ વિદ્યાર્થીઓને આદિજાતિ વિકાસ કોર્પોરેશન, ગાંધીનગરમાંથી લોન ક્યારે, કયા વર્ષે મળી તે જોવા મળે છે તે મુજબ અભ્યાસમાં આવરેલ કુલ વિદ્યાર્થીઓ પૈકી ૧૦ (૯૦.૯૧ ટકા) વિદ્યાર્થીઓને વર્ષ-૨૦૦૬ થી ૨૦૧૧ સુધીના સમયગાળામાં લોન મળેલ છે, ૧ (એક) વિદ્યાર્થીને વર્ષ-૨૦૦૧ થી ૨૦૦૫ ના સમયગાળામાં લોન મળેલ છે તેથી સ્પષ્ટ થાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના એટલે કે ૧૧ માંથી ૧૦ વિદ્યાર્થીઓને આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી વર્ષ-૨૦૦૫ થી ૨૦૧૧ના સમયગાળા દરમ્યાન લોન મળેલ છે. આ લોન મેળવવા માટે વિદ્યાર્થીઓએ આદિજાતિ વિકાસ કોર્પોરેશનને અરજી કર્યાના માત્ર ૩ માસમાં મોટાભાગના ૮ (૭૨.૭૨ ટકા) વિદ્યાર્થીઓને લોન મળી ગયેલ છે, જ્યારે ૨ વિદ્યાર્થીઓને અરજી કર્યાના ૪ માસમાં તથા ૧ વિદ્યાર્થીને ૫ માસ જેટલો સમયગાળો લોન મેળવવામાં થયો હોવાનું જણાય છે, પરંતુ એમ ચોક્કસ કહી શકાય કે મોટાભાગના વિદ્યાર્થીઓને લોન માટે અરજી કર્યાના ત્રણ માસમાં લોનની રકમ મળી ગયેલ છે.

**કોષ્ટક નં.૨.૩૦**

**કેટલા રૂપિયા લોન મળી તે દર્શાવતું કોષ્ટક**

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ૧૫ લાખ | ૭ | ૬૩.૬૪ |
| ૨ | ૪ લાખ | ૩ | ૨૭.૨૭ |
| ૩ | ૨ લાખ | ૧ | ૯.૦૯ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

પાઈલોટ ટ્રેનિંગવાળા વિદ્યાર્થીઓએ આદિજાતિ વિકાસ કોર્પોરેશન ગાંધીનગરમાંથી કેટલી રકમની લોન લીધી તે દર્શાવવામાં આવ્યું છે. જેમાં ૭ (૬૩.૬૪ ટકા) વિદ્યાર્થીઓએ રૂા.૧૫ લાખની, ૩(૨૭.૨૭ ટકા) વિદ્યાર્થીઓએ રૂા.૪ લાખની અને એક વિદ્યાર્થીએ રૂા.૨ લાખની લોન મેળવેલ છે, પરંતુ મોટાભાગના વિદ્યાર્થીઓએ રૂા.૧૫ લાખની લોન આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી મેળવેલ છે.

**કોષ્ટક નં.૨.૩૧**

**વિદ્યાર્થીઓના મતે લોન કેટલી આપવી જોઇએ તે અંગેના અભિપ્રાય દર્શાવતું કોષ્ટક**

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ લાખ થી ૧૦ લાખ | ૧ | ૯.૦૯ |
| ૨ | ૧૦ લાખ થી ૨૦ લાખ | ૩ | ૨૭.૨૭ |
| ૩ | ૨૦ લાખ થી ૩૦ લાખ | ૪ | ૩૬.૩૭ |
| ૪ | જવાબ મળેલ નથી | ૩ | ૨૭.૨૭ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ માટે વિદ્યાર્થીઓને કેટલા રૂપિયા સુધીની લોન મળવી જોઈએ તે અંગેની વિગત કોષ્ટક નં.૨.૩૧ પર દર્શાવવામાં આવી છે. તે જોતાં મોટાભાગના એટલે ૧૦ (૯૦.૯૧ ટકા) વિદ્યાર્થીઓના જણાવ્યાનુસાર ઓછામાં ઓછી રૂા.૧૦ લાખ અને વધુમાં વધુ રૂા.૩૦ લાખ સુધીની લોન મળવી જોઈએ. તદ્ઉપરાંત કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ માટે કુલ-૧૧ વિદ્યાર્થીઓએ આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી લોન મેળવેલ છે, પરંતુ હજી સુધી કોઈ વિદ્યાર્થીની લોન ભરપાઈ થયેલ નથી, જો કે ૯(૮૧.૮૨ ટકા) વિદ્યાર્થીઓના લોન હપ્તા ભરાવાનું શરૂ થઈ ગયેલ છે.

## કોષ્ટક નં.૨.૩૨

### લોન ભરપાઇ કરવાની બાકી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | તાલીમ ચાલુ છે | ૭ | ૬૩.૬૪ |
| ૨ | તાલીમ પૂર્ણ કરેલ છે | ૨ | ૧૮.૧૮ |
| ૪ | જવાબ મળેલ નથી | ૨ | ૧૮.૧૮ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

તાલીમાર્થીઓની લોન બાકી હોય તેઓ અંગે તપાસ કરતાં મળેલ માહિતી મુજબ ૭ (૬૩.૬૪ ટકા) વિદ્યાર્થીઓની તાલીમ ચાલુ છે, જ્યારે ૨ વિદ્યાર્થીઓએ તાલીમ પૂર્ણ કરેલ છે, જ્યારે ૨ (બે) વિદ્યાર્થીનો આ બાબતે જવાબ મળેલ નથી, એટલે કે લોન ભરપાઈના હપ્તા ચાલુ ન થયા હોય તેવા તાલીમાર્થીઓ પૈકી મોટાભાગના તાલીમાર્થીઓની તાલીમ હજુ ચાલુ છે.

## કોષ્ટક નં.૨.૩૩

### લોન પ્રક્રિયા અંગે વિદ્યાર્થીઓના સૂચનો દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | પુરાવા ઓછા કરવા જોઇએ | ૩ | ૨૩.૦૮ |
| ૨ | લોન પ્રક્રિયા હળવી કરવી જોઇએ | ૨ | ૧૫.૩૮ |
| ૩ | સબસીડી આપવી જોઇએ | ૧ | ૭.૬૯ |
| ૪ | સાક્ષીઓ ઓછા હોવા જોઇએ | ૨ | ૧૫.૩૮ |
| ૫ | જવાબ મળેલ નથી | ૫ | ૩૮.૪૭ |
| | કુલ | ૧૩ | ૧૦૦% |

લોન અંગેની હાલની પ્રક્રિયા વિશે વિદ્યાર્થીઓના સૂચનો દર્શાવવામાં આવ્યા છે. તે મુજબ કુલ ઉત્તરદાતા વિદ્યાર્થીઓ પૈકી ૩ (૨૩.૦૭ ટકા) વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ ''પુરાવા ઓછા કરવા જોઈએ'', ૨ (૧૫.૩૯ ટકા) વિદ્યાર્થીઓએ ''લોન પ્રક્રિયા હળવી કરવી જોઈએ'', ૨ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે ''સાક્ષીઓ ઓછા હોવા જોઈએ, જ્યારે સૌથી વધુ ૫ (૩૮.૪૬ ટકા) વિદ્યાર્થીઓના આ અંગે કોઈ જવાબ મળેલ નથી.

## કોષ્ટક નં.૨.૩૪

### ટ્રેનિંગ દરમ્યાન પડેલી મુશ્કેલી દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ | ટકા % |
|---|---|---|---|
| ૧ | ભાષા | ૧ | ૯.૦૯ |
| ૨ | રહેઠાણ અને ભોજન | ૨ | ૧૮.૧૮ |
| ૩ | વિઝા મેળવવામાં | ૧ | ૯.૦૯ |
| ૪ | નાણાની તકલીફ | ૧ | ૯.૦૯ |
| ૫ | જવાબ મળેલ નથી | ૬ | ૫૪.૫૫ |
| | કુલ | ૧૧ | ૧૦૦% |

વિદ્યાર્થીઓને તાલીમ દરમ્યાન પડેલી મુશ્કેલીઓ અંગેના વિદ્યાર્થીઓના અભિપ્રાયો જાણવામાં આવ્યા છે તે મુજબ સૌથી વધુ ૨(૧૮.૧૮ ટકા) વિદ્યાર્થીઓ રહેઠાણ અને ભોજન અંગે તેમજ ૧ વિદ્યાર્થીએ આ તાલીમ દરમ્યાન નાણાંની તકલીફ પડી તેમ તથા ૧ (એક) વિદ્યાર્થીએ વિઝા મેળવવામાં તકલીફ પડી તેમ જણાવેલ તેમજ ૧ વિદ્યાર્થીએ ભાષા અંગે મુશ્કેલી પડી તેમ જણાવેલ છે. ટૂંકમાં કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ દરમ્યાન ત્યાં રહેઠાણ અને ભોજન અંગે મુખ્ય મુશ્કેલી પડી છે.

## કોષ્ટક નં.૨.૩૫

### ટ્રેનિંગમાં વધારે વિદ્યાર્થીઓ જોડાય તે અંગેના તાલીમાર્થીઓના અભિપ્રાય દર્શાવતું કોષ્ટક

| ક્રમ | વિગત | આવૃતિ |
|---|---|---|
| ૧ | પુરાવા પુરતા પ્રમાણમાં તૈયાર કરવા | ૬ |
| ૨ | સાક્ષી એક જ હોવો જોઇએ તેની પ્રોપર્ટી ઉપર ભાર ના આપવો | ૪ |
| ૩ | અભ્યાસના ખર્ચ જેટલી લોન આપવી જોઇએ | ૬ |
| ૪ | યોજનાનું પૂરતું માર્ગદર્શન આપવું | ૨ |
| ૫ | નોકરી મળે પછી લોન રિકવરી કરવી જોઇએ | ૧ |
| ૬ | માહિતી પ્રચાર - પ્રસાર થવો જોઇએ | ૩ |
| ૭ | ગવર્મેન્ટ કર્મચારીને સાક્ષી ન હોય તો પણ તેને માન્ય ગણવા | ૧ |
| ૮ | લોનમાં સબસીડી આપવી જોઇએ વ્યાજદર ઘટાડવો | ૨ |
| ૯ | શિષ્યવૃતિ મળે તેવું આયોજન કરવું | ૧ |
| ૧૦ | માહિતી ભેગી કરીને જ તાલીમમાં જોડાવવું | ૧ |
| ૧૧ | સરકારના નિયમ પ્રમાણે અભ્યાસ પૂર્ણ થયા બાદ હપ્તા શરૂ કરવા<br>ચાલુ અભ્યાસે હપ્તા ભરવાનું દબાણ કરવું ના જોઇએ | ૧ |
| ૧૨ | વ્યાજ મુકત લોન આપવી જોઇએ | ૧ |
| | કુલ | ૨૯ |

ઉપરોક્ત કોષ્ટકમાં અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ આદિજાતિ વિદ્યાર્થીઓ વધારેમાં વધારે લઈ શકે તે માટેના કેટલાક અભિપ્રાયો દર્શાવ્યા છે. તે મુજબ ૬ અભિપ્રાયમાં પુરાવાઓ પુરતા પ્રમાણમાં તૈયાર કરવા સરકાર સ્તરેથી સ્પષ્ટ માર્ગદર્શન આપવું તેમ, જ્યારે બીજા ૬ અભિપ્રાયમાં સરકારશ્રીને ધ્યાન દોરતાં જણાવ્યું છે કે અભ્યાસના ખર્ચ જેટલી લોન આપવી જોઈએ હાલમાં આ તાલીમમાં ખર્ચ વધુ થાય છે તેમ, ૪ ના અભિપ્રાય છે કે સાક્ષી એક જ હોવા જોઈએ અને તેની પ્રોપર્ટી પર વધુ ભાર ન આપવો, તે સિવાય આ યોજના વિશે સંપૂર્ણ માર્ગદર્શન આપવું. આદિજાતિ વિસ્તારોમાં આ યોજના વિશેનો પ્રસાર અને પ્રચાર થવો જોઈએ, સબસીડી આપવી જોઈએ, અભ્યાસ પૂર્ણ થયા બાદ લોન ભરપાઈના હપ્તા શરૂ કરવા જોઈએ, વ્યાજ મુક્ત લોન આપવી જોઈએ, વિદ્યાર્થીને ચાલુ અભ્યાસ વખતે લોન ભરપાઈ કરવા દબાણ ના કરવું, આવા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવી જોઈએ વિગેરે અભિપ્રાયો આ વિદ્યાર્થીઓએ આપેલ છે.

## પ્રકરણ-૩

## અભ્યાસ આધારિત તારણો અને સૂચનો

**વિદેશ અભ્યાસ :**

(૧) ગુજરાતના આદિજાતિ વિસ્તારો પૈકી દક્ષિણ ગુજરાતના તાપી, નવસારી અને વલસાડ એમ ત્રણ જિલ્લામાંથી સૌથી વધુ કુલ-૩૦ (૪૦.૦૦ ટકા) વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે ગયા છે

(૨) ઉચ્ચ શિક્ષણ અર્થે વિદેશમાં જનારા વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ધોડિયા પટેલ જાતિના ૨૧ અને ચૌધરી જાતિના ૧૪ વિદ્યાર્થીઓ વિદેશમાં અભ્યાસ માટે ગયા છે જે આદિવાસીઓમાં ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં જવાનો આ બન્ને જાતિઓમાં સવિશેષ ઝોક દર્શાવે છે

(૩) વિદેશમાં અભ્યાસે જનાર અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના (૮૬.૦૦ ટકા) વિદ્યાર્થીઓ ૨૦ થી ૩૦ વર્ષની વયના જોવા મળેલ છે જે ખરેખર યુવાકાળ છે અને યુવાનોની કારકિર્દી ઘડતર કરવાનો સમયગાળો છે અને આ વયજૂથના યુવાનો કારકિર્દી વિકસાવવા વિદેશમાં અભ્યાસ અર્થે ગયા તે સમગ્ર આદિવાસી સમાજ માટે ગૌરવની વાત છે

(૪) પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ કુલ ૭૫ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના એટલે કે ૩૨ વિદ્યાર્થીઓ વિદેશમાં M.B.B.S. નો અભ્યાસ કરે છે. આદિવાસી વિદ્યાર્થીઓ વિદેશમાં મેડિકલ લાઈનમાં સૌથી વધુ જાય છે

(૫) ઉચ્ચ અભ્યાસ અર્થે જનારા અનુ.જનજાતિના વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના ૮૪ ટકા વિદ્યાર્થીઓના માતા-પિતા સરકારી નોકરી કરતા સરકારી કર્મચારીઓ જેવા કે પ્રાથમિક શિક્ષકો તથા સરકારી કચેરીઓમાં કલાર્ક કે તેને સમકક્ષ જેવી સરકારી સેવાઓમાં કાર્યરત છે, જેથી ઉચ્ચ અભ્યાસ અંગે સારી જાણકારી ધરાવે છે

(૬) લાભાર્થી વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના એટલે કે ૭૪.૬૬ ટકા વિદ્યાર્થીઓના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૪ થી ૧૦ લાખ સુધીની છે, જે આદિવાસીઓમાં ઘણી સારી આર્થિક સ્થિતિના કુટુંબો ગણી શકાય

(૭) વિદ્યાર્થીઓની આર્થિક સ્થિતિના આંકલન સાથે તેમના વસવાટની સ્થિતિ જોતાં મોટાભાગના વિદ્યાર્થીઓના મકાનો બંગલોઝ, ટેનામેન્ટ અને ફ્લેટ પ્રકારના છે, જે શહેરી અથવા આધુનિક વસવાટની ઢબ દર્શાવે છે

(૮) પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી માત્ર ૪૦ ટકા વિદ્યાર્થીઓ પાસે ખેતીની જમીન છે. ૬૦ ટકા વિદ્યાર્થીઓ પાસે ખેતીની જમીન નથી અને જમીન ધરાવતા વિદ્યાર્થીઓ પાસે માત્ર ૧ થી ૨ એકર જમીન છે. જેમાં તેઓ ખેતી કરે છે, પરંતુ જેમાંથી ખૂબ ઓછા વિદ્યાર્થીઓની જમીનમાં પિયત સુવિધા પ્રાપ્ત છે.

(૯) અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી ૧૩ વિદ્યાર્થીઓના માતા-પિતાનો મુખ્ય વ્યવસાય કરિયાણા, ડેરી, ગલ્લો, પેટ્રોલપંપ જેવા વ્યવસાયો છે. આવા વ્યવસાયમાં સંકળાયેલ છતાં પણ પોતાના બાળકોને વિદેશ અભ્યાસ માટે મોકલ્યા છે જે ખૂબજ સાહસિકતા ભર્યું પગલું ગણી શકાય

(૧૦) અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ જોતાં ૪૦ ટકા વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા.૩ થી ૪ લાખ છે તે પૈકી ૬૪ ટકા વિદ્યાર્થીઓના કુટુંબમાં વાર્ષિક શૈક્ષણિક ખર્ચ રૂા.૨ થી ૪ લાખ થાય છે તે જોતાં આ વિદ્યાર્થીઓના કુટુંબમાં શિક્ષણક્ષેત્ર પાછળ એટલે કે બાળકોના શિક્ષણ પાછળ મોટો ખર્ચ કરવામાં આવે છે, જ્યારે તેની સરખામણીમાં વાર્ષિક સામાજિક ખર્ચ નહિવત્ રૂા. ૫ થી ૩૦ હજારનો જોવા મળે છે

(૧૧) વિદ્યાર્થીઓના મોટાભાગના કુટુંબોમાં દૈનિક ખર્ચ રૂા. ૪૦૦ થી ૧૨૦૦ છે આ ખર્ચશક્તિ સુખી આદિવાસી પરિવારો હોવાનું પ્રતિપાદિત કરે છે

## વિદેશ અભ્યાસ યોજના વિષયક તારણો

(૧) પ્રસ્તુત અભ્યાસ દ્વારા જાણવા મળે છે કે આદિજાતિના વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવાની પ્રેરણા દૈનિક વર્તમાનપત્રો, પોતાના મિત્રવર્તુળમાંથી તેમજ ઈન્ટરનેટ સેવાના માધ્યમથી પ્રેરણા મળેલ છે. મતલબ કે પ્રિન્ટ તથા ઈલેકટ્રોનિક મિડિયા આ વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે મુખ્ય પ્રેરણાસ્ત્રોત બન્યું છે

(૨) વિદેશમાં ઉચ્ચ અભ્યાસમાં જનારા આદિજાતિ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ મેડિકલ અને મેનેજમેન્ટના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવેલ છે

(૩) ઉચ્ચ અભ્યાસ અર્થે જનારા આદિજાતિ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના (૩૬ ટકા) વિદ્યાર્થીઓ રશિયા, ઓસ્ટ્રેલિયા અને યુક્રેનમાં અભ્યાસ કરે છે તેમાં પણ ૧૫ વિદ્યાર્થીઓ ટેવર સ્ટેટ મેડિકલ એકેડેમી રશિયામાં અભ્યાસ અર્થે ગયા છે. મતલબ રશિયામાં જવાનો ઝોક વધુ છે

(૪) આદિજાતિ વિદ્યાર્થીઓની વિદેશમાં અભ્યાસ માટે જવાની શરૂઆત વર્ષ-૨૦૦૨ થી થઈ પરંતુ વર્ષ ૨૦૦૮થી ૨૦૧૦ ના ગાળામાં સૌથી વધુ ૬૫ (૮૬ ટકા) વિદ્યાર્થીઓ ઉચ્ચ અભ્યાસ માટે વિદેશમાં ગયા છે. આમ છેલ્લા પાંચ વર્ષમાં આદિવાસી વિદ્યાર્થીઓમાં આ યોજનાનો સારો પ્રચાર પ્રસાર થયો હોય અને સરકારશ્રીની આ યોજનાના અમલીકરણની અનુકૂળ પ્રક્રિયા હોવાનું જણાય છે

(૫) અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી ૪૦ વિદ્યાર્થીઓએ અભ્યાસ પૂર્ણ કરેલ છે. ૩૫ વિદ્યાર્થીઓ હાલમાં અભ્યાસ કરે છે. એટલે અડધો-અડધ વિદ્યાર્થીઓએ વિદેશમાંથી અભ્યાસ પૂર્ણ કર્યો છે

(૬) અભ્યાસ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓ હાલમાં આગળનો ઉચ્ચ અભ્યાસ તથા નોકરી કરે છે

(૭) નોકરી કરનારા ૧૭ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના ૧૨ વિદ્યાર્થીઓને પોતાના અભ્યાસ સંબંધિત નોકરી મળી છે. મતલબ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરેલ વિદ્યાર્થીઓને પોતાના ક્ષેત્રમાં નોકરી મળી રહી છે

(૮) વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કર્યા પછી નોકરી મેળવનારા વિદ્યાર્થીઓ પૈકી ૬ વિદ્યાર્થીઓ વિદેશમાં નોકરીમાં જોડાઈને સ્થાયી થયા છે જે સમગ્ર આદિવાસી સમાજ માટે અને તે સમાજના વિદ્યાર્થીઓ માટે ખૂબજ ગૌરવની વાત છે.

(૯) પ્રસ્તુત અભ્યાસ આધારે સ્પષ્ટ થાય છે કે મેડિકલ ક્ષેત્રના અભ્યાસની વિદેશમાં નોકરી માટે ઉજળી તકો છે

(૧૦) મોટાભાગના (૮૦ ટકા) વિદ્યાર્થીઓએ આદિજાતિ કોર્પોરેશનમાંથી રૂા. ૧૦ લાખ સુધીની લોન લીધેલ છે

(૧૧) જે વિદ્યાર્થીઓનો હાલમાં અભ્યાસ ચાલુ છે તે સિવાયના તમામ વિદ્યાર્થીઓએ લોન ભરપાઈ કરવાનું ચાલુ કરેલ છે. મતલબ લોનના હપ્તા નિયમિત ભરે છે. માત્ર ૪ વિદ્યાર્થીઓની લોન ભરપાઈ કરવાનું શરૂ થયેલ નથી

(૧૨) વિદ્યાર્થીઓને આ યોજનાનો લાભ મેળવવા માટેની અરજી સાથે જોડવાના પુરાવાઓ એકત્ર કરવામાં અને સાક્ષીઓ તૈયાર કરવામાં, સાક્ષીઓ શોધવામાં ખૂબજ મુશ્કેલીઓ પડે છે

(૧૩) આદિજાતિના વિદ્યાર્થીઓને વિદેશમાં ત્યાંની ભાષા સમજવામાં, આર્થિક રીતે ખર્ચને પહોંચી વળવામાં તથા રહેવા-જમવાની વ્યવસ્થા મેળવવામાં ખાસ મુશ્કેલીઓ અનુભવાય છે

(૧૪) વિઝા મેળવવા માટે ખાનગી એજન્ટો દ્વારા શોષણનો ભોગ આદિજાતિ વિદ્યાર્થીઓ બન્યા છે

(૧૫) આ યોજના અંતર્ગત મળતી લોનની રકમ વધારવા તથા લોન સાથે સબસીડી આપવા માટે આદિજાતિ વિદ્યાર્થીઓનો અભિપ્રાય જાણવા મળે છે

**સૂચનો**

(૧) ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જતા આદિજાતિના વિદ્યાર્થીઓને લોનની રકમ હાલમાં રૂા.૨૦ લાખની છે, તેનાથી વધારી રૂા. ૩૫ લાખ સુધી કરવી જોઈએ

(૨) લોન મેળવનાર વિદ્યાર્થીને લોનની રકમ કરતાં બમણી રકમના સાક્ષી, મોર્ગેજ કરવાનું હાલમાં છે તેના બદલે લોનની રકમ જેટલું જ મોર્ગેજ કરવું

(૩) ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશમાં જતા વિદ્યાર્થીઓને લોન સાથે સબસીડીની જોગવાઈ કરવી જોઈએ

(૪) વિદેશમાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી જ લોનની ભરપાઈ થાય તેવી જોગવાઈ કરવી જોઈએ. હાલમાં અભ્યાસ ચાલુ હોય ત્યારે લોન ભરપાઈ કરાવવાનો આગ્રહ ન રાખવો

(૫) લોન માટે અરજી સાથે સામેલ પુરાવાઓ હાલમાં ઘણા બધા છે. તેથી આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા ઘણા યુવાનો આ યોજનાથી વંચિત રહી જાય છે. માટે એકદમ આવશ્યક હોય તેવા જ પુરાવાઓ માંગવા જોઈએ.

**કોમર્શિયલ પાઈલોટ અભ્યાસના તારણો અને સૂચનો :**

(૧) કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતના સુરત, વલસાડ અને નવસારી આ ત્રણ જિલ્લામાંથી ૯ એટલે કે કુલ-૧૧માંથી ૯ તાલીમાર્થીઓ ઉપરોક્ત ત્રણ જિલ્લાઓમાંથી છે. તે આ ત્રણ જિલ્લાઓના યુવાનોમાં સારી કારકિર્દી મેળવવાની ધગશ અને જાગૃતિ દર્શાવે છે

(૨) પાઈલોટની ટ્રેનિંગમાં જોડાયેલા મોટાભાગના આદિવાસી યુવાનોની ઉંમર ૨૧ થી ૩૦ વર્ષની વચ્ચે છે. ખરેખર આ વયજૂથવાળા આદિવાસી યુવાનો પાઈલોટ બની રહ્યા છે જે મહત્વની બાબત છે

(૩) આ યોજનાનો લાભ લેવા બાબતે આદિજાતિઓમાં સૌથી વધુ ધોડિયા પટેલ જાતિના વિદ્યાર્થીઓ આગળ છે. ૧૧ પાઈલોટ ટ્રેનિંગમાંથી ૫ તાલીમાર્થી ધોડિયા પટેલ જાતિના છે. આ જાતિમાં

શિક્ષણ દ્વારા કારકિર્દી વિકસાવવા માટેની જાગૃતિ, ધગશ અને શિક્ષણ વગેરેનો વ્યાપ અન્ય આદિજાતિઓ કરતાં વધુ જોવા મળે છે

(૪) કોમર્શિયલ પાઈલોટની ટ્રેનિંગ કરતા આદિજાતિ વિદ્યાર્થીઓના પિતાનું શિક્ષણ પ્રમાણમાં સારું છે. તેમાં પી.ટી.સી., ગ્રેજ્યુએટ તથા એમ.બી.બી.એસ.નું શિક્ષણ તેઓમાં જોવા મળેલ છે અને સરકારી નોકરી તથા મેડિકલ પ્રેકટીસનો વ્યવસાય કરે છે. મહત્વની બાબત એ છે કે ર વિદ્યાર્થીઓના પિતા અભણ હોવા છતાં પોતાના બાળકને પાઈલોટ બનાવવા પ્રયત્ન કરે છે જે સરકારશ્રીની આ યોજનાને આભારી છે

(૫) મોટાભાગના પાઈલોટ ટ્રેનીઝના કુટુંબની વાર્ષિક આવક રૂા. ૧ લાખથી ૩ લાખ સુધીની છે. જે નિમ્ન વર્ગના કર્મચારીઓની વાર્ષિક આવક ગણાય

(૬) અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓના કુટુંબનો વાર્ષિક ખર્ચ રૂા. ૨.૧ થી ૩ લાખ રૂા નો છે. આ ખર્ચ પૈકી મોટાભાગના વિદ્યાર્થીઓના કુટુંબમાં રૂા. ૧ લાખથી ર લાખ સુધી વાર્ષિક શૈક્ષણિક ખર્ચ થાય છે. મતલબ શિક્ષણ પાછળ આવકનો મોટોભાગ ખર્ચ કરવામાં આવે છે. જયારે સામાજિક બાબતોમાં વાર્ષિક રૂા. ૧ હજારથી ૨૦ હજાર રૂા.નો ખર્ચ કરવામાં આવે છે

(૭) પાઈલોટ ટ્રેનિંગમાં જોડાવાની પ્રેરણા મોટાભાગના વિદ્યાર્થીઓને દૈનિક વર્તમાનપત્રો અને મિત્રવર્તુળ મારફતે મળેલ છે. આ બાબતે પ્રિન્ટ મિડિયા તથા વિદ્યાર્થીની તે પ્રત્યેની પોતાની ધગશ આદિજાતિ વિદ્યાર્થીઓને પાઈલોટ બનવા માટે મુખ્ય પ્રેરણાસ્રોત હોવાનું જણાય છે

(૮) આ વિદ્યાર્થીઓ પાઈલોટની ટ્રેનિંગમાં જોડાવા માટે રોજીંદા ઈન્ટરનેટ સેવાના માધ્યમથી અપડેટ રહેતા હતા. જે ઈલેકટ્રોનિક મિડિયાનો આદિજાતિ વિસ્તારોમાં બહોળો પ્રચાર સૂચવે છે

(૯) પ્રસ્તુત અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ સિવાય આદિજાતિ સમાજમાં પાઈલોટ ટ્રેનિંગ મેળવેલા યુવાનો હોવાનું જણાય છે

(૧૦) અમેરિકાની વિવિધ યુનિવર્સિટીમાંથી તેમજ ફિલીપાઈન્સ અને કેલિફોર્નિયામાંથી આ વિદ્યાર્થીઓ પાઈલોટની ટ્રેનિંગ લઈ રહ્યા છે

(૧૧) મોટાભાગના (૧૦) વિદ્યાર્થીઓ વર્ષ-૨૦૦૫થી ૨૦૧૧ સુધીમાં પાઈલોટ ટ્રેનિંગમાં જોડાયેલ છે. તેમાંથી ૭ વિદ્યાર્થીઓ હાલમાં પાઈલોટની તાલીમ મેળવી રહ્યા છે. મતલબ તાલીમ ચાલુ છે, જયારે ૪ વિદ્યાર્થીઓએ પાઈલોટની તાલીમ પૂર્ણ કરેલ છે. તાલીમ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓ

પૈકી એક વિદ્યાર્થીને જ કોમર્શિયલ પાઈલોટનું લાયસન્સ મળેલ છે. વિદ્યાર્થીઓના અભિપ્રાય મુજબ લાયસન્સની પ્રક્રિયા સરકારશ્રી દ્વારા ખૂબજ ધીમી ગતિએ થાય છે

(૧૨) પાઈલોટ ટ્રેનિંગમાં જોડાયેલ વિદ્યાર્થીઓ પૈકી ૧૦ વિદ્યાર્થીઓને વર્ષ-૨૦૦૬ થી ૨૦૧૧ દરમ્યાન આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા પાઈલોટ ટ્રેનિંગ માટે લોન સહાય મળેલ છે

(૧૩) મોટાભાગના વિદ્યાર્થીઓને આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી લોન માટેની અરજી કર્યાના માત્ર ૪ માસના સમયગાળામાં લોન મળી ગયેલ છે

(૧૪) અભ્યાસમાં આવરેલ વિદ્યાર્થીઓ પૈકી મોટાભાગના ૭ વિદ્યાર્થીઓએ રૂા. ૧૫ લાખની લોન આદિજાતિ વિકાસ કોર્પોરેશનમાંથી આ હેતુ માટે મેળવેલ છે

(૧૫) પાઈલોટ ટ્રેનિંગના અભિપ્રાયો જોતાં મળેલ લોન ખૂબ જ ઓછી છે. હાલમાં ખર્ચ વધુ થાય છે તેથી લોનની રકમ વધારી રૂા. ૩૦ લાખ સુધી કરવા બધા જ પાઈલોટ ટ્રેનિંગ કરતા વિદ્યાર્થીઓએ જણાવેલ છે

(૧૬) લોન ભરપાઈ કરવા માટે મોટાભાગના (૯) વિદ્યાર્થીઓના હપ્તા શરૂ થઈ ગયેલ છે

(૧૭) પાઈલોટ ટ્રેનિંગ માટે લોન મેળવવાની હાલની પ્રક્રિયા અંગે વિદ્યાર્થીઓએ અભિપ્રાયો આપતાં જણાવેલ છે કે હાલની આ પ્રક્રિયા ખૂબજ ગૂંચવાડાભરી છે. તેને હળવી કરવી જોઈએ અને સાક્ષી એક હોવા જોઈએ

(૧૮) પાઈલોટ ટ્રેનિંગ કરતા વિદ્યાર્થીઓને વિદેશમાં ભાષા અને રહેવા-જમવા અંગેની મુશ્કેલીઓ વધુ અનુભવાય છે

(૧૯) વિદ્યાર્થીઓના અભિપ્રાયો મુજબ આ યોજનાના સારા અમલીકરણ માટે અરજી સાથે સામેલ કરવાના પુરાવાઓ ઓછા કરવા જોઈએ, એક જ સાક્ષી રાખવા અને આદિજાતિ વિસ્તારોમાં આ યોજના અંગે માર્ગદર્શન, પ્રચાર અને પ્રસાર થાય તેથી વધુ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ મેળવી શકે

**સૂચનો :**

(૧) પાઈલોટની ટ્રેનિંગ પૂર્ણ થયા બાદ લોન ભરપાઈ થાય તેવી વ્યવસ્થા ગોઠવવી જે હાલમાં ચાલુ ટ્રેનિંગથી લોન ભરપાઈ કરાવવામાં આવે છે

(૨) કોમર્શિયલ પાઈલોટ માટેની હાલની લોનની રકમ રૂા. ૧૫ લાખની હતી જે ૨૦૧૦માં વધારીને રૂા.૨૦ લાખ કરેલ છે, પરંતુ રૂા.૩૦ લાખ સુધી લોનની રકમ વધારવી, લોન સાથે સબસીડી આપવી જોઈએ

(૩) લોન અને સબસીડીનો આધાર જે તે દેશમાં આ તાલીમના ખર્ચ પર હોવો જોઈએ, કારણ કે જુદા જુદા દેશો, યુનિવર્સિટીઓમાં ફીની રકમ અલગ અલગ હોય છે

(૪) કોમર્શિયલ પાઈલોટ અંગેનું લાયસન્સ મેળવવા વિદ્યાર્થીઓને ખૂબજ મુશ્કેલી પડે છે તથા ઘણો બધો સમય તેમાં વ્યતીત થઈ જાય છે તેથી પાઈલોટની 'તાલીમ પૂર્ણ કરેલ વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા લાયસન્સ મેળવવા મદદરૂપ બની શકાય તેવી પ્રક્રિયા/નીતિ અપનાવવી જોઈએ

(૫) આ યોજનાનો બહોળો પ્રચાર અને પ્રસાર થાય તે માટે આદિજાતિ વિસ્તારોમાં યોજના વિશે માર્ગદર્શન મળી રહે તે અંગે આયોજન કરવું જોઈએ

(૬) લોનની રકમ જેટલું જ મોર્ગેજ કરાવવું જોઈએ. હાલમાં લોનની રકમથી બમણુ મોર્ગેજ કરાવવામાં આવે છે તથા સાક્ષીઓ બે રાખવામાં આવે છે જે એક હોવા જોઈએ અથવા તો લોનની રકમ મુજબ હોવા જોઈએ

## પરિશિષ્ટ-૧

## અનુસૂચિત જનજાતિના વિદેશમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની યાદી

| ક્રમ | નામ | જિલ્લો |
|---|---|---|
| ૧ | જયેશકુમાર દાનાભાઇ ચાવડા | જૂનાગઢ |
| ૨ | સચીન રમેશભાઇ ભોયે | ડાંગ |
| ૩ | નિરવકુમાર દિલીપભાઇ પણદા | ભાવનગર |
| ૪ | અલ્પેશકુમાર અરવિંદભાઇ રાણા | પાટણ |
| ૫ | રોશનીબેન સુધીરભાઇ ચૌધરી | આણંદ |
| ૬ | રાજેશકુમાર સોમાભાઇ વસાવા | ભરૂચ |
| ૭ | રાજેશકુમાર અશોકભાઇ વસાવા | ભરૂચ |
| ૮ | નિશાંતકુમાર દિપકભાઇ વસાવા | ભરૂચ |
| ૯ | આમંતકુમાર કાંતિલાલ રજવાડી | નર્મદા |
| ૧૦ | સાજનકુમાર કાંતિલાલ વસાવા | નર્મદા |
| ૧૧ | જિજ્ઞેશકુમાર મનહરલાલ ચૌધરી | નર્મદા |
| ૧૨ | ક્ષિતિજકુમાર નટવરલાલ વસાવા | તાપી |
| ૧૩ | નિશીતકુમાર કિશોરભાઇ પટેલ | તાપી |
| ૧૪ | તરૂણકુમાર ચંદુભાઇ ગામિત | તાપી |
| ૧૫ | અમિતકુમાર રવિન્દ્રભાઇ ચૌધરી | તાપી |
| ૧૬ | અમિતકુમાર સુરેન્દ્રકુમાર પટેલ | તાપી |
| ૧૭ | નિલ્કેશકુમાર નવીનભાઇ ચૌધરી | તાપી |
| ૧૮ | મિતાલી મણીલાલ મહેતા | તાપી |
| ૧૯ | ગાર્વિતા ગમનલાલ ગામિત | તાપી |
| ૨૦ | નિરવકુમાર અરૂણભાઇ ગામિત | તાપી |
| ૨૧ | અર્ચનાબેન મહેશભાઇ ચૌધરી | તાપી |
| ૨૨ | નયનકુમાર ચંન્દ્રસિંહ પટેલ | તાપી |
| ૨૩ | વિશાલકુમાર એમ. પટેલ | નવસારી |
| ૨૪ | રીટાબેન કાંતિલાલ પટેલ | નવસારી |
| ૨૫ | ધ્વનિલકુમાર નારણભાઇ પટેલ | નવસારી |

| | | |
|---|---|---|
| ૨૬ | ધવલકુમાર પુરષોતમદાસ કોકણી | નવસારી |
| ૨૭ | શ્વેતાબેન દિલીપભાઇ પટેલ | નવસારી |
| ૨૮ | પ્રશાંત ધિરૂભાઇ તલાવિયા | નવસારી |
| ૨૯ | વિકાસકુમાર પ્રવિણભાઇ ભોયા | નવસારી |
| ૩૦ | શ્રેયશકુમાર જગદિશભાઇ પટેલ | નવસારી |
| ૩૧ | જગદિશભાઇ નારણભાઇ પટેલ | નવસારી |
| ૩૨ | રિંકેશકુમાર શાંતિલાલ પટેલ | નવસારી |
| ૩૩ | હિરેનકુમાર કેશવભાઇ ચૌધરી | વડોદરા |
| ૩૪ | ખુશ્બુબેન કાંતિલાલ ગરાસીયા | વડોદરા |
| ૩૫ | સમીરકુમાર નટવરલાલ ચૌધરી | વડોદરા |
| ૩૬ | યોગીતાબેન બાબુભાઇ વસાવા | વડોદરા |
| ૩૭ | દિવ્યસિંહ સંમપતસિંહ ઠાકોર | વડોદરા |
| ૩૮ | પરિન્ત નગીનભાઇ વસાવા | વડોદરા |
| ૩૯ | ધ્રુવકુમાર યોગીન્દ્રભાઇ ગામિત | વડોદરા |
| ૪૦ | ચિરાગકુમાર ગોકુળભાઇ ચૌધરી | વડોદરા |
| ૪૧ | રાહુલકુમાર સોમાભાઇ બોડાત | વડોદરા |
| ૪૨ | ભવદિપકુમાર રામુભાઇ પટેલ | ગાંધીનગર |
| ૪૩ | વૃંન્દવકુમાર નરેન્દ્રભાઇ ગામિત | ગાંધીનગર |
| ૪૪ | મિતેષકુમાર ચિમનભાઇ પટેલ | ગાંધીનગર |
| ૪૫ | રિંન્કલબેન જેન્તીભાઇ કટારા | ગાંધીનગર |
| ૪૬ | જયોત્સનાબેન એ. વસાવા | ગાંધીનગર |
| ૪૭ | નિલેષકુમાર ધનસુકભાઇ ચૌધરી | ગાંધીનગર |
| ૪૮ | ભાર્ગવકુમાર રજનિકાન્ત જોષીયારા | ગાંધીનગર |
| ૪૯ | દક્ષેશકુમાર રાકેશભાઇ પટેલ | ગાંધીનગર |
| ૫૦ | કૌશિકકુમાર સુરેશભાઇ અડ | દાહોદ |

| | | |
|---|---|---|
| ૫૧ | હિમાંશુ લલીતભાઇ પટેલ | દાહોદ |
| ૫૨ | મેહુલ જયદિપભાઇ ભાભોર | દાહોદ |
| ૫૩ | મયંકકુમાર ધૂળજીભાઇ બરજોડ | પંચમહાલ |
| ૫૪ | મયુરીબેન ધીરૂભાઇ પટેલ | વલસાડ |
| ૫૫ | અંકુર નલીનભાઇ પટેલ | વલસાડ |
| ૫૬ | વરૂણકુમાર કાલીદાસ પટેલ | વલસાડ |
| ૫૭ | દિપકકુમાર પ્રમોદભાઇ ભૂસારા | વલસાડ |
| ૫૮ | યોગેનકુમાર નટવરલાલ પટેલ | વલસાડ |
| ૫૯ | કૃણાલકુમાર ભૂલાભાઇ પટેલ | વલસાડ |
| ૬૦ | નિરવકુમાર ચંદુભાઇ પટેલ | વલસાડ |
| ૬૧ | હિતેશકુમાર ગોવિંદભાઇ પટેલ | વલસાડ |
| ૬૨ | અર્ચનાબેન ખાલપાભાઇ પટેલ | વલસાડ |
| ૬૩ | પ્રશાંતકુમાર અરૂણભાઇ ચૌધરી | સુરત |
| ૬૪ | કુંજલબેન બીપીનભાઇ પટેલ | સુરત |
| ૬૫ | મિતુલ અતુલભાઇ પટેલ | સુરત |
| ૬૬ | નૈનાબેન નાનજીભાઇ રાવત | સુરત |
| ૬૭ | ચિરાગકુમાર નવિનચન્દ્ર ચોધરી | સુરત |
| ૬૮ | જિજ્ઞેશકુમાર કૃદંન્તભાઇ ચોધરી | અમદાવાદ |
| ૬૯ | મિલ્કાબેન હિંદાભાઇ માવચી | અમદાવાદ |
| ૭૦ | નિકીતાબેન કાન્તુભાઇ ગામિત | અમદાવાદ |
| ૭૧ | દિપલબેન પ્રદિપકુમાર ચોલવીયા | અમદાવાદ |
| ૭૨ | તુષારકુમાર દયાળજી બલાત | અમદાવાદ |
| ૭૩ | નિતીનકુમાર વિઠ્ઠલદાસ પાંડવ | અમદાવાદ |
| ૭૪ | ચાહતકુમાર દિપભાઇ ચૌધરી | અમદાવાદ |
| ૭૫ | જયેશકુમાર દેવજીભાઇ અન્સારી | અમદાવાદ |

# પરિશિષ્ટ-૨

## અનુસૂચિત જનજાતિના કોમર્શિયલ પાઈલોટ ટ્રેનિંગ કરતા વિદ્યાર્થીઓની યાદી

| ક્રમ | નામ | જિલ્લો |
|---|---|---|
| ૧ | બિરેનકુમાર જીવણભાઇ વાદી | સુરત |
| ૨ | પરેશકુમાર નટુભાઇ પટેલ | સુરત |
| ૩ | વરૂણકુમાર પ્રવિણભાઇ પટેલ | તાપી |
| ૪ | શ્રેયસકુમાર અનિલભાઇ ચૌધરી | સુરત |
| ૫ | પિયુષકુમાર કાંતિલાલ પટેલ | સુરત |
| ૬ | શંકરકુમાર તુકારામ સરનાયક | વલસાડ |
| ૭ | મેહુલકુમાર પ્રવિણભાઇ પટેલ | વલસાડ |
| ૮ | મિતાલીબેન હિતેશભાઇ પટેલ | વલસાડ |
| ૯ | રાજેશકુમાર ગુલાબભાઇ પટેલ | નવસારી |
| ૧૦ | વિપુલકુમાર નરોતમભાઇ પટેલ | નવસારી |
| ૧૧ | મુકેશકુમાર મનાભાઇ બિલવાળ | દાહોદ |

૨૦૧૫ (૮૩)

અનુસૂચિત જનજાતિના તેજસ્વી કારકિર્દી
ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ
માટે લોન આપવા બાબત..

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
સુધારા ઠરાવ ક્રમાંક-પીસેમએસ-૧૦૯૯-ન.બા.-૪૫-જ,
સચિવાલય, ગાંધીનગર.
તા- 25 NOV 2000

વંચાણે લીધા-આ વિભાગના તા.૭-૧૧-૨૦૦૦ ના ઠરાવ ક્રમાંક-પીસેમએસ-
૧૦૯૯-ન.બા.-૪૫-જ.

સુધારો :-

ઉપર આમુખમાં જણાવેલ આ વિભાગના તા.૭-૧૧-૨૦૦૦ ના ઠરાવના પેરા-૬ માં ક્રમાંક-(૧૪)માં "નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ ખાતું" શબ્દો ટાઈપ થયેલ છે તેને બદલે "કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ" શબ્દો સુધારીને વાંચવા, તથા બાકીનાં પેરા ક્રમાંક-૩, ૪ અને ૫ વાંચવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.,

રવાના કર્યું 25 NOV 2000 તારીખ સહી

(પી.બી.ચૌધરી)
નાયબ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,
મા.રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર(પત્ર દ્વારા),
મા.મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
મા.આદિજાતિ કલ્યાણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ,
અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર,
નિવાસી ઓડીટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી,
સર્વે [illegible] અધિકારીશ્રીઓ(આદિજાતિ),
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિકાસ).
નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ(આદિજાતિ વિકાસ)ની સર્વે શાખા-
ઓના [illegible] સિવાય),
પસંદગી ફાઈલ.

૧૦૫|૫

અનુ.જનજાતિના તેજસ્વી કારકિર્દી ધરાવતા
વિધાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન
આપવા બાબત..

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારી (આ.વિ.)વિભાગ
સુધારા ઠરાવ ક્રમાંક : પીએમએસ/૧૦૯૯/ન.બા.૪૫/ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૩૦/૦૫/૨૦૦૭

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૭/૧૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ
૨. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૨૩/૭/૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ/૨૦૦૧/૫૦૯/ગ
૩. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૬/૨/૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ
૪. આદિજાતિ વિકાસ વિભાગનો તા:૧૩/૧૦/૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃ પીએમએસ/૧૦૯૯/ન. બા-૪૫/ગ

પ્રસ્તાવના :-

આમુખમાં જણાવેલ આ વિભાગના વંચાણ ક્રમાંક (૧) તા:૧૭/૧૧/૨૦૦૦ (૨) તા:૨૩ / ૭/૨૦૦૧ના ઠરાવ અન્વયે અનુ. જનજાતિના તેજસ્વી વિધાર્થીઓને વિદેશમાં અભ્યાસ માટે લોન આપવા અંગેની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે તથા યોજના માં વંચાણ ક્રમાંક-(૩) અને (૪) ના સુધારા ઠરાવ બહાર પાડેલ છે ઉકત યોજનામાં અમલમાં કેટલીક જોગવાઇઓમાં ફેરફાર કરવાની બાબત રાજય સરકારની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાના અંતે આ યોજનામાં નીચે મુજબ સુધારો કરવાનું આથી ઠરાવવામાં આવે છે

સુધારા ઠરાવ :-

આમુખમાં જણાવેલ આ વિભાગના તા: ૧૭/૧૧/૨૦૦૦ના ઠરાવની શરતોમાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. શરત નં(૩)માં દરવર્ષે અનુ. જનજાતિના ૪૦ વિધાર્થીઓને આ યોજનાનો લાભ આપવામાં આવશે.

તેમજ શરત નં(૧૨) માં વંચાણ ક્રમાંક(૩)ના તા:૬/૨/૨૦૦૧ના ઠરાવમાં કરેલ સુધારામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે. " આ યોજનાના વિદેશમાં અભ્યાસ માટે ખરેખર થવાપાત્ર / થયેલ ખર્ચ અથવા રૂા.૧૦.૦૦ લાખ આ બેમાંથી જે ઓછી હોય તેટલી રકમની લોન વાર્ષિક ૪(ચાર) ટકાના વ્યાજના દરે આપવામાં આવશે.

આ સુધારો ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા:૧૮/૫/૦૭ નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

રવાના કર્યું
તારીખ 1 JUN 2007
સહી

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

- મા. રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, મા. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (આ.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી/(રા.ક) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ ગુજરાત અમદાવાદ/ રાજકોટ
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
- કાર્યપાલક નિયામકશ્રી, ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન,ગાંધીનગર.
- ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી ગાંધીનગર
  સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ(આ.વિ )
- સર્વે તકેદારી અધિકારીશ્રીઓ,(આ.વિ )
- નાણાં સલાહકારશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે શાખાઓ, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ,

અનુસૂચિત જાતિના ઉમેદવારોને કોમર્શીયલ પાયલોટ/લાઈસન્સની તાલીમ માટે નાણાંકીય સહાયમાં વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અજાક- ૧૩૦૬- ન.બા. ૧૦ - ગ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : - ૨૪-૩-૨૦૦૭

વંચાણમાં લીધા : -

(૧) ભૂતપૂર્વ સમાજ કલ્યાણ વિભાગનો તા. ૨૧-૧૦-૧૯૮૭ નો ઠરાવ ક્રમાંકઃ એસસીડબલ્યુ-૧૦૮૭-મુ.મ.૧૨૪૭-જ
(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૩૧-૩-૧૯૯૮ નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી-૨૦૯૭-૧૭૬-ઘ
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. ૧૪-૧૦-૧૯૯૯ નો ઠરાવ ક્રમાંકઃ એસ.સી.ડબલ્યુ-૧૦૯૮-ન.બા.-૧૬-ગ

ઠરાવ : -

આમુખમાં દર્શાવેલ ઠરાવોથી અનસૂચિત જાતિના વિધાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સની તાલીમ માટે રૂા. ૪.૦૦ લાખ સુધીની લોન વાર્ષિક ૪ ટકા વ્યાજના દરે આપવાની યોજના અમલમાં છે. આ લોનની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

૨. પુખ્ત વિચારણાને અંતે અનુસૂચિત જાતિના વિધાર્થીઓને કોમર્શીયલ પાયલોટ લાયસન્સની તાલીમ માટે હાલ આપવામાં આવતી રૂા. ૪.૦૦ લાખની લોનને બદલે રૂા. ૧૫.૦૦ લાખ ( અંકે રૂપિયા પંદર લાખ ) લોન આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. આમુખમાં દર્શાવેલ તા. ૨૧-૧૦-૧૯૮૭ ના ઠરાવથી નિયત કરવામાં આવેલ અન્ય શરતો યથાવત રહેશે.

( પાછળ )

(૪૩)

૪. આ યોજના માટે વર્ષ ૨૦૦૭-૨૦૦૮ ના અંદાજપત્રમાં કરવામાં આવેલ રૂા. ૪૪.૦૦ લાખની નવી બાબતની જોગવાઈને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૫. આ યોજના અંગેનું ખર્ચ તા. ૧-૪-૨૦૦૭ થી કરવાનું રહેશે.

૬. સને ૨૦૦૭-૨૦૦૮ ના વર્ષની બજેટ જોગવાઈને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૭. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૮. આ અંગેનું ખર્ચ સરકારશ્રી ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઈઓ અને લાગુ પડતા ધારા ધોરણેને આધિન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૯. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર : ૬૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ માટે લોન, પેટા મુખ્ય સદર: (૦૧) અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર : ૧૯૩- સ્વૈચ્છિક સંગઠનોને લોન, પેટા સદર : (૦૨) બીસીકે- ૧૪, પાયલોટ માટેની વ્યવસાયિક તાલીમ માટે લોન હેઠળ ઉધારવાનું અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

૧૦. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા. ૧૯-૩-૨૦૦૭ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( શ્રીમતિ એસ.આર. ભૂરિયા )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સર્વે જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી.
- સર્વે જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી ( પંચાયત )

<u>નકલ રવાના</u> : -

- મા. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવ, સચિવાલય , ગાંધીનગર
- મા. મંત્રીશ્રી, ( સા.ન્યા.) ના અંગત સચિવ, સચિવાલય , ગાંધીનગર
- મા. રા.ક.મંત્રીશ્રી, ( સા.શૈ.પ.વ.) ના અંગત સચિવ,સચિવાલય, ગાંધીનગર
- અગ્ર-સચિવશ્રી, સા.ન્યાય અને અ. વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય,
- ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય , અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારી, ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડિટ ઓફિસર ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય, ગાંધીનગર
- વિભાગની સર્વે શાખાઓ.
- નાયબ સેકશન અધિકારીની અંગત ફાઈલ.
- સિલેકટ ફાઈલ.